Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320 Valid upto 31-12-2026 Posting at RMS Ahmedabad

મંગળવાર, તા.૭ મે, ૨૦૨૪

7/5/2024 * VOL : 44 * NO. 233 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૧૪

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

## ૧૧ રાજ્ય અને દીવ-દમણમાં લોકશાહીનો ઉત્સવ

# ૯૩ બેઠકો પર આજે મતદાન

## ત્રીજા તબક્કામાં ૧૩૫૨ ઉમેદવારો મેદાનમાં

**(પ્રતિનિધી) નવી દિલ્હી,**
લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મંગળવારના રોજ ૧૧ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૯૩ બેઠક પર મતદાન થશે. અગાઉ ૯૪ બેઠક પર મતદાન થવાનું હતું, પરંતુ ગુજરાતની સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા છે. કોંગ્રેસના નિલેશ કુંભાણીનું ફોર્મ ૨૧ એપ્રિલે નામંજૂર કરવામાં આવ્યું હતું તેમજ ૮ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી હતી.

ચૂંટણીપંચના જણાવ્યા અનુસાર, ત્રીજા તબક્કામાં કુલ ૧૩૫૨ ઉમેદવાર મેદાનમાં છે. તેમાંથી ૧૨૨૯ પુરુષ અને ૧૨૩ (૯%) મહિલા ઉમેદવાર છે.

એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના અહેવાલ મુજબ, ૨૪૪ ઉમેદવાર ગુનાહિત છબિ ધરાવે છે. ૩૯૨ ઉમેદવાર પાસે ૧ કરોડ કે તેથી વધુની સંપત્તિ છે.

એડીઆર રિપોર્ટ દર્શાવે છે કે ૨૪૪ (૧૮%) ઉમેદવારો સામે ફોજદારી કેસ છે. એમાંથી ૧૭૨ (૧૩%)માં હત્યા, અપહરણ, બળાત્કાર જેવા ગંભીર કેસો પણ સામેલ છે. ૫ ઉમેદવાર સામે હત્યાના ૨૪ અને હત્યાના પ્રયાસના કેસ નોંધાયા છે.

દેશના ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગરથી ભાજપ વતી ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક ત્રીસ વર્ષથી ભાજપ પાસે છે. ભાજપના દિગ્ગજ નેતાઓ ૧૯૯૯થી અહીંથી જીતતા આવ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અમિત શાહ પહેલીવાર અહીંથી લડ્યા હતા અને લગભગ સાડાપાંચ લાખ મતોથી જીત્યા હતા. તો કોંગ્રેસે આ બેઠક પરથી પાર્ટી સેક્રેટરી સોનલ રમણભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યાં છે. તેઓ મુંબઈ અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં પાર્ટીનાં સહ-પ્રભારી છે. તેઓ ગુજરાત મહિલા કોંગ્રેસનાં પ્રમુખ પણ રહી ચૂક્યાં છે. તેમણે કહ્યું હતું કે ભાજપના વરિષ્ઠ નેતા સામે ચૂંટણી લડવામાં તેમને કોઈ સંકોચ નથી.

ભાજપે કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયાને મહાત્મા ગાંધીના જન્મસ્થળથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. વ્યવસાયે વેટરિનરી ડૉક્ટર એવા માંડવિયા ગુજરાતમાંથી બે વખત રાજ્યસભાના સાંસદ છે. ચૂંટણીપ્રચાર માટે કેન્દ્રીય મંત્રીએ લગભગ ૧૫૦ કિલોમીટરની પદયાત્રા કરી છે. તેમણે ભીડવાળા રોડ શોને ટાળીને પ્રચારની આ જૂની પદ્ધતિ અપનાવી છે. આ બેઠક પર પાટીદાર સમાજનો ઘણો પ્રભાવ છે, આથી કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય અને પાટીદાર નેતા લલિત વસોયાને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. પાટીદાર અનામત આંદોલનમાં સક્રિય રહેલા વસોયા ૨૦૧૯માં પણ કોંગ્રેસના ઉમેદવાર હતા.

જ્યોતિરાદિત્ય સિંધિયા ફરી એકવાર તેમની પરંપરાગત બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. સિંધિયા ૨૦૧૯માં તેમના ભૂતપૂર્વ સાથીદાર કેપી સિંહ સામે ચૂંટણી હારી ગયા હતા. જોકે એ વખતે તેઓ કોંગ્રેસમાં હતા. હારમાંથી બોધપાઠ લઈને સિંધિયાએ આ વખતે મેદાનમાં ખૂબ મહેનત કરી છે. તેમનો પુત્ર અને પત્ની પણ તેમની સાથે ચૂંટણીપ્રચારમાં વ્યસ્ત હતાં.

કોંગ્રેસે સિંધિયા પરિવારના રાજકીય વિરોધી રાવ યાદવેન્દ્ર સિંહને મેદાનમાં ઉતાર્યા છે. રાવ ૨૦૨૩ સુધી ભાજપમાં હતા. તેમના પિતા મુંગાવલી સીટથી ત્રણ વખત ભાજપના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે માધવરાવ સિંધિયા અને જ્યોતિરાદિત્ય સામે પણ ચૂંટણી લડી હતી. યાદવેન્દ્રએ સિંધિયાના નજીકના સાથી બ્રિજેન્દ્ર સિંહ સામે કોંગ્રેસની ટિકિટ પર ૨૦૨૩માં ચૂંટણી લડી છે. જોકે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.

મધ્યપ્રદેશમાં મામા તરીકે જાણીતા શિવરાજ સિંહ ચૌહાણ લગભગ ૨૦ વર્ષ બાદ ફરી વિદિશાથી ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૦૫માં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બનતાં પહેલાં તેઓ અહીંથી પાંચ વખત સાંસદ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ આ સીટના બુધની વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને સુષમા સ્વરાજ પણ અહીંથી ચૂંટણી જીત્યાં હતાં.



### કયા દિગ્ગજોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે ?

ત્રીજા તબક્કામાં કેટલીક પ્રતિષ્ઠાવંત બેઠકો માટે મતદાન યોજાનાર છે જેમાં ગાંધીનગરની બેઠકનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરની બેઠક પરથી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ચૂંટણી લડી રહ્યા છે અને તેમનું ચૂંટણી ભાવિ કાલે નક્કી થશે. આ ઉપરાંત કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા (પોરબંદર), પરષોત્તમ રૂપાલા (રાજકોટ), પ્રહ્‌લાદ જોશી (ધારવાડ), એસ.પી.સિંહ બઘેલ (આગ્રા), જ્યોતિરાદિત્ય સિંધિયા (ગુના), ડિમ્પલ યાદવ (મૈનપુરી), દિગ્વિજયસિંહ (રાજગઢ), મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણ (વિદિસા) સહિતના અનેક દિગ્ગજ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

### આજે કયા રાજ્યની કેટલી બેઠક પર મતદાન

આસામ ૪, ગોવા ૨, મધ્યપ્રદેશ ૮, પશ્ચિમ બંગાળ ૪, બિહાર ૫, ગુજરાત ૨૫, મહારષ્ટ્ર ૧૧, દમણ અને દીવ ૨, છત્તીસગઢ ૭, કર્ણાટક ૧૪, ઉત્તરપ્રદેશ ૧૦, જમ્મુ-કાશ્મીર ૧

# નાગરિકોના રૂપિયા લૂંટનાર જેલમાં જશે: મોદી

## ઝારખંડમાં રોકડ મળવા પર વડાપ્રધાનની સ્પષ્ટ વાત

**(એજન્સી) ભુવનેશ્વર,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશાના નબરંગપુરમાં રેલી દરમિયાન એક મોટું નિવેદન આપ્યું છે. વાત જાણે એમ છે કે, ઝારખંડના મંત્રી આલમગીર આલમનાઁજીના નોકરના ઘરેથી મળી આવેલી ચલણી નોટોના ઢગલા પર રાજકારણ ગરમાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં રોકડ મળવા પર કહ્યું, હું એક રૂપિયો મોકલીશ તો પણ હું તમને ખાવા નહીં દઉં. જે ખાશે તે જેલમાં જશે અને ખાશે. જેલની રોટલી ચાવશે. આજે તમે ઘરે જાવ તો ટીવી પર જુઓ આજે પડોશમાં (ઝારખંડ) તમને નોટોના પહાડ જોવા મળશે. મોદી માલ પકડી રહ્યા છે. ત્યાં ચોરી અટકી ગઈ છે. તેમની લૂંટફાટ બંધ કરી. હવે મોદીને ગાળો આપીશું કે નહીં? દુર્વ્યવહાર થયા પછી મારે કામ કરવું જોઈએ કે નહીં? તમારા હકના પૈસા બચાવવા જોઈએ કે નહીં?

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ઝારખંડના રાંચીમાં ઘણી જગ્યાએ દરોડા પાડીને મોટી રકમની રોકડ જપ્ત કરી છે. ઈડીએ ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી જંગી રોકડ જપ્ત કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ રોકડ ૨૦ થી ૩૦ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે. નોટ ગણવાના મશીનો મંગાવવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશામાં કહ્યું કે, નબરંગપુરથી છત્તીસગઢનું અંતર ૫૦-૬૦ કિલોમીટર છે. ત્યાં ભાજપ સરકાર ૩,૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ડાંગર ખરીદે છે. જ્યારે અહીં ઓડિશામાં તેને માત્ર ૨,૧૦૦ રૂપિયામાં ખરીદવામાં આવે છે. ઓડિશા મ્તઁએ જાહેરાત કરી છે કે, ભાજપ સરકારની રચનાના બીજા જ દિવસે ૩૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ડાંગર ખરીદવામાં આવશે.

આ પહેલા ઓડિશાના બેરહામપુરમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, ગઈકાલે હું ભગવાન રામની નગરી અયોધ્યામાં હતો. ત્યાં રામલલા અને અયોધ્યાવાસીઓના દર્શન કર્યા. આજે હું અહીં મહાપ્રભુ જગન્નાથની ભૂમિ પર આવ્યો છું. હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. આ વખતે ઓડિશામાં એક સાથે બે યજ્ઞો થઈ રહ્યા છે. એક યજ્ઞ દેશમાં ભારતમાં મજબૂત સરકાર બનાવવાનો છે અને બીજો યજ્ઞ ઓડિશામાં ભાજપની આગેવાની હેઠળની મજબૂત રાજ્ય સરકાર બનાવવાનો છે.

## અનામતમાં ૫૦%ની લિમિટ દૂર કરીશું: રાહુલ ગાંધી

**(એજન્સી) રતલામ,**
આ વખતની ચૂંટણીમાં બંધારણ અને અનામતના મુદ્દા છવાયેલા છે ત્યારે રાહુલ ગાંધીએ એક ચૂંટણી સભામાં જાહેરાત કરી છે કે અનામત માટે સુપ્રીમ કોર્ટે ૫૦ ટકાની લિમિટ નક્કી કરી છે તેને અમે દૂર કરીશું. રાહુલે કહ્યું કે સમુદાયોને જે મુજબ અનામતની જરૂરિયાત હશે તે પ્રમાણે અનામત આપીશું. મધ્ય પ્રદેશમાં રતલામ ખાતે એક ચૂંટણી સભાને સંબોધીને રાહુલ ગાંધીએ આ જાહેરાત કરી હતી. તેમણે દાવો કર્યો કે આ લોકસભાની ચૂંટણી બંધારણને બચાવવા માટે લડાઈ રહી છે. દેશમાં જાતિ આધારિત અનામત માટે સુપ્રીમ કોર્ટે ૫૦ ટકાની મર્યાદા નક્કી કરી છે અને તેનાથી વધારે અનામત આપી શકાય તેમ નથી. પરંતુ રાહુલ ગાંધીએ આ મર્યાદાને દૂર કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે દલિતો, પછાત વર્ગ અને આદિવાસી સમુદાયોના લાભ માટે અનામતનો ક્વોટા વધારવામાં આવશે. બંધારણની નકલ પોતાના હાથમાં પકડીને તેમણે કહ્યું કે આરએસએસ અને ભાજપ આ દેશના સંવિધાનને ખતમ કરવા માગે છે, તેને બદલવા માગે છે. જ્યારે કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોક તેને બચાવવા માટે પ્રયાસ કરે છે. આ બંધારણે તમને જળ, જંગલ અને જમીનનો અધિકાર આપ્યો છે. નરેન્દ્ર મોદી તેને દૂર કરવા માગે છે. તેમને સંપૂર્ણ સત્તા જોઈએ છે.

તેમણે કહ્યું કે ભાજપના નેતાઓએ જાહેરાત કરી છે કે તેઓ ચૂંટણી જીતી જશે તો દેશનું બંધારણ બદલી નાખશે. તેથી તેમણે ૪૦૦ સીટનું સ્લોગન આપ્યું છે. પરંતુ ૪૦૦ તો ભૂલી જાવ તેમને ૧૫૦ સીટ પણ નહીં મળે.

# કેજરીવાલ વિરુદ્ધ એનઆઈએ તપાસની ભલામણ

**(એજન્સી) નવી દિલ્હી,**
હવે એનઆઈએ દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ તેની પકડ વધુ કડક કરવા જઈ રહી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ એનઆઈએ ાસની ભલામણ કરી છે. દિલ્હીના એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં સીએમ કેજરીવાલ વિરુદ્ધ એનઆઈએ તપાસની ભલામણ કરી છે. તેમણે ગૃહ મંત્રાલયને પત્ર લખીને આ માંગણી કરી છે. ગૃહ મંત્રાલયને લખેલા પત્રમાં, તેમણે જણાવ્યું હતું કે આરોપો સીએમ વિરુદ્ધ છે અને ભારતમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તરફથી રાજકીય પક્ષને લાખો ડોલરના કથિત ભંડોળ સાથે સંબંધિત છે, ઈલેક્ટ્રોનિક ઉપકરણ ફરિયાદાની દ્વારા રજુ કરવામાં આવેલ ફોરેન્સિક તપાસ સહિત અન્ય તપાસની પણ જરુર છે. એલજીને દેવેન્દ્ર પાલ ભુલ્લરની મુક્તિ અને ખાલિસ્તાની તરફી ભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે ખાલિસ્તાની જૂથ શીખ્સ ફોર જસ્ટિસ પાસેથી યુએસ ૧૬ મિલિયન ડોલર મેળવવા બદલ આપ વિરુદ્ધ ફરિયાદ મળી હતી. વીકે સક્સેનાએ જાન્યુઆરી ૨૦૧૪માં ગૃહ મંત્રાલયમાં કેજરીવાલ દ્વારા ઈકબાલ સિંહને લખેલા એક પત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ×આપ સરકારે પહેલાથી જ રાષ્ટ્રપતિને પ્રોફેસર ભુલ્લરને મુક્ત કરવાની ભલામણ કરી છે અને એસઆઈટીની રચના સહિત અન્ય મુદ્દાઓ પર સહાનુભુતી પુર્વક અને સમયબદ્ધ રીતે. કામ કરશે. આ ફરિયાદ વર્લ્ડ હિન્દુ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય મહાસચિવ આશુ મોંગિયા અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાર્યકર મુનીશ કુમાર રાયજાદાએ કરી હતી. દેવિન્દર પાલ સિંહ ભુલ્લર ૧૯૯૩ના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં દોષી છે.

## ઝારખંડમાં મંત્રીના પીએસના નોકરના ઘરેથી ચલણી નોટોનો ઢગલો મળ્યો



**(એજન્સી) નવી દિલ્હી,**
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાંચી, ઝારખંડમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે અને મોટી રકમની રોકડ જપ્ત કરી છે. ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જંગી રોકડ જપ્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૩૦ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવામાં આવી હોવાનો અંદાજ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ ફેબ્રુઆરી ૨૦૨૩ માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે, કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં કેસ કર્યો હતો. રામની ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું માનવું છે કે આ કાળા નાણાંનો એક ભાગ છે. થોડા દિવસ પહેલા જ જ્યારે પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા ત્યારે તેમણે ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ કાર્યવાહી તેમની રેલીના થોડા દિવસો બાદ થઈ છે જેમાં મોટી રકમની રોકડ મળી આવી છે.આલમગીર આલમ પાકુર વિધાનસભાથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી છે.









# પાણીથી ઘેરાયેલા આલિયાબેટના મતદારો માટે શિપિંગ કન્ટેનરમાં ઉભું કરાયું મતદાન મથક

ભરૂચઃ લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણીઓમાં પ્રત્યેક મત અને પ્રત્યેક મતદાતાનું આગવું મહત્વ રહેલું છે. એક એક મત દેશનું ભાવિ ઘડવામાં અને લોકતંત્રને મજબૂત બનાવવામાં નિમિત્ત બને છે,

ત્યારે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલા અંતરિયાળ તેમજ ચોતરફ પાણીથી ઘેરાયેલા આલિયા બેટના ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૫૪ મતદારો માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણી માટે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરાયું છે.

અરબી સમુદ્ર અને નર્મદા મૈયાના સંગમ સ્થાને આવેલા આલિયા બેટના મતદારો માટે ગત વિધાનસભા ચૂંટણી બાદ ફરી એક વાર વિશેષ વ્યવસ્થા કરાશે. જેના કારણે મતદારો ઘરઆંગણે જ પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ જ કારણ છે કે ભારતીય ચૂંટણી પંચનો 'એવરી વોટ કાઉન્ટસ'-(પ્રત્યેક મતનું આગવું મહત્વ)'નો અભિગમ અને લોકશાહીમાં મતાધિકારની મહત્તા આ પ્રકારના મતદાતાલક્ષી પગલાઓથી સાર્થક થઈ રહ્યા છે.

વર્ષ ૧૯૫૧-૫૨માં દેશભરમાં યોજાયેલી પ્રથમ ચૂંટણી અને ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સુધી ૭૦ વર્ષ દરમિયાન યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય, લોકસભા-વિધાનસભા ચૂંટણીઓમાં મતદારો નાવડીમાં સવાર થઈને આલિયાબેટથી જમીન માર્ગે ૮૨ કિલોમીટર અને જળમાર્ગે ૧૫ કિમી દૂર આવેલા કલાદરા ગામમાં મતદાન કરવા જતાં હતાં. ઘણી વાર નદીનું જળસ્તર ઘટી જાય તો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદારોને એસ.ટી.બસમાં લઈ જવામાં આવતા હતા.

રાજ્યના ભરૂચ જિલ્લામાંથી વહેતી અને અરબી સમુદ્રમાં ભળી જતી નર્મદા નદીના ત્રિકોણ પ્રદેશમાં વાગરા તાલુકામાં આવેલા આલિયા બેટની લંબાઈ ૧૭.૭૦ કિમી અને પહોળાઈ ૪.૮૨ કિમી છે. ૨૨,૦૦૦ હેકટર ક્ષેત્રફળ ધરાવતો આલિયાબેટ જમીન માર્ગે હાંસોટ સાથે જોડાયેલો છે, પણ કલાદરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં જોડાયેલ હોવાથી તે ૧૫૧-વાગરા વિધાનસભા મતવિસ્તારમાં ૬૮-કલાદરા-૦૨ માં આવે છે. ૨૦૨૧ની તાલુકા પંચાયત ચૂંટણીમાં પહેલી વખત મતદાન કેન્દ્ર ફાળવાતા ૨૩૦ માંથી ૨૦૪ મતદારોએ મતદાન કર્યું હતું. ગત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨માં બેટવાસીઓ ઘરઆંગણે જ સરળતાથી મતદાન કરી શકે એ માટે જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લા ચૂંટણી તંત્રએ સૌપ્રથમ વાર આલિયા બેટમાં જ વિશેષ બનાવટવાળા શિપિંગ કન્ટેનરમાં મતદાન બુથ ઉભું કર્યું હતું.

જેની નોંધ ભારતીય ચૂંટણી પંચે લીધી હતી અને આ લોકાભિમુખ પ્રયાસની સરાહના કરી હતી. ભરૂચ જિલ્લાના અંતરિયાળ આલિયાબેટના ભૌગોલિક સ્થાનના કારણે રાજ્ય કે કેન્દ્ર સરકારની સરકારી બિલ્ડીંગ ઉપલબ્ધ ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન કરવા માટે હંગામી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં આગામી તા.૭ મી મે ના રોજ મતદારો સામૂહિક મતદાન કરી લોકશાહીની ફરજ બજાવવા ઉત્સુક છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ કન્ટેનરને પ્રાથમિક સ્કુલમાં તબદીલ કરી દેવામાં આવે છે, જેમાં હાલ બેટના ૫૦ જેટલા બાળકોને શિક્ષણ અપાઈ રહ્યું છે. સોલર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વિજળીથી કન્ટેનરના ટ્યુબલાઈટ અને પંખા ચાલે છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આલિયા બેટ ભરૂચ જિલ્લાનો અંતરિયાળ ટાપુ છે, જેમાં ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણીલક્ષી મૂળભૂત સુવિધાઓ ઉભી કરવામાં આવી છે,

અને હજુ પણ જરૂરિયાત મુજબ વિસ્તારિત સુવિધાઓ પૂરી પાડવા માટે પણ અમે પ્રતિબદ્ધ છીએ. ચૂંટણી પંચના ધ્યેયસૂત્ર 'દ્ર ફીર્ં હ્રી ક્ષીકં હ્રીરૈહદ્ધ' માંથી પ્રેરણા મેળવીને વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીથી આલિયા બેટમાં જ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કર્યું છે, જેના કારણે મતદારોને દૂર સુધી મત આપવામાં પડતી મુશ્કેલી-અસુવિધાઓ દૂર થઈ છે. બેટમાં રહેતા અને જત સમુદાયના અગ્રણી શ્રી મહંમદભાઈ હસન જત જણાવે છે કે, જિલ્લા ચૂંટણી તંત્ર શિપિંગ કન્ટેનરમાં બુથ ઉભું કરી અમારા ઘરઆંગણે મતદાન માટે આગવી સુવિધા ઉભી કરે છે, જે અભિનંદનીય છે. આ સુવિધા ન હતી ત્યારે મતદાન માટે બોટમાં કલાદરા ગામે જતા એ સમયે સવારે ૧૦.૦૦ વાગ્યા પછી ભરતીના પાણી ઉતરી જતાં બોટ ચાલી શકે તેવી સ્થિતિ રહેતી ન હતી.

મત આપીને પાછું આવવું હોય તો સાંજે ૫.૦૦ વાગ્યે ફરી ભરતી આવે તેની રાહ જોવી પડે અથવા ૮૨ કિમી જેટલો ચકરાવો લેવો પડે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તંત્ર દ્વારા આલિયાબેટના મતદારો માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આલિયાબેટથી હાંસોટ થઈ ભરૂચ અને વાગરા ખાતે મતદારોને લઈ જવામાં આવ્યા હતા. મતદાર હનીફાબેન અલીભાઈ જત જણાવે છે કે, ગત વિધાનસભા ચૂંટણીમાં અમે સૌએ સાથે મતદાન કર્યું હતું. અમે મહિલાઓ અલ્પશિક્ષિત છીએ. બેટમાં રહેતી મહત્તમ મહિલાઓ અશિક્ષિત છે, છતાં પણ અમે અચૂક મતદાન કરી અમારી દેશ પ્રત્યેની ફરજ નિભાવીએ છીએ. રાજ્ય અને દેશના તમામ મતદારો અને ખાસ કરીને શિક્ષિત મતદારોએ અવશ્ય મતદાન કરવું જોઈએ.

### ૩૫૦ વર્ષ પહેલા કચ્છથી પશુધન સાથે આવીને આલિયા બેટમાં વસ્યા હતા ફકીરાણી જત જાતિના ૫૦૦ નાગરિકોની વસ્તી આલિયાબેટમાં



ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલા અંતરિયાળ આલિયા બેટમાં ૧૩૯ પરિવારોના ૨૫૪ મતદારો લોકશાહીના ધબકારને જીવંત રાખશે

**કચ્છથી ૩૫૦ વર્ષ પહેલાં ફકીરાણી જત જાતિના લોકો પશુધન સાથે આલિયાબેટ આવી વસ્યા હતાઃ પશુપાલન એકમાત્ર વ્યવસાય**

બેટમાં વસતા અને કચ્છી ભાતીગળ સંસ્કૃતિ, પહેરવેશ અને ખાનપાનને આજે પણ વળગી રહેલા ૫૦૦ જેટલા ફકીરાણી જત જાતિના લોકો કચ્છથી ૩૫૦ વર્ષ પહેલાં રોજીરોટીની શોધમાં પશુધન સાથે વાગરા તાલુકાના આલિયા બેટ પર આવીને વસ્યા હતા. આલિયાબેટના ૧૩૯ પરિવારોના ૫૦૦ સ્ત્રી-પુરૂષો, બાળકો પશુપાલન સાથે સંકળાયેલા છે.

તેઓની પાસે ૧૨૦૦ થી વધુ ભેંસો અને ૬૦૦ ઊંટ છે. ભરૂચના ગામડાઓમાં દૂધનું વેચાણ એ તેમની મુખ્ય આજીવિકા છે. હાંસોટ તાલુકામાં દૂધ વેચાણ સહિત શહેરા ડેરીમાં દૂધ જમા કરાવે છે. અગાઉ કાવડમાં દૂધ ભરીને પરિવહન કરતા, ત્યારબાદ સાયકલ, બાઈક અને ટેમ્પો ટ્રાવેલર દ્વારા દૂધને વેચાણ માટે લઈ જવામાં આવે છે.

**ચોમાસામાં ૩ થી ૪ મહિના ભરૂચના ભાડભૂત સાથે જળમાર્ગ એકમાત્ર રસ્તો**

સ્થાનિકો ૯ મહિના ખૂબ જ મુશ્કેલ ગણાતા રસ્તા મારફતે હાંસોટ સાથે જોડાય છે, જ્યારે ચોમાસામાં ૩ થી ૪ મહિના ભરૂચના ભાડભૂત સાથે જળમાર્ગ એકમાત્ર રસ્તો રહે છે. એક તરફ નર્મદા નદી અને બીજી તરફ અરબી સમુદ્ર તેમજ ખંભાતનો અખાત એટલે અહીંની જમીન બિનઉપજાઉ છે. ઉબડખાબડ માર્ગે બેટમાં પહોંચી શકાય છે. વર્ષોથી બેટમાં રહેતો મુસ્લિમ જત સમુદાય હજુ પણ પોતાની આગવી સંસ્કૃતિ સાચવીને ટકી રહ્યો છે.

(ખાસ અહેવાલઃ પરેશ ટાપણીયા, સહયોગઃ ભાવના વસાવા)

# ગુજરાતમાં ૩૫ મુસ્લિમ ઉમેદવાર ચુંટણી મેદાનમાં, કોંગ્રેસમાંથી એક પણ નહીં

**(એજન્સી)અમદાવાદ,**

લોકસભા ચુંટણીને લઈને રાજકીય પક્ષોએ કમર કસી છે. જોરશોરથી કરાઈ રહેલો પ્રચાર આજથી બંધ પડયો છે. તમામ રાજકીય પક્ષો દ્વારા જાતી કે ધર્મના નામ પર મત લેવાનો પ્રયાસ કરાયો છે. ત્યારે રસપ્રદ વાત એ છેકે ગુજરાતમાં ૩૫ મુસ્લીમ ઉમેદવારો લોકસભા ચુંટણી લડી રહયા છે. અને તે પણ મોટા ભાગના ઉમેદવાર અપક્ષ ચુંટણી લડી રહયા છે. અથવા તો નાની પાટીઓએ તેમને મેદાનમાં ઉતાર્યા છે. રાષ્ટ્રીય પક્ષોમાં માત્ર બહુજન સમાજ પાર્ટી બસપા એ ગાંધીનગરથી એક મુસ્લીમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.

જોકે, આ વખતે કોગ્રેસે પણ પોતાની પરંપરા તોડતા આ સમુદાયયથી એક વ્યકિતને પણ ટીકીટ નથી આપી. આ સમગ્ર મામલે કોગ્રેસે દલીલ કરતા કહયું કે, ભરૂચ લોકસભા બેઠક દર વખતે મુસ્લીમ ઉમેદવારને ઉતારતા હતા. આ વખતે વિપક્ષી ગઠબંધન વચ્ચે બેઠક વહેચણીની સમજુતીને લઈને આમ આદમી પાર્ટીને આ બેઠક આપવામાં આવી છે. ગુજરાત કોગ્રેસના અલ્પસંખ્યક વિભાગના અધ્યક્ષ વઝીરખાન પઠાણના કહેવા મુજબ, પાર્ટી રાજયમાં લોકસભા ચુંટણીમાં મુસ્લીમ સમુદાયથી ઓછામાં ઓછા એક ઉમેદવારને મેદાનમાં ઉતરાતી હતી. પરંતુ આ વખતે આ એટલા માટે સંભવ ન થઈ શકયું કારણ કે આ બેઠક આપના ખાતામાં ગઈ છે કોગ્રેસ ગુજરાતમાં એક બેઠકથી ઉમેદવાર ઉતારવાની રજુઆત કરી હતી પરંતુ જીતની સમુદાયના સભ્યોએ ના પાડી દીધી. કોઈ અન્ય બેઠકથી મુસ્લીમ ઉમેદવારના ચુંટણી લડવાની કોઈ શકયતા નથી. અમદાવાદ પશ્ચિમ અને કચ્છમાં મુસ્લીમ વસ્તીવળી બેઠક અનુસુચિત જાતિના ઉમેદવાર માટે અનામત છે. ચુંટણી પંચના આંકડા અનુસાર આ વખતે ગુજરાતની ૨૬માંથી ૨૫ બેઠકો પર થનારી લોકસભા ચુંટણીઓમાં ૩૫ મુસ્લીમ ઉમેદવાર મેદાનમાં છે. જયારે ૨૦૧૯માં આ સમુદાયમાંથી ૪૩ ઉમેદવાર મેદાનમાં હતાં.

**બહુજન સમાજ પાર્ટીએ ગાંધીનગરથી એક મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા**

# શહેર પોલીસ લાઈનમાં ચાલતા ૧૨ બાળમંદિર બંધ કરી દેવાયા

**(એજન્સી)અમદાવાદ,**

અમદાવાદ શહેરમાં પોલીસ લાઈનમાં કાર્યરત ૧૨ જેટલા બાળમંદીર બંધ કરી દેવાતા પોલીસના સંતાનોને હાલાકી પડી રહી છે. 'સૌ ભણે સૌ આગળ વધે' નું સરકારી સુત્ર આ રીતે સાર્થક થશે તેને લઈને પોલીસ બેડામાં સવાલો ઉઠયા છે. અત્યાર સુધી બાલમંદીરમાં નિશુલ્ક અભ્યાસ કરાવતો હતો હવે મોઘવારીના સમયમાં ખાનગી પ્લે ગ્રુપ અને કે.જી.ની. સંસ્થાઓમાં બાળકોને મુકવાના થતા તોતીગ ખર્ચે ઉઠાવવાની ક્ષમતા ફીકસ પેમાં નોકરી કરતા પોલીસે જવાનોમાં ન હોવાનો સુર ઉઠયો છે. ૧૭ પોલીસ લાઈનમાંથી માત્ર હેડ કવાર્ટર, માધુપુરા, અમરાઈવાડી, ગા.હવેલી અને ગોમતીપુર મીની મથકમાં આવેલી પોલીસ લાઈનોમાં બાલ મંદીર ચાલી રહયાની વિગતો મળી છે. આ સિવાયના તમામ પોલીસ લાઈનમાં બાળ મંદીર બંધ કરી દેવાયા છે. અહી ચાલતા ઈંગ્લીશ સ્પીકીગ અને સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસો પણ બંધ કરી દેવાયા છે. જેના કારણે પોલીસના સંતાનો અને મહીલાઓને ખુબ તકલીફ પડી રહી છે. કોરોના કાળની શરૂઆતને પગલે બંધ થયેલા બાલ મંદીરો તેમજ કોચીક કલાસો કોરોના ગયા બાદ નવી પોલીસ લાઈનમાં આ કોન્સેપ્ટનો છેદ ઉડાડી દેવાયો છે. હાલમાં એલઆરડી જવાન અને પોલીસ બેડામાં નવી અને જુની સહીતની તમામ પોલીસ લાઈનમાં બાળ મંદીર શરૂ થાય તેવી માંગ ઉઠી છે.

**બાંગ્લાદેશના સાંસદની ડાયરેક્ટ ફલાઈટની ડિમાન્ડ**

# બાંગ્લાદેશીઓ શહેરમાં સારવાર કરાવવા આવે તેવા પ્રયાસ કરાશે

**(એજન્સી)અમદાવાદ,**

બાંગ્લાદેશના લોકોને મેડીકલ સારવાર મળી રહે તે માટે બાંગ્લાદેશના સાંસદ સભ્ય મોહીત ઉર રહેમાન રવીવારે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. તેમણે અમદાવાદમાં બાંગ્લાદેશના લોકોને સારવાર મળે તે તેનો ફાયદો લોકોને અને સ્થાનીક સરકારને થવાનું જણાવ્યું હતું તેમણેકે, બાંગ્લાદેશમાંથી મેડીકલ સારવાર માટે ભારતમાં વર્ષે લાખો લોકો આવે છે. જેઓ સૌથી વધારે દિલ્હીમાં સારવાર મેળવે છે. જો અમદાવાદથી ડાયરેકટ બાંગ્લાદેશની ફલાઈટ શરૂ થશે તો અમદાવાદમાં સારવાર માટે લોકો આવી શકશે.

આ અંગે ગુજરાત ટુરીઝમ પણ સપોર્ટ કરીને શહેરમાં બાંગ્લાદેશના લોકોને સારવારમળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાલમાં બાંગ્લાદેશથી ન્યોરોલોજી, કાર્ડીયાકની સારવાર માટે લોકો ભારતમાં આવે છે. આ અંગે ન્યુએરા મેડીકલ ટુરીઝમના સીએમડી મીલન પરીખે જણાવ્યું હતું કે, બાંગ્લા દેશથી લોકો મેડીકલ સારવાર માટે અમદાવાદ આવે તે માટે ત્યાંના વડાપ્રધાન શેખ હસીના સાથે બેઠક કરવા માટે અમે જવાના છીએ. જેનાથી અમદાવાદમાં એક મેડીકલ ટુરીઝમને સારો સપોર્ટ મળશે. ન્યુએરા મેડીકલ ટુરીઝમ માત્ર બાંગ્લાદેશ સાથે જ નહી પરંતુ તાંઝાનીયા, યુએસએ, યયુકે. અને ઓમાન જેવા દેશો સાથે પણ સક્રિયપણે ભાગીદારી કરી રહયું છે.

**હીટવેવ કેટલું ઘાતક નીવેડ છે તેના પર સરવે**

# સતત બે દિવસ હીટવેવ રહે તો જીવનું જોખમ ૧૪.૭ ટકા વધી જાય છે

**નવી દિલ્હી,**

ઉનાળો આવે એટલે હીટવેવનું એલર્ટ આવે છે. હીટવેવ એટલું ઘાતક હોય છે લોકોનો જીવ પણ જાય છે. હીટવેવ કેટલું ઘાતક નીવેડ છે તેના પર એક રસપ્રદ સરવે કરાયો છે. હીટવેવ અને હીટ સ્ટ્રેસની અસર પર પહેલીવાર વિગતવાર માહિતી મેળવાઈ છે. જેમાં એક્સપર્ટે એવુ સોલ્યુશન આપ્યું કે, સતત બે દિવસ હીટવેવથી જીવનું જોખમ ૧૪.૭ ટકા વધી જાય છે.

આઈએમડીના અનુસાર, મે મહિનામાં રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મરાઠવાડા, તેમજ ગુજરાતના વિવિધ ભાગોમાં અંદાજે ૧૦ દિવસ એવા હશે, જેમાં અતિથી ભારે હીટવેવની અગાહી આવશે. હીટવેવ બાબતે મે મહિનો એપ્રિલ મહિનાનો પણ રેકોર્ડ તોડી દેશે. આ મહિને તાપમાન સામાન્ય કરતા વધુ રહેશે. આ આગાહીને કોઈ નાનીસૂની આગાહી ન ગણતા. કારણ કે, આ આગાહી લોકોનો જીવ પણ લઈ શકે છે. દેશના અનેક શહેરોમાં હીટવેવની સ્થિતિ છે.

હીટવેવ વિશે એક્સપર્ટસે કહ્યું કે, હીટવેવને કારણે જીવનું જોખમ વધી જાય છે. સ્વીડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્વાર્યનમેન્ટ મેડિસીન, નવી દિલ્હીના સેન્ટર ફોર ક્રોનિક ડિસીસ કન્ટ્રોલ, સેન્ટર ફોર પોલિસી રિસર્ચ વગેરેના સંશોધનથી નિષ્કર્ષ સામે આવ્યું છે. જો હીટવેવ ૨ દિવસથી વધુ ચાલે તો મૃત્યની શક્યતા ૧૪.૭ ટકા વધી જાય છે. સંશોધન માટે વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૯ સુધીના ડેટા ચેક કરવામાં આવ્યા હતા. જેમાં અંદાજે ૧૧૧૬ લોકોના હીટવેવથી મોત થયા છે.

તાપમાનમાં ૧ થી ૪ ડિગ્રી વધારે રહે છે. ત્યારે પણ જીવનું જોખમ રહેલું છે. તેને હીટ સ્ટ્રેસ કહેવામાં આવે છે.

સ્વાસ્થય પર ખરાબ અસર પડે છે. આંકડા અનુસાર, ૨૦૦૮ થી ૨૦૧૯ વચ્ચે દેશના ૧૦ શહેરોમાં ૧૬૮ વખત હીટવેવ આવી છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૨૮ વખત અને હૈદરાબાદમાં ઓછામા ઓછા ૮ વાર હીટવેવ આવ્યું છે. હીટવેવ એક દિવસ હોય તો મોતનું પ્મરાણ ૧૨.૨ ટકા વધી જાય છે. અને હીટવેવ સતત રહે તો આંકડો વધીને ૧૪.૭ ટકા થઈ જાય છે.

**સતત ટ્રાફિકને કારણે વકીલો, પક્ષકારોને હાલાકી**

# મ્યુનિ. પરીસરમાં કાર્યરત મેટ્રો કોર્ટ ઘીકાંટા બિલ્ડિંગમાં ખસેડવા માંગ

**(એજન્સી)અમદાવાદ,**

દાણાપીઠ મ્યુનિ.કોર્પોરેશન પરીસરમાં કાર્યરત કોર્ટ નં.૬માં વિવિધ પોલીસ સ્ટેશનની હકુમત ધરાવતી વચ્ચે મેટ્રો કોર્ટના ક્રિમીનલ કેસો ખસેડાતા વકીલોમાં રોષ ફેલાયો છે. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ ક્રિમીનલ કોર્ટ બાર એસોસીએશનની તાકીદ મળેલી સાધારણ સભામાં સખત શબ્દોમાં વિરોધ કરાયો હતો. અને મ્યુ. કોઠામાં કાર્યરત મેટ્રો કોર્ટ નં.૬ તાત્કાલીક ધોરણે ઘીકાંટા કોર્ટટ બિલ્ડીગના બીજા માળે ખાલી પડેલી કોર્ટમાં ખસેડવાની માગ કરાઈ છે.

બાર એસોસીએશનના પ્રમુખ ભરત શાહે જણાવ્યું હતું કે, મ્યુનિ. પરીસરમાં મેટ્રો કોર્ટ નં.૬ કાર્યરત છે. તે કોર્ટમાં ઘી કાંટા બિલ્ડીંગમાં કાર્યરત મેટ્રો કોર્ટટ નં.૯,૧૧,૨૧ ૧૬ અને ૨૫ની કોર્ટમાંથી કુલ ૪૫૦ ક્રિમીનલ કેસો મોકલાયયા છે. ઘીકાંટાથી મ્યુનિ.૨ કિલો મીટર દુર છે. સતત ટ્રાફીકથી ઘેરાયેલા આ રોડ પરથી વકીલોને મ્યુનિ.ની કોર્ટમાં આવવા જવામાં ઘણી હાલાકી થાય છે. આ સિવાય ચેક રીટર્નની કોર્ટ લાલદરવાજા ખાતે આવેલા અપના બજારમાં કાર્યરત છે. આથી વકીલોને તેમના જુદા જુદા કેસો માટે ઘી કાંટા, અપના બજાર અને મ્યુ.કોર્પોરેશન જવું પડશે. જેના કારણે વકીલો અને પક્ષકારોને હાલાકી થશે.

# શહેરમાં અનેક જગ્યાએ કાળું-ગંધાતું પાણી આવતું હોવાની ફરીયાદો યથાવત

**(એજન્સી)અમદાવાદ,**

શહેરીજનોને પીવા માટે નર્મદાના શુધ્ધ નીર પુરા પાડવાનાં દાવા કરતાં મ્યુનિ.ઈજનેર ખાતાની ઘોર બેદરકારીનાં કારણે જ શહેરમાં અનેક જગ્યાએ સવારનાં પહોરમાં શુધ્ધ પાણીને બદલે ગટરનાં કાળાં-ગંધાતા પાણી આવતાં હોવાની ફરયયાદોના અંત આવતો નથી. દાણીલીમડાની એક ચાલીમાં આવું અત્યંત પ્રદુષીત પાણી આવતું હોવાની પુરાવા સાથે ફરીયાદ થતાં ઈજનેર અને હેલ્થ ખાતુ દોડતાં થયાં છે.

મ્યુનિ.કોગ્રેસ પક્ષનેતા શેહદખાન પઠાણે શાસક ભાજપ અને વહીવટીતંત્ર ઉપર પ્રહારો કરતા કહયું કે શહેરીજનોને નર્મદાના શુધ્ધ જળ પુરુ પાડવા માટે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને પાણીની ટાંકીઓ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરનારા સત્તાધીશો દરેક વોર્ડ વિસ્તારમાં પાણીની નવી લાઈનો નાખવા માટે સક્ષમ નથી. તદઉપરાંત ડ્રેનેજ ડીસીલ્ટીંગનાં કામોમાં આંખ આડા કાન કરી વહીવવટ સેરવી લેતાં ઈજનેર ખાતાના કર્મચારીઓઅ ગેરકાયદે જોડાણોમાંથી પણપ મલાઈ તારવે છે. તેના કારણે જ પ્રદુષીત પાણીની સમસ્યા હલ થતી નથી. પીવાનું પાણી પુરી પાડતી લાઈનો પણ વર્ષો જુની છે. તેમજ લાઈનો નાખતી વખતે બેદરકારી દાખવવામાં આવે છે. મેઈન લાઈનોમાં ગમે તેવા કાણા પાડીને ગેરકાયદે જોડાણો લેવાય છે. તે તમામ બાબતો ઉપર ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

મ્યુનિ. વિપક્ષનેતાએ જણાવ્યું હતું કે, દાણીલીમડામાં કડીવાલી ચાલીમાં સવારના પહોરમાં કાળુ-વાસ મારતું પાણી આવતાં નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. શહેરીજનોને ૨૪ કલાક પાણીની નહી પણ ગટરનાં મીકસ પાણીના મળે તે જરૂરી છે.

મ્યુનિ. વિપક્ષનેતાએ વીડીયો સાથે કરેલાં પર્દાફાશ પગલે દક્ષીણ ઝોન ઈજનેર ખાતુ સક્રીય બન્યું હતું અને કડીવાલી ચાલી ખાતે પહોચી ગયું હતું. ઈજનેર કર્મચારીઓનાં રીપોર્ટની વિગત અપાતાં દક્ષીણ ઝોનનાં એડીશનલ ઈજનેર પ્રેમલ શેઠે જણાવ્યું હતું કે, કડીવાલી ચાલીની અંદરની ગલીઓ સાંકડી છે તેમજ પાણી અને ગટર લાઈનો પાસે પાસે આવેલી છે નવી લાઈન નાખવા માટે જુની લાઈન કાપવા ગયેલાં કર્મચારીઓને અટકાવામાં આવ્યા હતા. તેમ છતાં પોલ્યુશનવાળી લાઈન કાપીને વોશઆઅઉટ કરવાની તેમજ ડ્રેનેજ લાઈન ડિસીલ્ટીગ કરવાની કામગીરી હાથ ધરી દેવાઈ છે.

# પુડુચેરીમાં લોકોને ડરાવવા કૂતરાને ચીતરીને 'વાઘ' બનાવી દેવાયો

**(એજન્સી)પુડુચેરી,**

લોસપેટ વિસ્તારના બે તોફાની શખ્સોએ લોકોને ડરાવવા માટે શેરીમાં રખડતાં શ્વાનના શરીર પર વાઘ જેવા પટ્ટા ચિતરી દેતાં લોકોમાં ભય વ્યાપી જવા પામ્યો હતો. સૌથી પહેલા બે બાઈક સવારોએ તેની નોધ લીધી હતી. અને પછી તેમણે અન્ય લોકોને ચેતવવાનું શરૂ કર્યું હતું. આ 'વાઘ'ની તસવીરો સોશીયલ મીડીયા પર પણ વાયરલ થવા લાગી હતી. લોકોએ ગભરાટને કારણે ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું. આ બધું જોઈને પોલીસે અધિકારીઓ પણ એકશનમાં આવી ગયા હતા. વાઘને ટ્રેસ કરવા માટે તેમણે સીસીટીવી ફુટેજ સ્કેન કરવાનું શરૂ કર્યું તો જાણવા મળ્યું કે આ એક રખડતું કુતરું હતું. જેને નારંગી અને કાળી પટ્ટીઓથી ચીતરી કાઢવામાં આવ્યું હતું. પુડુચેરીના વકીલ કાર્તિકેયને કહયું કે આવું કરવું કાયદા મુજબ ગુનો છે. રખડતાં કુતરાને રંગવું એ પણ પ્રિવેન્શન ઓફ કુઅલ્ટી ટુ એનીમલ એકટ હેઠળ આવે છે. કુતરાને વાઘ જેવો દેખાડવાનું કામ બે લોકોએ કર્યું હતું. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. લોકોમાં ગભરાટ ફેલાવાના હેતુથી આવું કરવામાં આવ્યું હતું. વાસ્તવમાં પુડુચેરીના વિસ્તારમાં જયાં આ ઘટના બની હતીત્યાં વાઘ દેખાતા નથી. આ સ્થિતીમાં અચાનક તેમની વચ્ચે વાઘ જેવા પ્રાણીને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

# ઈઝરાયેલએ અલ ઝઝીરા ન્યુઝ ચેનલ સામે દેશમાં પ્રતીબંધ લગાવ્યો

(એજન્સી)તેલઅવીવ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહયું છે. દરમ્યાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે બંધકોની મુકિત માટે ગાઝામો યુદ્ધ સમાપ્ત કરવાની હમાસની માગણી સામે આત્મસમર્પણ કરવું ઈઝરાયેલ માટે ભયાનક હાર રહેશે. નેતાન્યાહૂએ ઈઝરાયેલમાં અલ ઝઝીરા ચેનલનું પ્રસારણ અસ્થાયી રીતે બંધ કરવાનો નિર્ણય કર્યો છે. અહેવાલો અનુસાર ઈઝરાયેલી કેબીનેટે જણાવ્યું હતું કે અલ ઝઝીરાએ રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરો પેદા કર્યો છે. નેતાન્યાહુએ કહયું હતું કે અલ ઝઝીરાના પક્ષકારોને ઈઝરાયેલની સુરક્ષાને નુકશાન પહોચાડયું છે. અને ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સના સૈનિકો વિરૂધ્ધ લોકોને ઉશ્કેર્યા છે.

# ત્રીજા તબક્કાના મતદાન માટે ભરૂચ લોકસભાના ૧૭ લાખથી વધુ મતદારો મતદાન કરશે

**કાયદો અને વ્યવસ્થા જાળવવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત : પવડી, મોડલ, સખી અને યુવા મતદાન મથકો ઉભા કરાયા**




**ભરૂચ,**

ભરૂચ લોકસભા બેઠક ઉપર ૭મી મે ના રોજ યોજાનાર મતદાન પ્રક્રિયામાં ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર ચુસ્ત બંદોબસ્ત અને શાંતિપૂર્ણ માહોલમાં મતદારો મતદાન કરી શકે તે માટેની તમામ સુવિધા સાથે તમામ મતદાન મથકો ઉપર મેડકિલ,સીસીટીવી સહિત તમામ સુવિધાઓ સાથે આખરી ઓપ આપ્યો છે અને ભરૂચ લોકસભા બેઠક ઉપર ૧૮૯૩ મતદાન મથકો ઉપર ૧૭ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ૧૩ ઉમેદવારોનું ભાવી નક્કી કરશે.

ભરૂચ લોકસભા બેઠક ઉપર કુલ હરીફ ૧૩ ઉમેદવારો માટે ૭ મી મેના રોજ ૭ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૧૮૯૩ મતદાન મથકો ઉપર ૮,૭૭,૪૦૨ પુરુષ અને ૮,૪૫,૮૬૮ સ્ત્રી તેમજ ૮૩ ત્રીજી જાતિના મતદારો મળી કુલ ૧૭,૨૩,૩૫૩ મતદારો મતદાન પ્રક્રિયા માં જોડાશે અને મતદાન મથકો ઉપર ઈવીએમ મશીન અને વીવીપેટ સહિતની સામગ્રી મતદાન મથકના અધિકારીઓને વિતરણ કરવામાં આવી છે અને તમામ મતદાન મથકો ઉપર મતદારો શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન કરી શકે તેમજ મતદાન મથકો ઉપર મતદારોને કોઈપણ જાતની આરોગ્યલક્ષી તફ્લીક ન પડે તે માટેની કાળજી રાખવામાં આવી છે.જેમાં જીલ્લામાં ૧ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ,જંબુસરમાં સબ ડીસ્ટ્રીકટ ૧ હોસ્પિટલ,કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ૯,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૪૧,અર્બન હેલ્થ સેન્ટર ૭,મેડિકલ ઓફિસર ૫૩,મલ્ટીપરપર્સ ૨૧૨,ફિમેલ હેલ્થ વર્કર ૨૭૪,હેલ્થ સુપરવાઈઝર ૫૪,એમ્બ્યુલન્સ ૫૨ તથા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ ૧૯ તથા ૨૬ મેડિકલ ટીમો મતદાનના દિવસે ખરેપગે સેવા આપનાર છે અને ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ અને કોઈપણ ફરિયાદ ચૂંટણીલક્ષી મળે તો ૧૦૦ મિનિટમાં તેનો નિકાલ થાય તેવી તમામ વ્યવસ્થા સાથે મતદાન મથકો ઉપર ફરજ નિભાવનારા અધિકારીઓ અને કર્મચારીઓનું ભોજન સહિતની તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી અને ભરૂચ લોકસભા બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. સાથે સાથે પવડી,મોડલ,સખી અને યુવા મતદાન પણ ઉભા કરવામાં આવ્યા છે તેમ ભરૂચ જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેકટર તુષાર સુમેરાએ કહ્યું હતું.ભરૂચ લોકસભાની ચૂંટણી માટે ૭ મી મેના રોજ મતદાન યોજાયુ છે.આ દિવસે જાહેર રજા જાહેર કરવામાં આવી છે અને જો કોઈ કર્મચારી કે કંપની દ્વારા રજા નહિ આપવામાં આવે ને રોજ કાપવામાં આવશે તો એક્શન ૧૩૫ બી મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને આ બાબતે નક્કર કાર્યવાહી કરવામાં આવશે તેમ ચૂંટણી અધિકારી અને કલેકટરે પ્રેસ કોન્ફરસમાં કહ્યું હતું.સાથે ભરૂચ જીલ્લાના કોઈપણ થિયેટરમાં કોઈપણ નાગરિક મતદાન કરેલ હોવાનું આંગળી પરનું ચિન્હ બતાવી ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં ફિલ્મી નિહાળી શકશે તેવી પણ જાહેરાત કરવામાં આવી હતી.

લોકસભા બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ જીલ્લા પોલીસ વિભાગ તરફથી આગોતરી તૈયારી કરી સીઝરના કેસ,લિકરના કેસ,નાર્કોટિક્સ તથા તોફાની તત્ત્વોને પાસા પણ કરવામાં આવ્યા છે અને ભરૂચ લોકસભા બેઠક ઉપર મતદાન શાંતિપૂર્ણ માહોલમાં મતદારો કરી શકે તે માટે ૧૩૦૨ પોલીસ જવાનો,૨૪૦ હોમગાર્ડ જવાનો,૧૪૯૨ જીઆરડી જવાનો,૭ કંપની એ.એ.પી.એફ તથા એસઆરપીની ૧ પ્લાટુનનો સમાવેશ કરી તમામને બંદોબસ્તમાં તહેનાત કરાયા હોય તેમ જીલ્લા પોલીસવડા મયુર ચાવડાએ કહ્યું હતું.

ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારી, અધિકારીઓ, પોલીસ જવાનો હોમગાર્ડ, જીઆરડી, મીડિયાકર્મીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે ફોર્મ ૧૨ ની કુલ ૧૧,૮૬૬ અરજી આવી હતી.જે પૈકી ૮,૭૫૫ પોસ્ટલ બેલેટથી મતદાન કરાયું છે.તો ૫૬૫૧ ઈડીસી દ્વારા મતદાન કરનાર હોવાનું પણ જાણવા મળ્યું છે. ભરૂચ જીલ્લામાં સમાવિષ્ટ ૧૫૧ વાગરા વિધાનસભા મતવિસ્તારમાં આવેલ આલીયાબેટમાં ટેમ્પરવાળી શીપીંગ કન્ટેનરમાં મતદારોની મતદાન કરવાની સુવિધા કરવામાં આવી છે.જેમાં હાલ ૧૩૬ મહિલા અને ૧૧૮ પુરુષ મળી કુલ ૨૫૪ મતદારો મતદાન કરશે.અગાઉ મતદારોએ દરિયાનું ૮૨ કી.મીનું અંતર કાપવું પડતું હતું અને અન્ય મતદાન મથકે મતદાન કરવા પહોંચવું પડતું હતું જે હાલ સ્થાનિકકક્ષાએ જ સુવિધા કરવામાં આવતા મતદારોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## આપની આજ

**મંગળવાર**

**તા.૭-૫-૨૦૨૪**



**મેષઃ-** આજે આપનો ઉત્સાહ અને કામ કરવાની ઈચ્છાઓ પ્રબળ બનશે. ધંધા વ્યવસાયમાં આવક વધશે.

**વૃષભઃ-** આપના ભાઈ ભાંડુ તેમજ આપના પડોશીઓના કારણે આપના નાણાનો વ્યય થવાનો છે.

**મીથુનઃ-** આજે આપને વાહન સાવચેતી રહીને ચલાવશો વાગવા પડવા તેમજ અકસ્માતથી શારિરીક ઈજાઓ થવાના યોગ છે.

**કર્કઃ-** આપના સંતાનોના કારણે આપના નાણાંનો વ્યય થશે. જોખમી કામકાજથી દૂર રહેવામાં મજા છે.

**સિંહઃ-** આપને મળેલી સફળતા આજે પણ ચાલુ રહેશે આજે આપના અહંમ અને વાણીને સંયમમાં રાખશો.

**કન્યાઃ-** આજરોજ આપને ધંધા વ્યવસાયના કામકાજમાં સારી સફળતા મળવાની છે.

**તુલાઃ-** આજનો દિવસ આપના માટે ખૂબજ સારો છે આપના ધંધા વ્યવસાયમાં પ્રગતી થાય તેમજ દૈનીક આવકમાં વધારો થશે.

**વૃશ્ચિકઃ-** આજરોજ આપના શત્રુઓ તરફથી પ્રયત્ક્ષ અથવા પરોક્ષ રીતે હેરાનગતિ થવાની છે. વાણી વર્તનમાં સંયમ રાખશો.

**ધન :** આપના ભાગીદારીની તબીયતમાં ગરબડ થાય તેમ છે તેમજ ભાગીદારીના કામોમાં પણ નુકશાન થાય.

**મકરઃ-** આજે નોકરીયાત વ્યક્તિઓને કામકાજના સ્થળ પર ખૂબજ સંભાળ રાખવાની જરૂર છે. ઉપરી અધિકારીઓ સાથે ઘર્ષણ થાય.

**કુંભઃ-** આપના સંતાનોના આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના છે. આપને જોખમી કામકાજમાં લાભ થવાના યોગ બને છે.

**મીનઃ-** આપની માતાનું આરોગ્ય સારૂ રહેવાનુ છે જમીન મકાનના કામોમાં આપને ઈચ્છીત સફળતાઓ મળવાની છે.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ** સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.

**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે

**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.

**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :

**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**

૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# ગાંધીનગરમાં ૧૨ વ્યક્તિની પાસા હેઠળ અટકાયત, પાંચને હદપાર કરાયા

**ગાંધીનગર,** લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૭ મેના રોજ મતદાન થનાર છે. આ ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તેની તકેદારીના ભાગરૂપે કેટલાક નિવારક પગલાં લેવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું કે પાસા ધારા હેઠળ જિલ્લામાં ૧૨ વ્યક્તિની નિવારક પગલાંના ભાગરૂપે અટકાયતમાં લેવામાં આવી છે. તા.૨ મે ૨૦૨૪ની સ્થિતિએ આ પૈકી દસ વ્યક્તિઓ બુટલેગર કેટેગરીની છે તથા એક વ્યક્તિ ભયજનક તથા એક જાતિય ગુનો આચારનાર

### ચૂંટણી સંદર્ભે તકેદારીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં નિવારક પગલાં લેવાયા

વ્યક્તિ છે. આ ઉપરાંત ત્રણ વ્યક્તિઓને ગાંધીનગર સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તથા બે વ્યક્તિઓને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કલોલ દ્વારા જિલ્લા બહાર હદપારી હેઠળ મૂકવામાં આવેલ છે.

તદુપરાંત તા.૨ મે ૨૦૨૪ની સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં પ્રોહિબિશન એકટ હેઠળ ૪૪, સીઆરપીસી ૧૦૭ અને ૧૫૧ હેઠળ ૨૫૪ મળી કુલ ૨૯૮ લોકોએ જામીનગીરી લીધી છે જયારે દહેગામ તાલુકામાં પ્રોહિબિશન એકટ હેઠળ ૧૧ લોકો તથા સીઆરપીસી ૧૦૭, ૧૫૧ હેઠળ ૭૩ મળી કુલ ૮૪ લોકો અને કલોલ તાલુકામાં પ્રોહિબિશન એકટ અંતર્ગત ૭૫ તથા સીઆરપીસી ૧૦૭, ૧૫૧ હેઠળ ૨૮૩ મળી કુલ ૩૫૮ તેમજ માણસા તાલુકામાં પ્રોહિબિશન એકટ હેઠળ ૪૭ અને સીઆરપીસી ૧૦૭, ૧૫૧હેઠળ ૭૧ મળી ૧૧૮ એમ સમગ્ર જિલ્લાના કુલ ૮૫૮ લોકોએ જામીનગીરી લીધી છે.

# કલેકટર બરનવાલે એ ‘રન ફોર વોટ’ મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું

**પાલનપુર,** બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વરુણકુમાર બરનવાલની અધ્યક્ષતામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ મતદાન જાગૃતિ અંતર્ગત ‘રન ફોર વોટ’ કાર્યક્રમ યોજાયો. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર વરુણકુમાર બરનવાલે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાલનપુર ખાતેથી લીલીઝંડી આપી રન ફોર વોટ મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું હતું અને સાતમી મેના રોજ મતદાનના દિવસે જિલ્લાવાસીઓને


### મતદાન કરવા જિલ્લાવાસીઓને અપીલ કરતા ચૂંટણી અધિકારી

બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી.

‘રન ફોર વોટ’ કાર્યક્રમમાં ટીપ નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી એમ.જે. દવે, આઈ.એ.એસ. અધિકારી સ્વપ્રિલ શિશ્લે, જિલ્લા સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ.પટેલ, જિલ્લા રમત-ગમત અધિકારી એમ.એમ.પટેલ સહિતના અધિકારીઓ પણ મેરેથોનમાં જોડાયા હતા અને લોકોને અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.

મતદાન માટે જાગૃતિ દોડ, ગઠામણ ગેટ, ગુરુનાનક ચોક થઈ કલેકટર કચેરીએ સંપન્ન થઈ હતી. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, સ્પેશિયલ એજયુકેટર શિક્ષકો, સી.બી.ગાંધી પાલનપુરના બાળકો, વિમળા વિદ્યાલય, ગઢના બાળકો તેમજ રમત-ગમત વિભાગના સ્કાઉટના બાળકો સહિત જિલ્લા પંચાયતના કર્મચારીઓ સહભાગી બન્યા હતા. જેમાં મતદારોને અચુક મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી અને જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા કરવામાં આવ્યું.

# ઉત્તર ગુજરાત




મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર

# ઈડરમાં સરકારી અનાજની કાળા બજારીમાં ચાર વેપારી જેલમાં ધકેલાયા

**ઈડર,** સાબરકાંઠા જિલ્લાના ઈડર માર્કેટયાર્ડમાં પુરવઠા વિભાગે દરોડો પાડવાને લઈ સરકારી અનાજની કાળાબજારી કરવામાં આવતી હોવાનો મામલો સામે આવ્યો હતો. પુરવઠા વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી અને ચાર જેટલી પેઢીઓમાં તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી.

૩૯ લાખ રુપિયાના સરકારી અનાજને બારોબાર જ કાળા બજારમાં વેચાણ કરવામાં આવતો હોવાનું ઝડપી લેવામાં આવ્યું હતું. આ મામલે ચાર પેઢીઓના સંચાલકો સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન હવે પીબીએમ એકટ હેઠળ પેઢી સંચાલક ચાર શખ્સોને રાજયની અલગ અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. જેમાં મેમણ જાવેદ હાજી, ભારત એગ્રો, રાજકોટ જેલમાં, શાહ મુકેશભાઈ, શાહ રતનલાલ પન્નાલાલ પેઢી, પોરબંદર જેલમાં, મેમણ જાવેદ હનીફ, નેશનલ ટ્રેડર્સ, જૂનાગઢ જેલમાં અને મહમદ એઝાદ સફી, સહકાર ટ્રેડર્સ, ભુજ જેલમાં ધકેલાયા છે.

##### ધનસુરા તાલુકાના હિરાપુરકંપા ગામે

# હનુમાનજી નૂતન મંદિર ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

**પ્રતિનિધિ. મોડાસા,** અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં આવે હિરાપુરાકમ્પા ગામ ખાતે ગ્રામજનો ના સહિયારા તેમજ દાતાઓના પ્રયત્નથી હનુમાનજી નૂતન મંદિર ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમાં બ્રહ્મણો દ્વારા ત્રિ દિવસ દરમિયાન વિવિધ વૈદિક મંત્રોચાર સાથે અને હોમ હવન યજ્ઞ કરી હનુમાનજી મંદિર નો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો કાર્યક્રમના પ્રથમ દિવસે વડીલ વંદના સાથે મહોત્સવની શરૂઆત કરવામા આવી હતી જેમાં મોટી ઉંમર ના વૃદ્ધ દદા ઓ વૃદ્ધ દાદીઓ સહિત સમગ્ર ગ્રામ ના લોકો એ ભૂતકાળ માં કરેલા સંઘર્ષ અને તેમના સમય કાળમાં પડેલી આપદા નો કેવા કેવા પ્રશ્નો નો સામનો કરવો પડ્યો હતો તેની ગાથા ઓ વર્ણવી અને જૂની યાદો તાજી કરી આજની પેઢી સમક્ષ રજુ કરી હતી તેમજ ભગવાન ની યાત્રા કાઢી ગામ માં રથયાત્રા સ્વરૂપે કાઢી હતી વિવિધ વિસ્તારો માં આ યાત્રા નું પરિભ્રમણ કર્યું હતું આમ ત્રણ દિવસીય કાર્યક્રમમાં ગ્રામજનો અને નવ યુવાનો સહીત દાતાઓએ ભારે જહેમત ઉઠાવી હતી જેમાં નરેશભાઈ પટેલ તેમજ સાબરડેરીના એમ પી ઓ વિભાગ માં ફરજ એવા હિતેશભાઈ બી પટેલ તથા અશોકભાઈ પટેલ સહિત તેમની ગામ ના યુવક યુવતીઓ ના મંડળ દ્વારા ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ ને સફળ બનાવ્યો હતો અને અંતિમ દિવસે મહા પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ભગવાન ના દર્શન કરી મહાપ્રસાદી લીધી હતી અને ધન્યતા અનુભવી હતી આમ સમગ્ર ગામ માં ત્રણ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ થી ભક્તિમય વાતાવરણમાં હર્ષલ્લાસપૂર્વક સંપન્ન થયો હતો.

# અંબાજીમાં ફ્રી મેગા મેડિકલ કેમ્પ સાથે એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરાશે

**ડીસા,** અંબાજી સહીત દાંતા તાલુકાના ૧૮૬ ગામડાઓમાં મહત્તમ ગરીબ આદિવાસી અને ભોળી પ્રજા વસવાટ કરે છે ત્યારે તેમના આરોગ્ય સુખાકારીની ચિંતા કરી યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૮ મે ૨૦૨૪ બુધવારના રોજ નિઃશુલ્ક ફ્રી મેગા ચેકઅપ કેમ્પનું આયોજન અંબાજીના શ્રી શકિત સેવા કેન્દ્રના સંચાલક ઉષાબેન અગ્રવાલ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ મેડિકલ કેમ્પમાં અમદાવાદની કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલ, રાજસ્થાન હોસ્પિટલ તેમજ અન્ય મોટી હોસ્પિટલોમાં નિષ્ણાત તબીબો ૮ મે ના રોજ કાલિદાસ મિસ્ત્રી ભવન અંબાજી ખાતે પોતાની નિઃશુલ્ક સેવાઓ આપશે. એટલું જ નહિ, વિવિધ રોગના નિદાન સાથે જરૂરિયાતમંદોને દવાઓ પણ નિઃશુલ્ક આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

દાંતા તાલુકાના અંતરિયાળ અને પહાડી વિસ્તારમાં વસતા આદિવાસી સમુદાયની આરોગ્ય સુખાકારીની સાર સંભાળ માટે નિઃશુલ્ક સેવા તેમને ઘર આંગણે મળી રહે તે માટે આ કેમ્પ દરમિયાન મેડિકલ મોબાઈલ એમ્બ્યુલન્સ વાનનું પણ લોકાર્પણ કરવામાં આવશે જે મોબાઈલ વાન (એમ્બ્યુલન્સ) ડોર સ્ટેપ હેલ્થ કેર નિશુલ્ક સેવાઓ આપશે તેમ અંબાજી શ્રી શક્તિ સેવા કેન્દ્રના સંચાલક ઉષાબેન અગ્રવાલે જણાવ્યું હતું. આ નિઃશુલ્ક મહા મેડિકલ કેમ્પ ૮ મે બુધવારના રોજ સવારે નવ વાગ્યા સાંજના સાત વાગ્યા સુધી દાંતા રોડ ઉપર કાલિદાસ મિસ્ત્રી ભવન ખાતે યોજાશે. આ મેગા કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓ વધુને વધુ સંખ્યામાં લાભ લે તેવો અનુરોધ પણ કરવામાં આવ્યો છે.

##### સતત ૩૫ વર્ષ સુધી દીર્ઘકાલીન સેવા આપી

# શામળાજી કોલેજમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી

**શામળાજી,** શ્રી કે.આર.કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી કોલેજમાં ૧૯૮૯ કોલેજના સ્થાપનાકાળથી કાર્યરત અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ.એ.કે.યાદવનો વિદાય સમારોહ યોજાઈ ગયો. જેમણે એનસીસીના મેજર તરીકે કામગીરી કરી બે નેકના કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવી કોલેજના ઉત્કર્ષમાં સતત ૩૫ વર્ષ સુધી ફરજ બજાવ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ છે.

આ પ્રસંગે ડૉ. સમીર પટેલ વગેરેએ વિદાય લેનાર વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સન્માનપત્ર વાંચન ડૉ. એસ.એન.પંડયાએ કર્યું હતું. ડૉ. એ.કે.યાદવે ભાવવિભોર થઈ સૌની સાથે કામ કરવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એ.કે.પટેલે ડૉ. યાદવની કામગીરીની પ્રશંસા કરી તેમના શેષ જીવન અંગે શુભકામનાઓ પાઠવી હતી.

કેળવણી મંડળમાં મંત્રી દિલીપભાઈ કટારાએ ડૉ.યાદવને દીર્ઘકાલીન સેવાઓ આપવા બદલ આશીર્વચન અને શુભેચ્છાઓ પાઠવી હતી. સૌ સ્ટાફવતી એમનું શાલ, પુષ્પગુચ્છ, લક્ષ્મીજીની ચાંદીની મૂર્તિ, કવરથી અને અંગ્રેજી વિભાગ દ્વારા મોમેન્ટોથી સન્માન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.હેમંત પટેલે કર્યું હતું.

##### જાયન્ટ્સ પરિવાર મોડાસા દ્વારા

# પૂર્વ પ્રમુખની પ્રથમ માસિક પૂણ્યતિથિ નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃતિ



(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

**૨ પ્રતિનિધિ. મોડાસા.** જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન સંચાલિત જાયન્ટ્સ મોડાસા અને જાયન્ટ્સ મોડાસા સહિયર સેવાકીય સંસ્થા મા સહિયર ના પૂર્વ પ્રમુખ બકુબેન વાઘેલા ની પ્રથમ માસિક પૂણ્યતિથિ નિમિત્તો જીવદયા અંતગર્ત પક્ષીઓ ને ચણ, માછલી ઓને ખોરાક, ચકલી ઘર વિતરણ, પક્ષી માટે પાણીના કુંડા વિતરણ, સ્લમ વિસ્તારમાં બાળકો ને ફુડ પેકેટ વિતરણ, ગાયો માટે ઘાસચારો - ગોળ, કુતરા ઓ માટે છાસ-રોટલા, ભજન કીર્તન સત્સંગ, દિવ્યાંગ બાળકો ને દુધ વિતરણ એમ કુલ દસ સેવા પ્રોજેક્ટ કરવા માં આવ્યા આ સેવા કાર્યો પ્રસંગે વિવિધ જગ્યાના સ્થાનિક પૂજારી મંહત મહાનુભાવો જીવદયા પ્રેમી નિલેશ જોષી જાયન્ટ્સ મોડાસા પ્રમુખ રમેશભાઈ પ્રજાપતિ જાયન્ટ્સ મોડાસા સહિયર પ્રમુખ જયોત્સનાબેન પ્રજાપતિ મંત્રી મુકુંદ સોની, છાયાબેન સોની પ્રોજેક્ટ ડાયરેક્ટર અમિતાબેન સોલંકી ઉપપ્રમુખ રામભાઈ પટેલ શિક્ષણ સમિતિ ડાયરેક્ટર પ્રદિપભાઈ ખંભોળજા, મિડિયા ડાયરેક્ટર વિનોદ ભાવસાર, જીવદયા ડાયરેક્ટર કલ્પેશ પંડ્યા જાયન્ટ્સ મિત્રો સહિયર બહેનો હાજર રહ્યા હતા.

# ટ્રેક્ટર પરથી પડી જવાની બે ઘટનાઓમાં બે વ્યક્તિનાં મોત

**મહેસાણા,** સતલાસણાના ગોઠડા-માલણ વચ્ચે રોડ પર ટ્રેકટરમાંથી નીચે પટકાયેલા ખેડૂતનું તેમજ હિંમતનગરના પેઢમાલા-રામપુર રોડ પર શનિવારે ખાતર ભરીને જઈ રહેલા ટ્રેકટરમાંથી પડી ગયેલા શ્રમિકનું મોત નિપજયું હતું.

### સતલાસણાના ગોઠડા-માલણા વચ્ચે એક ઘટના બની : બીજી ઘટના હિંમતનગરના પેઢમાલા-રામપુર રોડ પર બની

દાંતા તાલુકાના ભવાનગઢના ખેડૂત દલપતજી સોવનજી પરમાર (ઠાકોર) ગત ૩૦મી એપ્રિલે ટ્રેકટરમાં એરંડા ભરી વેચવા માટે સતલાસણા ગંજ બજારમાં ગયા હતા. એરંડા વેચીને સાંજે સાડા પાંચેક વાગ્યે ટ્રેકટર લઈને ઘરે આવવા પરત ફરી રહ્યા હતા. દરમિયાન સતલાસણાના ગોઠડા-માલણા વચ્ચે રોડ ઉપર પુલની પાસે પહોંચતા તેમણે ટ્રેકટરનો કાબૂ ગુમાવતા નીચે પટકાયા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર અર્થે વડનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક ખેડૂતના પુત્ર દશરથજીએ સતલાસણા પોલીસ મથકે અકસ્માતની ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક ખેડૂતની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટનામાં શનિવારે હિંમતનગર તાલુકાના પેઢમાલા-રામપુર રોડ પરથી છાણીયું ખાતર ભરી ટ્રેકટર અને ટ્રોલીમાં બેઠેલા શ્રમિકો તેને ખાલી કરવા માટે સીમાડામાં જઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાનમાંથી કામ અર્થે આવેલા ૪૦ વર્ષીય રાજુ લુબાભાઈ ખેર ટ્રેકટરમાંથી પડી જતાં ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજયું હતું. અકસ્માતની ઘટના બાદ ગાંભોઈ પોલીસે ઘટના સ્થળે જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણ શહેર જિલ્લામાં બાળલગ્નો અટકાવવા તંત્રની અપીલ

**પાટણ,** પાટણ શહેર સહિત જિલ્લામાં આગામી અક્ષય તૃતિય (અખાત્રીજ)ના દિવસે તથા અનય દિવસોમાં ખૂબ મોટા પ્રમાણમાં વિવિધ સમાજોમાં લગ્નો યોજાતા હોય છે. જેમાં ખાસ બાળલગ્નો ન થાય તે માટે સમૂહલગ્નોના આયોજકો, સામાજિક આગેવાનો, ગોરમહારાજ, લગ્ન કરાવનાર કાઝી, રસોઈયા મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર તથા લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બન્ને પરિવારોને પાટણ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા અપીલ કરતાં જણાવ્યું છે કે, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલાં અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલાં થાય એ સજાપાત્ર ગુનો છે અને સામાજિક દૂષણ છે. અન્યથા બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ મુજબ રૂા.એક લાખ સુધીનો દંડ અને બે વર્ષ સુધીની કેદ થઈ શકે છે.

# રતનપરના કાકા-ભત્રીજા સાથે ચકમપર ગામના દલાલની ૭૫.૯૫ લાખની ઠગાઈ

### દલાલ કપાસનો જથ્થો ખરીદ્યા બાદ કળા કરી ફરાર

**બોટાદ,** રતનપર ગામના કાકા-ભત્રીજા પાસેથી રૂ.૭૫ લાખનો કપાસનો જથ્થો ખરીદ્યા બાદ ચકમપર ગામનો દલાલ ઠગાઈ કરી ફરાર થઈ ગયાની ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે દલાલ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે રતનપર ગામે રહેતા ડાયાભાઈ રત્નાભાઈ શેટા નામના વૃદ્ધ ખેડૂતે ચકમપર ગામે રહેતા અને કપાસની દલાલીનું કામ કરતા લાલજી શામજી ગઢાદરા નામના શખસે રૂ.૭૫.૯૫ લાખની કિંમતનો પ૨૪૬ મણ કપાસની ખરીદી કરી ઠગાઈ કરી ફરાર થઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે દલાલ લાલજી ગઢાદરા સામે ગુનો નોંધ્યો હતો. આ બનાવ અંગે પોલીસે હાથ ધરેલી તપાસમાં રતનપર ગામના ડાયાભાઈ શેટા અને તેના ભત્રીજા પાસેથી ચકમપરના દલાલ લાલજી ગઢાદરાએ પ૨૪૬ મણ કપાસ ખરીદ્યો હતો અને ડાયાભાઈને રૂ.૩ લાખ આપ્યા હતા. બાદમાં બાકીના રૂ.૭૫.૯૫ લાખની રકમ નહી ચૂકવી ફરાર થઈ જતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# મેંદપરામાં પુત્રનો માતા-પિતા પર હુમલો

જુનાગઢઃ ભેસાણ તાલુકાના મેદપરા ગામે રહેતા દેવીપુજક ગભરૂ કુકાભાઈ વાડોદરીયાનો પુત્ર ભરત ચોરી કરવાની ટેવવાળો હોઈ ઘરમાંથી કાઢી મુકતા ગત રાત્રે પોતાના બે સાથીઓઅ સાથે ઝૂંપડામાં ઘુસી ધારીયા વડે હુમલો કરી ગભરૂકભાઈ, તેની પત્ની મંજુ તથા પુત્ર ગોપાલ, પુત્રી ચકુ ઉપર હુમલો કરી ઈજા પહોચાડયાની ભેસાણ પોલીસમાં પુત્ર ભરત ગભરૂ, પીન્ટુ મનસુખ સામે ફરીયાદ નોધાવી છે.

# નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારીએ નાંદોદના ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લઇ મતદાનકર્મીઓના ઉત્સાહમાં વર્ધન કર્યું

### ઇવીએમ અને ૯૬ પ્રકારની સ્ટેશનરી લઇ કર્મયોગીઓ મતદાન મથક તરફ રવાના



**રાજપીપલા,** મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજાઇ તે માટે છેલ્લા ત્રણેક માસથી તનતોડ મહેનત કરી રહેલા નર્મદા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આજ સોમવાર સવારના આઠ વાગ્યાથી જિલ્લાના નિયત રવાનગી મથકો ઉપરથી પોલિંગ પાર્ટીઓને રવાના કરવામાં આવી હતી. ચૂંટણીકર્મીઓ સુરક્ષા કવચ સાથે સાંજ સુધીમાં વિનાવિઘ્ને પોતાના મતદાન મથક ઉપર પહોંચી જાય એવું આયોજન કરવામાં આવ્યું છે.

નાંદોદ અને દેડિયાપાડા વિધાનસભા મતવિસ્તાર માટે નિયત કરવામાં આવેલા રવાનગી કેન્દ્રો ખાતે સંબંધિત પ્રતિપ્રેષક અધિકારીઓ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં બૂથની સંખ્યા પ્રમાણે ટેબલો ઉપરથી ઈવીએમ, વીવીપેટ સહિતની ચૂંટણી સામગ્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આની પ્રથમ પ્રક્રીયા ટીમનું ગઠન હોય છે. સંબંધિત લોકસભા મતવિસ્તારના એઆરઓ દ્વારા ઓબ્ઝર્વર ડો. સતીષ કુમારની ઉપસ્થિતિમાં છેલ્લું રેન્ડમાઈઝેશન કરી પોલિંગ સ્ટાફને ડ્યુટી આપવામાં આવી હતી. તે પ્રમાણે ટીમના સભ્યોને એકત્ર કરી આ સામગ્રી આપવામાં આવી હતી. કોઇ અનિવાર્ય સંજોગોમાં કોઇ કર્મચારી ગેરહાજર હોય તો તેના સ્થાને અનામત સ્ટાફમાંથી કોઇને ફરજ સોંપવામાં આવે છે. કુલ પોલિંગ સ્ટાફના ૧૦ ટકા સ્ટાફને અનામત રાખવામાં આવે છે.

નાંદોદ બેઠક માટેના છોટુભાઈ પૂરાણી મહાવિદ્યાલયમાં ઉભા કરવામાં આવેલા ડિસ્પેચિંગ સેન્ટરની નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ મુલાકાત લીધી હતી અને નાંદોદ પ્રાંત અધિકારી શ્રી ડો. કિશનદાન ગઢવી પાસેથી ડિસ્પેચિંગ અને રિસિવિંગ સેન્ટર ખાતે ચાલી રહેલી કામગીરી વિશે ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી. કલેકટરશ્રીએ મતદાનકર્મીઓના ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી. તેમની સાથે નિવાસી અધિક કલેક્ટર શ્રી ચેતન ઉંધાડ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મૌલિક દોંગા પણ જોડાયા હતા.

આપણે ચારપાંચ મિનિટમાં મતદાન કરીને આપણી નૈતિક ફરજ નિભાવીએ છીએ. આપણી આ ફરજ માટે ઉભા કરવામાં આવતા બૂથ પાછળ કેટલી મહેનત કરવામાં આવે છે તે બાબતથી આપણે અજાણ છીએ. એક વાર પોલિંગ પાર્ટી બૂથ ઉપર પહોંચી જાય તે બાદ ત્યાં જ રાતવાસો કરતી હોય છે. એ દરમિયાન ચૂંટણી સામગ્રીઓની સુરક્ષા કરવાની હોય છે.આ પોલિંગ પાર્ટી સાથે ઈવીએમ, વીવીપેટ સહિતની કુલ ૯૬ પ્રકારની સ્ટેશનરી સામગ્રી હોય છે. જેની કુલ સંખ્યા ૨૭૦ થાય છે. મજાની વાત એ છે કે, આ સામગ્રીમાં દિવાસળીની પેટી, મિણબત્તી, અવિલોપ્ય શ્યાહી, વિશિષ્ટ નિશાનીવાળા રબ્બરના સિક્કા, હરિફ ઉમેદવારોની યાદી, વિવિધ પ્રકારના કવર હોય છે.

# મુછનીપાળમાં પ્રેમસંબંધ બાબતે ઝઘડો થતાં ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

**હિંમતનગર,** હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ મુછનીપાળ ગામે સોમવારે પ્રેમસંબંધ બાબતે થયેલો ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો જેમાં એક જણાને ઈજા થતા ઈજાગ્રસ્તે ત્રણ જણા વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે મુછનીપાળ ગામે રહેતા બલવંતસિંહ ઉર્ફે મહેશ રામસિંહ રાઠોડે નોંધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ સોમવારે ગામના જ જીગરસિંહ ઉર્ફે જયેન્દ્ર પૃથ્વીસિંહ રાઠોડને બલવંતસિંહ રાઠોડની કુટુંબી એક મહિલા સાથે અગાઉ પ્રેમ પ્રકરણ હતું. પરંતુ આ મહિલા પ્રેમસંબંધ રાખવા માંગતા ન હતા જે બાબતે અદાવત રાખી સોમવારે સાંજના સુમારે જીગરસિંહે ગમે તેમ ગાળો બોલી હતી. ત્યારબાદ જીગરસિંહના ઉપરાણામાં આવેલા અતુલસિંહ પૃથ્વીસિંહ રાઠોડ અને રાજદિપસિંહ પ્રતાપસિંહ રાઠોડે આવીને ઝપાઝપી કરી બલવંતસિંહ પર ઉધા ધારીયાથી ઈજા પહોંચાડી હતી તેમજ રાજદિપસિંહએ પણ હાથમાં લાકડાનો ડંડો લઈ આવી બલવંતસિંહને જાનથીમારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપ સાથે તેમણે ત્રણેય વિરૂધ્ધ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### જોડિયાના કેશિયા પાસે ટ્રક પાછળ બાઈક અથડાતા ૧ યુવાનનું મૃત્યુ

જામનગર : જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતા અહેમદ મુસાભાઈ ભોકલ (ઉ.વ.૩૦) પોતાના મિત્ર ઈમ્તિયાઝ અનવરભાઈ સાગણી (ઉ.૩૦) સાથે બાઈક પર બેસીને હાજીપીરના ઉર્ષમાં ગયા હતા અને ત્યાંથી તેઓ જામનગર બાઈકમાં પરત ફરી રહ્યા હતા તે દરમિયાન તેઓનું બાઈક જોડિયાના કેશિયા ગામ નજીક આગળ જઈ રહેલા ટ્રકની સાથે ધડાકાભેર અથડાયું હતું અને અકસ્માત સર્જાયો હતો જે અકસ્માતમાં બાઈકના ચાલક અહેમદભાઈ ભોકલને ગંભીર ઈજા થવાને કારણે ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું

# સાબરકાંઠા જિલ્લામાં સેવા કર્મચારીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન યોજાયું

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,** લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આગામી ૭ મે ના રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે મતદાન પ્રક્રિયામાં રોકાયેલા અધિકારી/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે હિંમતનગર ડી.એલ.આર. કચેરી ખાતે મતદાન કરવામાં આવ્યું હતું.

જિલ્લાના ચાર વિધાનસભા મતવિસ્તારમાં ફેસીલીટેશન સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. આ કર્મચારીઓ તા. ૧ થી ૩ મે ૨૦૨૪ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. ૦૫-સા.કાં.સંસદીય મતદાર વિસ્તારમાં પોલીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફ જેવા કે ઝોનલ ઓફીસર, મદદનીશ ઝોનલ ઓફીસર, પોલીસ સ્ટાફ, રીસીવીંગ ડિસ્પેચીંગ સ્ટાફ વિગેરેમાં નિમણૂક થયેલ છે. જેઓએ ફોર્મ-૧૨ ભરી પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવા માંગણી કરેલ છે. તેવા મતદારોને મતદાન કરવા માટે તેમજ આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા મતદારોને મતદાન સુવિધા માટે ફેસીલીટેશન સેન્ટર બનાવવા આવ્યા છે. ચૂંટણી પંચની સૂચનાઓ અનુસાર ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ટપાલ મતપત્રથી આગામી તારીખ ૧,૨ અને ૩ મે ૨૦૨૪(ત્રણ દિવસ) તેઓના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે.આ માટે જિલ્લાના દર્શાવેલ ફેસીલીટેશન સેન્ટર પર જઈ ચૂંટણી કામગીરીમાં રોકાયેલ અધિકારી/કર્મચારી મતપત્રથી મતદાન કરી શકશે.

સાબરકાંઠા જિલ્લામાં તા. ૨૯ અને ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ પોલિંગ સ્ટાફની તાલીમ દરમિયાન લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે કુલ ૬૧૪ મત અને વિધાનસભા માટે ૬૩ મત પોસ્ટલ બેલેટ થી કરવામાં આવ્યું હતા.

# બોટાદમાં પૈસાના ડખ્ખામાં યુવાન પર છરીથી હુમલો

બોટાદઃ સાળંગપુર રોડ પર મફતીયયાપરામાં રહેતો અને સેન્ટ્રીગનું કામ કરતા ધર્મેન્દ્ર ઉર્ફે ઘોઘો ભગાભાઈ પારઘી નામના યુવાન સાળંગપુર રોડ પર રસ્કુલ પાસે રહેતા ફીરોજ ઉર્ફે કાજી શબ્બીર કુરેશીને હોસ્પિટલના કામ માટેથી રૂા.૧૪ હજાર ઉછીના આપ્યા હતા. રૂા.૧૧ હજાર લેવાના બાકી હોય તેની ધર્મેન્દ્ર ઉર્ફે ઘોઘા પારઘીએ ફીરોઝ ઉર્ફે કાજી અને તેના ભાઈ રીયાઝ પાસે ઉઘરાણી કરતા બંને ભાઈઓ ઉશ્કેરાયા હતા અને ઝઘડો કરી ધર્મેન્દ્ર ઉર્ફે ઘોઘા પારઘી પર ફીરોજ ઉર્ફે કાજી તેનો ભાઈ રીયાજ અને નવાજ શબ્બીર કુરેશી અને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ફરાર થઈ ગયાય હતા. અને ઘવાયેલા ધર્મેન્દ્ર પારઘીને ઈજા થવાથી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# કેશોદમાં કાકા-ભત્રીજા પર હુમલો કરી લૂંટ ચલાવનાર બનેલી સહિત સાત શખ્સ ઝડપાયા

**કેશોદ,** કોશદના વેરાવળ રોડ પર સોંદરડા જીઆઈડીસી વિસ્તારમાં ગેંગવેર હાઉસ પાસે ભંડુરી ગામના અને જૂનાગઢ સિંચાઈ વિભાગમાં જૂનિયર કર્લાક તરીકે ફરજ બજાવતા રણવીરસિંહ નાગદાનભા સિસોદીયા અને તેના મોટા બાપુ લખમણભાઈ પર બનેવી જનક તેના પિતા વિક્રમ, ભાઈ કરણ તેમજ જનકના બે મામા વનરાજ કાળા સિસોદીયા અને સોમાત કાળા સિસોદીયા તેમજ જનકના મામાનો દિકરો મહિણત માણસુર સિસોદીયા, કેવદ્રાના મેહુલ સહિતના શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કર્યો હતો અને લખમણભાઈના ખિસ્સામાંથી રૂા.૧૫ હજારની લૂંટ ચલાવી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટયા હતા અને ઘવાયેલા રણવીરસિંહ અને લખમણભાઈને હોસ્પિટલમાં ખસેડવાયા હતા.

આ બનાવ અંગેની જાણ થતાં પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને હાથ ધરેલી તપાસમાં ઈજાગ્રસ્ત રણવીરસિંહના લગ્ન સામસામે થયા હતા. બાદમાં રણવીરસિંહની બહેનને પતિ સહિતના સાસરિયાઓ દ્વારા હેરાન કરી ત્રાસ આપવામાં આવતા માવતરે રિસામણે આવતી રહી હતી અને બાદમાં પતિ સહિતના સાસરિયાઓ બહેનને તેડવા આવતા માથકૂટ થઈ હોય તેનો ખાર રાખીને હુમલો કર્યો હતો.

આ અંગે પોલીસે રણવીરસિંહ સિસોદીયાની ફરિયાદ પરથી જનક વિક્રમ સિંધવ, પિતા વિક્રમ સોનિંગભાઈ સિંધવ, ભાઈ કરણ, મહિપત માણસુર સિસોદીયા, સોમાત કાળા સિસોદીયા, વનરાજ કાળા સિસોદીયા, મેહુલ સહિત સાત શખ્સ સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

# મોડાસાના જીતપુરમાં ચૂંટણી બહિષ્કારની ચીમકીથી વહીવટી તંત્રમાં ભારે દોડધામ

**મોડાસા,** અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારો હજુ વિકાસની પાપા પગલી માંડી રહ્યા છે જેમાં મોડાસાનું જીતપુર ગામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેતા ગઈકાલે ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી જેના પગલે આજે વહીવટી તંત્રએ દોડધામ કરીને સમજાવટના પ્રયાસો કર્યા હતા પણ અલગ ગ્રામ પંચાયતનું નિર્માણ કરીને વિકાસકાર્યો કરવાની લેખિત ખાતરી આપવાની માંગ પર ગ્રામજનો અડગ રહ્યા હતા.

ગઈકાલે જીતપુર ગામના લોકોએ આક્રોશ ઠાલવ્યો હતો કે અહીં ગ્રામ પંચાયતમાં છેલ્લા દસ વર્ષથી વિકાસ થવો તો બાજુએ રહ્યો

### અલગ ગ્રામ પંચાયતનું નિર્માણ કરીને વિકાસ કાર્યો કરવાની લેખિત ખાતરી આપવાની માંગ પર ગ્રામજનો અડગ

અમારું જીતપુર ગામ પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત છે. રસ્તા અને ગટર જેવી પ્રાથમિક સુવિધાનાં ફાં-ફાં છે. બાજુમાં જ આવેલા ચારણવાડા ગામના વિકાસને વેગ આપીને જીતપુર ગામ સાથે વિકાસમાં ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી દરમિયાન જીતપુર ગ્રામ પંચાયત અલગ કરવાનું વચન આપયા બાદ હજુ સુધી તેનું પાલન નહીં કરતાં આખરે ચૂંટણી બહિષ્કારનો નિર્ણય લેવો પડયો છે.

બીજી તરફ અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રશસ્તી પારીક લોકસભાની ચૂંટણીમાં મતદાન વધુ થાય તે માટે જનજાગૃતિ કાર્યક્રમો યોજી રહ્યા છે ત્યારે જ જીતપુર ગામના લોકોએ ચૂંટણી બહિષ્કારની ચીમકીના ઉચ્ચારતા વહીવટી તંત્ર દોડતું થયું છે. આજે શનિવારે જીતપુર ગામમાં વિકાસ અધિકારીએ તેમની ટીમ સાથે પહોંચીને ગ્રામજનોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સ્થાનિક લોકોએ જીતપુર ગ્રામ પંચાયતનું વિભાજન કરવાની લેખિત બાંહેધરી આપવાની માગણી પર અડગ રહેતા મોડી સાંજ સુધી કોઈ સમાધાન શક્ય બન્યું નહોતું.

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ
અનોખી ભેટ યોજના
શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માંગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઇમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફત મેળવો.
આજનો લકી નંબર ૩૫૦ ૧૫૬
નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

# દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

### જય અંબે શાળાના સહયોગથી

## ભરૂચમાં રિટાયર્ડ પોલીસ ગ્રુપ દ્વારા છાશનું વિતરણ કરાયું

**ભરૂચ,**
સેકન્ડ ઈનિંગ્સ રિટાયર્ડ પોલીસ ગ્રુપ દ્વારા જય અંબે સ્કૂલના સહયોગથી સેવાકીય કાર્યના ભાગરૂપે છાશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત જીવન વિતાવતા પોલીસ પ્રજાનો મિત્ર ઉક્તિને નિવૃત્તિ બાદ સાર્થક કરી વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. ધોમધખતા ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખી સામાન્ય પ્રજાની તરસ છીપાવવા ઠંડક પહોંચાડવાના ધ્યેય ઉદ્દેશ સહિત ઠંડા પાણીના જગ, સ્ટીલના ગ્લાસ સાથે ભરૂચમાં સ્ટેશન પોલીસ ચોકી તથા ઝાડેશ્વર ચોકડી બ્રિજ તેમજ જંબુસર બાયપાસ પર ઠંડા પાણીની લોકસેવા કાર્ય શરૂ કરવામાં આવી છે.

જે બાદ જય અંબે સ્કૂલના સહયોગથી તુલસીધામ વિસ્તારમાં છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં નિવૃત્ત પોલીસ કર્મીઓએ સેવાકીય કાર્યમાં ઉપસ્થિત રહી લોકોને છાસનું વિતરણ કરી ગરમીથી રાહત આપવા પ્રયાસ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શાળાના આચાર્ય રેખા શેલકે જણાવ્યું હતું કે ઉનાળાની ગરમીમાં છાસ, લીંબું શરબત વિગેરે પીવા અનુરોધ કર્યો હતો.

## માળિયા હાટીનાના સંવેદનશીલ ગામોમાં લોખંડી બંદોબસ્ત

**માળિયાહાટી,**
માળિયાહાટીના પોલીસ સ્ટેશન હેઠળ પિખોર, કડાયા, ગડોદર, ભંડુરી અને જલંધરગીર સહિતના ૧૦ ગામડાને સંવેદનશીલ જાહેર કરાયા છે. કુલ ૧૯ બૂથ સંવેદનશીલ છે. તેની સુરક્ષા માટે પોલીસ અને સીઆઈએસએફના જવાનોની ૮ ટીમનો લોખંડી બંદોબસ્ત કરાયો છે.

### કોરોના બાદ ભારતમાં ડિમેન્ટ એકાઉન્ટ

## ૫ ગણા વધીને ૧૪ કરોડ થયા- સંજીવ ભાસીન

**(પ્રતિનિધિ) વલસાડ,**
સમગ્ર દુનિયામાં તમામ મેન્યૂફેક્ટરીંગથી લઈ સર્વિસ ઈન્ડસ્ટ્રી હાલ ગ્રોથ કરે છે. જેમાં ભારતનો ગ્રોથ સૌથી વધુ છે. ભારતનો આ ગ્રોથ આગામી બે દાયકા સુધી આવો જ રહેશે. જેથી ભારતીય માર્કેટ હાલ રોકાણકારો માટે સર્વોત્તમ વિકલ્પ બન્યો છે. એવું વલસાડમાં 'બાય ધ ફિયર' સેમિનાર માટે આવેલા આઈઆઈએફએલ ઈન્વેસ્ટમેન્ટના ડિરેક્ટર સંજીવ ભાસીને પત્રકારો સાથેની વાતચિતમાં જણાવ્યું હતુ.



તેમણે વધુમાં જણાવ્યું કે ભારતના નાના શહેરોના લોકો સારી એવી બચત કરી શકે છે અને તેનું રોકાણ પણ કરી શકે છે. મુંબઈ, દિલ્હી જેવા શહેરોમાં મધ્યમ વર્ગીય લોકો માટે બચત કરવી મુશ્કેલ બની રહી છે. ત્યારે હવે નાના શહેરોના રોકાણકારોને રોકાણનું યોગ્ય માર્ગદર્શન મળી રહે એ માટે તેઓ કાર્યરત છે. ભારતના અર્થતંત્રના વિકાસ અને શેર માર્કેટ અંગે તેમણે જણાવ્યું કે, ભારતમાં કોરોના અગાઉ માત્ર ૩ કરોડ ડિમેટ એકાઉન્ટ હતા. જે કોરોના બાદ ૩ વર્ષમાં જ ૧૪ કરોડથી વધી ગયા છે. જેના કારણે સ્થાનિક રોકાણકારોના કારણે શેરબજાર ટકી શકે છે. વિદેશી રોકાણકારો ભલે પોતાનું રોકાણ ખેંચે તો પણ તેની ઝાઝી અસર ભારતીય શેરબજારને થતી નથી. વલસાડમાં પ્રાઈમ ઈન્વેસ્ટમેન્ટના પ્રજ્ઞેશ દેસાઈએ શહેરના પ્રબુદ્ધ રોકાણકારો માટે એક સેમિનાર બાય ધ ફિયરનું આયોજન કર્યુ હતુ. જેમાં રોકાણકારોને શેરમાર્કેટ આનુષાંગિક રોકાણોમાં થતા ડરને જ ખરીદી લેવાની વાતો થઈ હતી. જેમાં રોકાણકારોને યોગ્ય ફાયદો થાય એ રીતે રોકાણ કરવાનું સચોટ માર્ગદર્શન અપાયું હતુ. ખાસ કરીને બેંક એફડી સામે શેર બજાર, મ્યુચ્યુઅલ ફંડ તેમજ અન્ય પ્રકારના બોન્ડ વિગેરેની વિસ્તૃત માહિતી અપાઈ હતી.

### ભરૂચ લોકસભા બેઠકના

## અપક્ષ ઉમેદવારના ટેકેદારો પર હિંસક હુમલો કરનાર બે ને પોલીસે ઝડપી પાડયા

**(પ્રતિનિધિ) ભરૂચ,**
જંબુસર તાલુકાના કાવી ખાતે રહેતા અને લોક સભા ની ચુંટણીમા ભરૂચ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારના ટેકેદારો ઉપર ગામના આમ આદમી પાર્ટીના સમર્થક એવા બે ઈસમોએ તલવારથી હુમલો કરતા ત્રણ ટેકેદારોને ઈજાઓ પહોંચી હોવાના તથા બનાવ સંદર્ભે કાવી પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી હુમલાખોરોને ગણતરીના કલાકોમાં દબોચી લીધા હતા.

કાવી પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકાના કાવી ગામના સુથાર ચકલા ફળિયામાં રહેતા મુબારક યુનુસ હસન ધેનધેન ઉ.વ.૩૯ ના ઓ લોકસભાની ભરૂચ બેઠકના અપક્ષ ઉમેદવાર સાજીદ મુન્શી સાથે પ્રચાર માટે કાવી આજુબાજુના ગામડાઓમાં ગયા હતા અને પ્રચાર પુર્ણ કરી ગતરોજ રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાના અરસામાં મુબારક ધેનધેન તથા સકીલ ઈસા ધેનધેન,સીરાજ અયુબ ધેનધેન તેઓના ઘરે જતા હતા તે વખતે મુબીન ઈસ્માઈલ ધેનધેન મુબારકને કહેવા લાગેલ કે તમારી કાતર જીતવાની નથી તેમ કહીને અપશબ્દો બોલતા સકિલ ધેનધેને ગાળો બોલવાના પાડતા મુબીન ધેનધેન તેના ઘરે જઈને તલવાર લાવી મુબારકને તલવારથી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે મારવા જતા મુબારકે બન્ને હાથ આગળ કરી દેતા જમણા હાથના કાંડાના ભાગે ઈજા પહોંચી હતી તથા અન્ય હુમલાખોર બસીરભાઈ અકક્કુજી ધેનધેન પણ મુબારકને ઢીકાપાટુનો માર મારતા હોય તે વખતે સકીલ ધેનધેન તથા સિરાજ ધેનધેન બચાવવા વચ્ચે પડતા તેઓને પણ તલવારથી નાની મોટી ઈજા પહોંચી હતી અને બન્ને હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છુટયા હતા.આ બાબતે કાવી પોલીસ મથકે મુબારક ધેનધેને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોધી તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એ.આહીરે સંભાળી હતી અને બન્ને હુમલાખોરોને ગણતરીના કલાકોમાં દબોચી લીધા હતા.

### મચ્છરોનો ઉપદ્રવ થતાં રોગચાળાની ભીતિ

## ભરૂચના ન્યુ આણંદનગરમાં ગંદુ પાણી વહેતા પ્રજાને મુશ્કેલી

**ભરૂચ,**
ભરૂચ શહેર ન્યુ આનંદનગર વિસ્તારમાં લવ નામની બિલ્ડીંગ આવેલી છે જેમાં અનેક ભાડુઆતો રહેતા હોય પરંતુ તેના માલિક દ્વારા વપરાશમાં લેવાતું પાણી નિકાલની કોઈપણ પ્રકારની વ્યવસ્થા નહીં કરી હોવાના આક્ષેપો સ્થાનિક રહીશો કરી રહ્યા છે જેના કારણે આ બિલ્ડીંગનો ગંદુ પાણી જાહેર માર્ગો પર ફરી વળતાં ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે.

આ માર્ગ પર નજીકમાં મસ્જિદ આવેલી હોય નમાઝીઓને નમાઝ પઢવા જવા માટે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ અંગે સ્થાનિકોએ અનેક વખતે આ બિલ્ડીંગના માલિક અને પાલિકામાં રજૂઆતો કરી હતી તેમ છતાંય કાર્યવાહી નહીં કરવામાં આવતાં સ્થાનિકોમાં આક્રોશ ફેલાઈ ગયો છે. બાળકોનું વેકેશન શરૂ થયું હોય માર્ગ પર ગંદકી ઊભી થવાના કારણે લોકોમાં રોગચાળાનો ભય લાગી રહ્યો છે. પાલિકા દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરાય તેવી માંગ કરી રહ્યા છે.

## રૂા.૧૫ લાખના લાંચ કેસમાં સુરત ઈકો સેલનો કોન્સ્ટેબલ એસીબીમાં હાજર થયો

**સુરત,**
કરોડોની છેતરપિંડી માં ઝડપાયેલા વેપારીના ભાગીદારને છોડવા અને તેમની ઓફિસનો સામાન, ડાયમંડ પરત કરવા માંગેલા રૂા.૧૫ લાખના લાંચ કેસમાં સુરત પોલીસના ઈકો સેલના એએસઆઈ સાગર પ્રધાને એસીબીમાં સરેન્ડર કરતા એસીબીએ તેની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રૂા.૧૫ લાખ પૈકીના રૂા.૫ લાખ લેતા એએસઆઈના ભાઈને એસીબીએ ૧૦ દિવસ પૂર્વે કતાર ગામમાંથી ઝડપી લેતા એએસઆઈ ફરાર થઈ ગયો હતો.

ઈકો સેલે બે અઠવાડિયા અગાઉ કરોડોની છેતરપિંડીમાં કતાર ગામના વેપારીની ધરપકડ કરી તેના ભાગીદારને પણ લાવી હતી અને તેને છોડવા અને તેમની ઓફિસનો સામાન, ડાયમંડ પરત કરવા ઈકો સેલના એએસઆઈ સાગર સંજયભાઈ પ્રધાને રૂા.૧૫ લાખની લાંચ માંગી હતી. રૂા.૧૫ લાખમાંથી રૂા.૫ લાખ આપવા ગત ૨૩ એપ્રિલના રોજ તેણે ભાગીદારને કહ્યું હતું. જો કે ભાગીદારે સુરત એસીબીનો સંપર્ક કરતાં છટકું ગોઠવી કતાર ગામ અલકાપુરી સર્કલ બ્રિજ નીચે એએસઆઈ સાગર પ્રધાનના કહેવાથી તેના ભાઈ ઉત્સવ પ્રધાને લાંચની રકમ રૂા.૫ લાખ સ્વીકારતા રંગે હાથ ઝડપાયો હતો.

### સુરેન્દ્રનગરમાં ૧૦૭ કિલો ચાંદીની લૂંટ કરી હતી

## કુખ્યાત શિવા મહાલિંગમ અને તેના બે સાગરિત ઝબ્બે

**સુરત,**
સુરેન્દ્રનગરમાં ૧૦૭ કિલો ચાંદીની ધાડમાં વોન્ટેડ આરોપી કુખ્યાત શિવા મહાલિંગમ અને તેના બે સાગરિત સુરતમાં હત્યાના ગુનાને અંજામ આપે તે પહેલાં ક્રાઈમ બ્રાન્ચે માનદરવાજા પાસેથી પકડી પાડયા છે. તેમની પાસેથી ૨ પિસ્તલ અને ૧૦ કાર્ટીઝ મળ્યા છે. માર્ચમાં સુરેન્દ્રનગરમાં આ ટોળકીએ ૧૦૭ કિલો ચાંદીની લૂંટ કરી હતી. શિવા મહાલિંગમ ઉર્ફે આફતાબ મુંગયન પિલ્લઈ (રહે.ફતેહવાડી, અમદાવાદ) ફિરોઝ ઉર્ફે લંગડો સિરાજુદ્દીન શેખ (રહે.નાલાસોપારા, મુંબઈ) અને શોએબ ઉર્ફે શાહરૂખ અસ્લમ શેખ (રહે.અલી ફલેટ, સરખેજ, અમદાવાદ)ની સામે ક્રાઈમ બ્રાન્ચે ગુનો દાખલ કરી ધરપકડ કરી છે. શિવા મહાલિંગમ ૨૧થી વધુ હત્યા, ધાડ, લૂંટ અને હથિયારોમાં પકડાયેલો છે. વર્ષ ૨૦૧૨માં અમદાવાદમાં કરશન પટેલના નીમા ફાર્મના બંગલામાં ધાડ અને વડોદરામાં કુખ્યાત અઝરૂદ્દીનની જેલમાં હત્યા કરી હતી. ૬ મહિના પહેલાં પણ મહાલિંગમ હથિયાર સાથે અમદાવાદમાં પકડાયો હતો.

### સુરતમાં પિતાએ પુત્રે કરેલું ૪૦ લાખનું દેવું ચૂકવ્યું

## પુત્ર વિદેશ જઈ ભૂલી જતાં વૃદ્ધ દંપતીએ જીવન ટૂંકાવ્યું

**સુરત,**
ફાયનાન્સના ધંધામાં નુકસાનના કારણે પુત્રના માથે ૪૦ લાખ જેટલું દેવું થઈ જતાં પિતાએ સંબંધીઓ પાસેથી રૂપિયા લઈ દેવું ચૂકવી આપ્યું હતું. જો કે, દેવું ચૂકવાઈ ગયા બાદ વિદેશ સ્થાઈ થયેલો પુત્ર વૃદ્ધ માતા-પિતાને પૂછતો પણ ન હોવાથી હતાશ વૃદ્ધ દંપતીએ એક સાથે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃદ્ધે આપઘાત પહેલાં સુસાઈડ નોટ લખી હતી. જેમાં તેમણે પુત્રવધુ દ્વારા કરવામાં આવેલા ગેરવર્તન અને પુત્રએ માથે કરેલા દેવાના કારણે થાકી ગયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. સાવરકુંડલાના ભૂવા ગામના વતની અને સરથાણા મીરા એવન્યુ ખાતે રહેતા ૬૬ વર્ષીય ચુનીભાઈ ભગવાનભાઈ ગેડીયા નિવૃત્ત જીવન વ્યતિત કરતા હતા. શનિવારે મળસ્કે ચુનીભાઈ અને તેમના ૬૪ વર્ષીય પત્ની મુકતાબેને એક સાથે પોતાના ઘરમાં પંખા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. બનાવની જાણ થતાં સરથાણા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

# Movie મસાલા

## "કૈસે મુઝે તુમ મિલ ગયેં"માં અર્જિત તનેજાનું એક્શન-પેક્ડ પર્ફોર્મન્સ

ઝી ટીવીનો પ્રસિદ્ધ શો કૈસે મુઝે તુમ મિલ ગયેં એ તેની પકડતી વાર્તા અને અમૃતા (પાત્ર કરી રહી છે, શ્રિતિ ઝા) અને વિરાટ (પાત્ર કરી રહ્યો છે, અર્જિત તનેજા)ની વચ્ચેની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીથી દર્શકોને શો સાથે આકર્ષિત કર્યા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ ભવાની માટે વિરાટનું સુંદર વર્તન જોયું, જ્યાં તેને એક એવું ઘર ભેટ કરવા ઈચ્છતો હતો, જેમાં ભવાની એ વિરાટ માટે જે કંઈ પણ કર્યુ તેના માટે વિરાટ તેને એક ઘર ભેટ કરવા ઈચ્છે છે. તેને વધુ ખાસ બનાવવા માટે તે ભવાની અને અમૃતાને બાંધકામની સાઈટ પર લઈ જાય છે અને તેમને ફ્લેટ બતાવે છે. જો કે, વિરાટ પર અભિરાજ (પાત્ર કરી રહ્યો છે, અંગદ હસીજા)ના ગુંડાઓ હુમલો કરે છે, ત્યારે તેમની આ ખુશીની પળો દુઃખદ ક્ષણમાં ફેરવાઈ જાય છે. વિરાટને બચાવવા જતા અમૃતાને પણ ઈજા થાય છે. આ જોઈને, વિરાટ ઈજાગ્રસ્ત હોવા છતા પણ ગુંડાઓ સામે લડે છે.



અર્જિત તનેજા કહે છે કે, એક ફાઈટ સીનનું શૂટિંગ ખૂબ જ પડકારજનક છે, પણ તેને તે વધુ થ્રિલિંગ લાગે છે. આવા સ્ટંટ સીનને કરવાનો તેનો ઉત્સાહ તેની બહુવિધ પ્રતિભાની સાથે ભાવનાત્મક અને એક્શન- પેક્ડ ક્ષણોમાં તેની પકડ દર્શાવે છે. અર્જિત આ સિકવન્સના શૂટિંગને એટલી સારી રીતે કરી રહ્યો છે કે, તે સીન વાસ્તવિક લાગે છે.

અર્જિત તનેજા કહે છે, ''એક્શન એ મારી સૌથી પસંદગીની શૈલી છે, તે મને અલગ જ ઉત્સાહ આપે છે. ફાઈટ સિકવન્સ માટેનું શૂટિંગ મને મારી સિમારેખાથી કંઈક વધુ કરવા પ્રેરે છે અને આવા ટ્રેકમાં શારીરિકની સાથોસાથ માનસીક તાકાતની પણ જરૂર રહે છે. સ્ટંટ માસ્ટરની સાથે તાલિમથી લઈને કેમેરાની સામે પર્ફોર્મન્સ સુધી, એક અલગ જ ઉત્સાહ આવે છે. હું હંમેશા આવા ટ્રેક માટે તૈયાર હોઉં છું અને ક્યારેય તેમને ના નથી કહેતો.''

## હપ્પુએ રાજેશને કરી બેઘર!

એન્ડટીવી પર ઘરેલુ કોમેડી શો હપ્પુ કી ઉલટન પલટને હાસ્યસભર અને મનોરંજક વાર્તા સાથે દર્શકોનું ધ્યાન ખેંચવાનું ચાલુ રાખ્યું છે. દરોગા હપ્પુ સિંહ (યોગેશ ત્રિપાઠી) અને રાજેશ (ગીતાંજલી મિશ્રા) વચ્ચે રોચક પ્રેમ સતત હાઈલાઈટ રહી છે, જે દર્શકોમાં ખુશી લાવતો રહ્યો છે. જોકે આશ્ચર્યજનક વળાંકમાં આગામી વાર્તા ત્યારે નાટકીય વળાંક લે છે જ્યારે હપ્પુ રાજેશને તેમનું ઘર છોડી જવા કહે છે.

આગામી વાર્તા વિશે બોલતાં યોગેશ ત્રિપાઠી ઉર્ફે દરોગા હપ્પુ સિંહ કહે છે, ×હપ્પુને જ્યોતિષ વિશે નાગરિક પાસેથી પોલીસ ફરિયાદ પ્રાપ્ત થાય છે, જેમાં જ્યોતિષના ખોટા આઈડિયાને લીધે તેના જીવનમાં ઊથલપાથલ મચી છે એવી ફરિયાદ કરે છે. પૂછપરછ દરમિયાન જ્યોતિષ તેના વાર્તાલાપ સાથે હપ્પુને મોહિત કરે છે. તે હપ્પુને ગેરમાર્ગે દોરીને એવું માનવા પ્રેરિત કરે છે કે તે નજીકના ભવિષ્યમાં નવો એસીપી બની શકે છે. જોકે આ હોદ્દો પ્રાપ્ત કરવા માટે હપ્પુએ તેની પત્નીથી અલગ થવાનું રહેશે. ઘરે આવ્યા પછી હપ્પુ રાજેશને સ્થિતિ વિશે જાણ કરે છે અને તેને ઘર છોડી જવા કહે છે. રાજેશ દલીલો પછી બેની (વિશ્વનાથ ચેટરજી)ના ઘરે જાય છે. રાજેશ જતી રહેતાં હપ્પુનું જીવન દોજખ બની જાય છે, કારણ કે તેને કટોરી અમ્મા (હિમાની શિવપુરી) દ્વારા બનાવવામાં આવેલું ખાવાનું ભાવતું નથી. જેલમાંથી ગુનેગાર ભાગી જાય છે અને તેને સસ્પેન્ડ કરીને ટ્રાફિક પોલીસમાં બદલી કરાય છે.×



રાજેશ ઉર્ફે ગીતાંજલી મિશ્રા કહે છે, ×બીજી બાજુ રાજેશનો રસોઈ બનાવતી વખતનો વિડિયો વાઈરલ જતાં તેનું નસીબ બદલાઈ જાય છે અને તેને પ્રસિદ્ધ શેફ રણજીવ કપૂર દ્વારા તેની ટીમમાં જોડાવાની ઓફર મળે છે.× શું હપ્પુને ભૂલનું ભાન થઈને તે રાજેશની માફી માગશે?

## "અટલ" જૂઠાણાનો પર્દાફાશ કઈ રીતે કરશે?

એન્ડટીવી પર અટલની આગામી વાર્તામાં ભરપૂર ડ્રામા જોવા મળવાનો છે. આ સપ્તાહની વાર્તામાં અટલ (વ્યોમ ઠક્કર) વિરુદ્ધ કાવતરાથી અવધ નોકરી આંચકી લે છે. અટલ બધા સચ્ચાઈ જાણે એવું ચાહતો હોય છે ત્યારે તે એવી પડકારજનક સ્થિતિઓનો સામનો કરે છે જેનાથી તેની સામે વધુ અવરોધો પેદા થાય છે. આ વાર્તા વિશે બોલતાં કૃષ્ણા દેવી (નેહા જોશી) કહે છે, ''અવધ અધિકારીને અટલનો બોગલ માફી પત્ર આપીને નોકરી મેળવી લે છે. સુદર્શન ત્રિપાઠી (માધવ અભ્યંકર) અવધે કઈ રીતે નોકરી મેળવી તેની ઘોષણા કરવા માટે પોતાના માણસો અને ઢોલવાળાઓ સાથે મહોલ્લામાં આવી ચઢે છે. જોકે અવધ પોતાનો એવું કહીને બચાવ કરે છે કે તેણે તેના પરિવાર અને અટલના ભવિષ્યને ધ્યાનમાં રાખીને પગલાં લીધાં છે. સરસ્વતી સચ્ચાઈ જાહેર નહીં થાય એવું ચાહતી હોવાથી પોતાને હાનિ પહોંચાડવાની ચેતવણી આપે છે અને અટલને પાછળ રહેવા અને સચ્ચાઈ જાહેર નહીં કરવા માટે પૂછે છે. કૃષ્ણા દેવી ઘાતકી પગલું લેવાથી સરસ્વતીને રોકે છે અને કિશન બિહારી વાજપેયી (આશુતોષ કુલકર્ણી) કોઈ પણ દુર્ઘટના ટાળવા માટે અટલને રૂમમાં બંધ કરીદે છે. જોકે અટલ સચ્ચાઈ જાહેર કરવા માગે છે અને રૂમની અંદરથી પણ બૂમ પાડતો રહે છે: હું બધાને જણાવીશ કે મેં માફીનામું લખ્યું નથી. હવે અટલ આ પડકારજનક સ્થિતિમાંથી બહાર કઈ રીતે આવશે અને આખા કાવતરાનો પર્દાફાશ કઈ રીતે કરશે?



## ગોધરામાં ઠેર ઠેર ખુલ્લા બોક્સ ક્રિકેટના માધ્યમથી સટ્ટો રમાતો હોવાની ચર્ચાઓ

**ગોધરા,**
ગોધરામાં ક્રિકેટ ઉપર સટ્ટો રમતા અને રમાડતા વ્યક્તિઓએ હવે સટ્ટો રમવાની પોતાની પદ્ધતિ બદલી હવે શહેરના સ્થાનિક યુવાનો વચ્ચે રમાતી ક્રિકેટ મેચમાં પરિવર્તિત કરી છે.ગોધરાનું યુવાધન હવે શહેર ઠેર ઠેર ખુલેલા બોક્સ ક્રિકેટના માધ્યમથી લાઈવ સટ્ટો રમવાનું વલણ શરૂ કર્યું છે.

વિસ્તૃત જાણકારી મળવા મુજબ મોડી રાત સુધી ચાલતા બોક્સ ક્રિકેટ હવે મનોરંજનના બદલે દુષણ બનતા જાય છે.યૌવન ધન મોડી રાત સુધી પોતાનો સ્લોટ આવવાને લઈને રાહ જોતા ભેગા મળી ટોળા ટપ્પા કરી વ્યસની થતા જાય છે. જુગારીઓએ હવે ક્રિકેટ ઉપર જુગાર રમવાનો પોતાનો રસ્તો બદલ્યો છે.જુગારીયાઓ હવેઁ - ની મેચ ઉપર સટ્ટો રમવાના બદલે ક્રિકેટ બોક્સમાં ચાલતી બે ટીમો વચ્ચે ની મેચ માં સટ્ટો રમતા થઈ ગયા છે.

રાત્રી દરમ્યાન ભેગા થયેલા આ યુવાનો વચ્ચે ઘણી વાર બોલાચાલી , ઝઘડા અને હાથાપાઈ પણ થતી હોય છે.મોડી રાત્રે બોક્સ ક્રિકેટ રમી પરત ફરતી વખતે યુવાનો બાઈક પર સતત હોર્ન અને કિલકારીઓ કરતા ફૂલ સ્પીડે નીકળતા હોય છે જેને લઈને અકસ્માત ની સંભાવના રહેતી હોય છે.તેમજ આ યુવાનો ફોર વહીલર માં હોય તો મોટે મોટે થી સાઉન્ડ સિસ્ટમ વગાડતા ફૂલ સ્પીડ માં નીકળતા હોય છે. રસ્તામાં આવતી હોસ્પિટલો માં હોર્ન ના અવાજ થી ખલેલ પડતી હોય છે.મોડી રાત સુધી આયોજકો પોતાને પૈસા કમાવવાના એક માત્ર આશયથી મોડી રાત સુધી ના સ્લોટ કલાક ના ૩૦૦૦ થી ૪૦૦૦ સુધી આપતા હોય છે . બામરોલી રોડ , D માર્ટ ની બાજુ માં દાહોદ રોડ ઉપર અને શહેરા રોડ ઉપર બોક્સ ક્રિકેટ મોડી રાત સુધી રમાતા હોય છે.મોડી રાત સુધી યુવાનો ભેગા થતા હોય નશાના સોદાગરો પણ આ સમય દરમ્યાન બોક્સ ક્રિકેટની આસપાસ જ મંડરતા રહે છે. જેને લઈને યુવાનો મોડા સુધી ઘરે નથી આવતા જે કારણે મા બાપ ની ચિંતા વધી જાય અને ઊંઘ હરામ થઈ જાય છે બોક્સ ક્રિકેટ -રાત્રે ૧૧ કલાકે બંધ થવું જોઈએ,તદુપરાંત આ બોક્સ ક્રિકેટ સ્થળોની પોલીસ અધિકારીઓ ઔચક મુલાકાત લઈ નશા ના સૌંદગરોની સઘન તપાસ હાથ ધરી કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ.એવી ગોધરા શહેરમાં ચોમેર થી યુવાનોના મા-બાપની માંગ ઉઠી છે.

## સરપંચે પણ મનરેગા યોજનાનો લાભ લીધો

**વેજલપુર ગામમાં મનરેગા યોજનાનુ પોલમપોલ સરપંચે પણ મનરેગા લાભાર્થી તરીકે ૧૩ દીવસો પરસેવો પાડી ને રોજગારી માટે મહેનત કરી.!!**

**(પ્રતિનિધિ) ગોધરા,**
કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં મનરેગા યોજના ઓની સાથે સાથે મનરેગા શાખા ના અધિકારીઓ ની સાઠગાંઠ ને કારણે છેલ્લા એક વર્ષથી ખોરંભે પડેલ હાઈવે થી મોટા મહાદેવ મંદિર, નદી તરફ નો સી.સી રોડ કોન્ટ્રાકટર દ્વારા અધુરો મુકવામાં આવ્યો હતો તે સી સી રોડ કોન્ટ્રાકટર દ્વારા કામ પૂર્ણ કરવામાં આવેલ ન હોય જેથી તાલુકા વિકાસ અધિકારી ના આશીર્વાદ થી વેજલપુર ગામના સરપંચ અને મનરેગા શાખા ના અધિકારીઓ દ્વારા એક બીજાના મેળાપીપણા થી ભ્રષ્ટાચાર આચરી કાગળો ઉપર ઘોડા દોડાવી હાલના સરપંચ ના જોબકાર્ડ માં તા/ ૦૩/૦૧/૨૦૨૪ થી તા/ ૧૫/૦૧/ ૨૦૨૪ એમ કુલ ૧૩ દિવસ ની વેતન ની એન્ટ્રી પડતા સમગ્ર ગામમાં ચર્ચા નો વિષય બન્યો છે કે હાલ પદ ઉપર બેઠેલા સરપંચ ગામમાં કોઈ વિકાસ કરે કે ના કરે પણ મનરેગા ના અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારી ના આશીર્વાદ થી કાગળો ઉપર વિકાસ ફાલ્યો ફુલયો દેખાય રહ્યો છે.

મનરેગા ના અધિકારીઓ અનેક હદ વટાવી દીધી છે કે ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર રાખવામાં આવતી નથી કાલોલ મનરેગા શાખા ના અધિકારીઓ અનેક વખત વિવાદો માં સપડાયા હોવા છતાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેઓ વિરૂદ્ધ કાયદાકીય કોઈ પગલાં લેવાતા ના હોય જેથી તેઓ ભ્રષ્ટાચાર આચરવામાં ટેવાઈ ગયા હોય તેવું લાગી રહયુ છે અગાઉ પણ ગ્રામ પંચાયત ની ચૂંટણી વખતે ચૂંટણી નો પ્રચાર જોરો સોરો થી ચાલી રહયો હતો તયારે બીજી તરફ મનરેગા ના અધિકારીઓ આંખ આડા કાન કરી સરપંચ ની ઉમેદવારી નોંધાવેલ ઉમેદવાર ના જોબકાર્ડ માં તાડ ફળીયા માં પેવર બ્લોક ના કામો કર્યા ની વેતન ની એન્ટ્રી પાડવામાં આવી હતી જેથી સમગ્ર ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો. બોગસ લાભાર્થીઓ, ભૂતિયા લાભાર્થીઓ બનાવી બારોબાર નાણા નો વહીવટ કોણ કરી રહ્યુ છે તેની વિગતે તપાસ થશે તો ઘણા બધા અધિકારીઓ ની સંડોવણી બહાર આવશે.મનરેગા યોજના ના અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી થશે ખરી કે પછી આવ ભાઈ હરખા આપડે બેઉ સરખા જેવો ઘાટ થશે..



લિટલ કિંગડમ સ્કૂલ નડિયાદ ના કે.જી વિભાગના બાળકોનો ગ્રેજ્યુએશન શેરેમની પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, આશિયાનાપાર્ટીપ્લોટમાંસાથે.મતદાનજાગૃતિપ્રોગ્રામકરવામાંઆવેલ મુખ્ય અતિથિ તરીકે સ્વામીજી શ્રી મુદિતવંદનાનંદજી ઉપસ્થિત રહેલ તેમજ શાળાના સંચાલક કીર્તિબેન ઝા અને શિક્ષણ ગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં આ કાર્યક્રમનો આયોજન કરવામાં આવેલ.કે.જી વિભાગના વિદ્યાર્થીઓ સાથે માતા-પિતાએ સુંદર પર્ફોર્મન્સ કરેલ કાર્યક્રમના અંતે મોટી સંખ્યામાં દરેક વાલીઓએ મતદાન માટેના શપથ ગ્રહણ કરેલ.
(તસ્વીર:-સાજીદ સૈયદ, નડિયાદ)

## અંકલેશ્વરમાં ટેન્કર સફાઈ કરી રહેલા ૪ ડ્રાઈવરોને ગેસની અસર થતાં બેનાં મોત, બે ગંભીર

**અંકલેશ્વર,**
અંકલેશ્વરની એચ.બી.રોડ લાઈન્સ એન્ડ વોટર સપ્લાઈ ટ્રાન્સપોર્ટમાં ટેન્કર સાફ કરવા ઉતરેલા એક પછી એક ૪ ડ્રાઈવર ગેસની અસર થઈ હતી. જે પૈકી એકનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. અન્ય ૩ કામદારોને સારવાર અર્થે ખસેડાયા હતા. સારવાર દરમિયાન વધુ એક કામદારનું મોત નિપજ્યું હતું. જીઆઈડીસી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી એફએસએલની મદદથી તપાસ શરૂ કરી હતી. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ માધવ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પ્લોટ નં.૧ અને ૨ પર આવેલ એચ.બી.રોડ લાઈન્સ એન્ડ વોટર સપ્લાય ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવર સુનિલ રાજારામ પણ ટેન્કરની ટાંકીમાં ઉતરતા તેને ગેસ લાગતા ચક્કર આવતા ટેન્કરની ટાંકીમાં પડી બેભાન થઈ ગયો હતો. તેને બહાર કાઢવા ભાવિન હરિશ્યામ પાલ પણ અંદર ઉતરતા તેને ગેસ અસર થઈ હતી. ચક્કર આવી અંદર પડી ગયો હતો. બન્ને બહાર કાવા રાહુલ હરીરામ પાલ અને રજુ સુરેશ મિસ્ત્રી પણ બહાર કાઢવા ગયા હતા. તેમને પણ ગેસની અસર થઈ હતી જે પૈકી સુનીલ રાજારામ પાલનું સ્થળ પર ગેસની અસરથી મોત નિપજ્યું હતું.

# મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

## ધર્મરથનું ખોડલધામમાં સમાપન

### ક્ષત્રીયોએ પાઘડી ઉતારી પાટીદારોનો આભાર માન્યો

**રાજકોટ,**
રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરશોતમ રૂપાલાની ટીપ્પણી પછી ક્ષત્રીયોએ શરૂ કરેલા આંદોલન પાર્ટ-૨ અંતર્ગત રાજકોટથી શરૂ કરાયેલા ધર્મરથનું આજે પાટીદારોના કુળદેવી એવા કાગવડ ખાતેના ખોડલધામ માતાના મંદીરે સમાપન કરાયું હતું.

રૂપાલા પછી ભાજપની વિરૂધ્ધમાં મતદાનનો મોરચો લઈને નીકળેલા ક્ષત્રીય સમાજનો ધર્મરથ સમગ્ર ગુજરાતમાં ફર્યો હતો. આજે કાગવડ ખોડલધામમાં ધર્મરથની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. જયાં રાજપુત સમાજના આંતરરાષ્ટ્રીય પ્રમુખ પી.ટી. જાડેજાએ પાટીદાર અને ક્ષત્રીય સમાજના એક થવા બદલ પાઘડી ઉતારી પાટીદારનો આભાર માન્યો હતો. કાગવડ ખાતે સંકલન સમીતીના પી.ટી. જાડેજા ગાયત્રીબા વાઘેલા સહીતના મોટી સંખ્યામાં ક્ષત્રીય સમાજના અગ્રણીઓ ધર્મરથ સાથે હાજર રહયા હતા. ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ હાર એન ખેસ પહેરાવીને ધર્મગ્રંથનું સ્વાગત કર્યુ હતું. ૭ દીકરીઓના હસ્તે ધર્મસ્થને કંકુ તિલક કરી વધાવવામાં આવ્યા હતા. રાજપુત સમાજના આંતરરાષ્ટ્રીયય પ્રમુખ પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું કે, નવ દિવસથી રાજપુત સમાજનો રથ ગામે ગામ ફરી રહયો છે. આજે મા ખોડલના ધામમાં રથયાત્રાની પુર્ણાહુતિ થઈ છે. ૫૦૦ જેટલી ગાડીઓ સાથે આખો ક્ષત્રીય સમાજ આવ્યો છે. પાટીદાર સમાજે અમારું સન્માન કર્યું તે ખુબ જ અદ્ભતુ સન્માન હતું. આજ પાટીદાર સમાજનો પ્રેમ છે. હું પાઘડી ઉતારીને પાટીદાર સમાજને વંદન કરું છું.

## વડોદરાના ડબલ મર્ડર કેસમાં યુવકે ડોકટરના નામે સાસરિયાને ડરાવ્યા હોવાનો ઘટસ્ફોટ

**સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ નથી, જાણ બહાર ઝેરી રસ પીવડાવ્યો હતો : ડોકટરો કિડની અને બીજા અવયવો કાઢી લે છે તેમ કહીને પોસ્ટમોર્ટમ થવા દીધું નહીં**

**વડોદરા,**
તરસાલીના સોની પરિવારના સભ્યોને શેરડીના રસમાં ઝેર પીવડાવી મારી નાખ્યા બાદ બારોબાર અંતિમ સંસ્કાર કરવાના કેસમાં નવો ઘટસ્ફોટ થયો છે. પત્નિ, પુત્ર અને પિતાને મારી નાખવાના પ્રયાસમાં પત્ની અને પિતાનું મૃત્યુ થયું છે જયારે પુત્ર જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે. ગત તા.૧લી મેની રાતે ચેતનભાઈ મનોહભાઈ સોની ક્યાંકથી શેરડીનો રસ લઈ આવ્યા હતા. આ રસમાં તેમણે પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈડ મિકસ કરીને પત્ની બિંદુબેન, પુત્ર આકાશ અને પિતા મનોહરભાઈને પીવડાવ્યો હતો. ફૂડ પોઈઝનિંગ થયું છે જણાવીને સયાજીમાં દાખલ કર્યા હતા. સૌ પ્રથમ પિતા અને પછી બિંદુબેનનું મોત નીપજયું હતું.

ચેતનભાઈ સોનીના કુટુંબના ઘણા ઓછા સભ્યો હતા જયારે બિંદુબેનના પીયર પક્ષના સભ્યોની સંખ્યા વધુ હતી. અંતિમ વિધિ માટે સાળા મનોજકુમાર સોનીએ બનેવી ચેતનભાઈ સોનીને પુછયું હતું કે અકાળે થયેલા મૃત્યુ બદલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવવું જોઈએ. જેના જવાબમાં ચેતનભાઈએ એવો જવાબ આપ્યો હતો કે, આપણે ડેડબોડીનું પોસ્ટમોર્ટમ કરાવીશું તો ડોકટરો અને મેડિકલ સ્ટાફ કિડની અને શરીરના અન્વ અવયવો કાઢી લેશે, આમ જણાવીને પત્ની બિંદુબેનના પીયર પક્ષના સભ્યોને ખામોશ કર્યા હતા. દવાખાનાની વર્ધીથી લઈને અત્યાર સુધીની તપાસમાં એવું ચિત્ર ઉપસી આવે છે કે, ચેતનભાઈ સોનીનો બાદ કરતાં સોની પરિવારના બાકીના ૩ સભ્યો જયારે તા.૧લીએ રાત્રે શેરડીનો રસ પી રહ્યાં હતા ત્યારે આ રસમાં ખતરનાક ઝેર ભેળવાયું હોવાથી સંપૂર્ણપણે અજાણ હતા. આ કિસ્સો સામુહિક આત્મહત્યાનો હોત તો ચેતનભાઈએ પણ શેરડીનો રસ પીધો હોત. ચેતનભાઈએ ત્યારે ઝેર પીધું જયારે પત્ની અને પિતાના મૃત્યુ પછી પોલીસ તપાસ શરૂ થઈ. તે પોતે શંકાના દાયરામાં આવી ચૂકયા હતા. ચેતનભાઈ હાલ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેમની અને પુત્ર આકાશ બંન્નેની તબિયત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

# ગામે ગામના સમાચાર

## ડોળાસા સેવા સહકારી મંડળીનું અદ્યતન ભવનમાં સ્થળાંતર

**ડોળાસા,**
કોડિનાર તાલુકાના ડોળાસા ગામની સેવા સહકારી મંડળીની ઓફિસ પોતાના બનાવેલા અદ્યતન બિલ્ડિંગમાં પહેલા માળે ફેરવવામાં આવી છે.

ડોળાસાની સેવા સહકારી મંડળીએ પોતાના આશરે રૂ.પચીસ લાખના ખર્ચે સહકારી ભવનના નામે અદ્યતન બિલ્ડિંગ બનાવ્યું છે. ડોળાસા સેવા સહકારી મંડળી દ્વારા ડોળાસા ગામના ૭૦૦થી વધુ ખેડૂત સભાસદોને અગિયાર કરોડ રૂપિયાથી વધુનું ખેતીવાડી ધિરાણ અપાયું છે. અત્યાર સુધી ડોળાસા સેવા સહકારી મંડળી જૂના મકાનમાં કાર્યરત હતી પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ડોળાસા સેવા સહકારી મંડળીની આવકમાં નોંધપાત્ર વધારો થતાં મંડળીના સભાસદો અને સંચાલકોના નિર્ણયથી સેવા સહકારી મંડળીને અદ્યતન ઓફિસ મળી છે જેમાં મોટો હોલ કે જ્યાં ખેડૂત સભાસદો મોટી સંખ્યામાં બેસી શકે તેવો બનાવવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઓફિસ રૂમ, સ્ટોર રૂમ અને એક અતિથિ રૂમ પણ તૈયાર કરાયો છે તેમ ડોળાસા સેવા સહકારી મંડળીના મંત્રી સુભાષભાઈ મોરીએ જણાવ્યું છે.

ડોળાસા સેવા સહકારી મંડળી ખેડૂતોને ધિરાણ આપે છે તે કોડિનાર તાલુકા કો.ઓપ.બેંકના માધ્યમથી આપે છે આ બેંક પણ નીચે જ હોય ખેડૂતોને ધિરાણ મેળવવા દોડાદોડી કરવી નહીં પડે.

## અમરેલીમાં કેળવણીકારના જન્મદિને ૪૦૦૦ વૃક્ષ વાવી ઉછેર કરવાનો સંકલ્પ

**અમરેલી,**
અહીંના નિત્યમ વિદ્યા સકુલના સ્થાપક, ચેરમેન અને કેળવણીકાર હસમુખ પટેલે પોતાના જન્મદિને વૃક્ષારોપણની પરંપરા જાળવી રાખી છે તેમને ૪૦ વર્ષ પૂર્ણ થતાં એક વર્ષમાં ૪૦૦૦ વૃક્ષ વાવવા, ઉછેરવાનો સંકલ્પ લીધો છે. નિત્યમ વિદ્યા સંકુલ, સહજ સિટીના પટાંગણમાં ૪૦૦૦ વૃક્ષનું વાવેતર કરી સમગ્ર કેમ્પસને ગ્રીન કેમ્પસ બનાવવાનો નિર્ધાર કરાયો છે.

પર્યાવરણ બચાવવા અને વૃક્ષ વાવેતરમાં સરકાર, સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ પોતાનું આગવુ યોગદાન આપી રહી છે ત્યારે નાગરિકોએ પણપોતાના જન્મદિને કે લગ્નદિનની ઉજવણીમાં ખોટા ખર્ચ ત્યજી પર્યાવરણના રક્ષક તરીકે ફરજ બજાવવી જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### જામનગરમાં ઈટ્રા અંતર્ગત અનિદ્રાના રોગ માટે સારવાર કેમ્પ

જામનગર : જામનગરમાં આઈટીઆરએ ખાતે ક્રિયા શરીર વિભાગ દ્વારા અનિદ્રાને લગતા રોગ માટે વિનામુલ્યે નિદાન સારવાર ઓપીડીનું આયોજન કરવામાં આવ્યું છે. આયુર્વેદ પદ્ધતિથી નિદાન અને સારવાર માટે ક્રિયાશરીર વિભાગ, ઓ.પી.ડી. રૂમ ન.૧૬-સી, હનુમાન ગેઈટ પોલીસ ચોકી પાસે, ધન્વંતરી મેદાન પરિસરમાં તા.૬ થી ૧૦ સુધી સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૫-૧૫ વિના મુલ્યે ઓપીડી યોજાશે. જેનો લાભ લેવા સંસ્થાના નિયામક પ્રો. વૈદ્ય અનુપ ઠાકરે અનુરોધ કર્યો છે.

### અમરેલીમાં સમસ્ત કોળી સમાજનો ૧૬ જૂને સમૂહ લગ્નોત્સવ યોજાશે

અમરેલી : અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનો ૪૦મો સમૂહ લગ્નોત્સવ કોળી શક્તિ યુવક મંડળ દ્વારા તા.૧૬.૬.૨૦૨૪ના યોજવામાં આવ્યો છે જેમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવેલી તેમજ દિવ્યાંગ યુવક-યુવતીઓનો સમસ્ત કોળી સમાજની દિકરીઓને વિનામુલ્યે લગ્ન તથા સરકાર દ્વારા સમૂહલગ્ન સાતફેરા યોજના તેમજ કુંવરબાઈ મામેરાનો લાભ મળશે. લગ્ન નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. જેથી મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહીલ શ્રીરામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર હરીરામ હોલસેલ માર્કેટ દુકાન નં.બી/એફ ૧૩ મો.૩૯૭૪૭ ૩૪૮૨૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

### ધોળા ગામે મહિલા પરહુમલો કરનાર શખ્સને છ માસની સજા

**વલભીપુર,**
ઉમરાળા તાબેના ધોળા ગામે રહેતાં હીનાબેન પરેશભાઈ કોતર નામની મહિલા તેની વાડીએ કામ કરતાં હતા ત્યારે ગામમાં રહેતો વિપુલ અમરા ગલાણી નામના શખ્સને માલઢોર ચરાવતા હીનાબેને ઠપકો આપતા વિપુલ ગલાણી ઉશ્કેરાયો હતો અને હીનાબેન પર હુમલો કરી ચેનચાળા કરી નાસી છૂટયો હતો. આ અંગે પોલીસે હીનાબેનની ફરિયાદ પરથી વિપુલ ગલાણી સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. દરમિયાન આ અંગેનો કેસ ચાલી જતાં કોર્ટે વિપુલ અમરા ગલાણીને તકસીરવાર ઠરાવી છ માસની સજા અને રૂા.૫૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

### રાણપુરનો બુટલેગર પાસામાં ધકેલાયો

બોટાદ, રાણપુર ગામે કૃષ્ણનગરમાં રહેતો અને અગાઉ દારૂના ગુનામાં પકડાયેલ ધર્મેન્દ્ર ઉર્ફે ધમો ઉર્ફે ધર્મેશ ધર્મિન વરજાંગ પરમાર નામના બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી ભૂજ પાલારા જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો.

### જામનગરમાં દારૂના નશામાં ફરાર શખ્સ પકડાયો

જામનગર, જામનગરમાં સી.ડી.સી. પોલીસ મથકમાં દારૂના ગુનામાં ફરાર સુનીલ કારૂ જડીયા નામના શખ્સને પોલીસે ઝડપી લીધો હતો.

### ભાવનગરમાંથી દારૂ ભરેલી કાર સાથે ચાલક ઝડપાયો

**ભાવનગર,**
ઘોઘા રોડ પરની મૈત્રી સોસાયટી પાસેથી પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ઘોઘા રોડ પરની ચાઈના સોસાયટીમાં રહેતા કમલેશ ઉર્ફે કમો ગોરધન બાટિયા નામના શખ્સને સ્કોર્પિયો કાર સાથે ઝડપી લીધો હતો અને પોલીસે કારની તલાસી લેતા તેમાંથી રૂા.૫૩,૫૩૦ની કિંમતની ૧૦૧ બોટલ દારૂનો જથ્થો મળી આવતા કબજે કર્યો હતો. પોલીસે દારૂ-કાર સહિત રૂા.૮.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### ભાવનગરમાં એસ્ટેટ બ્રોકરનું અગ્નિસ્નાન

**ભાવનગર,**
ઘોઘા રોડ પરથી શ્રમજીવી સોસાયટીમાં રહેતા ગોવિંદભાઈ ધનજીભાઈ ધાપા નામના એસ્ટેટ બ્રોકર ગઈકાલે રાત્રીના બાઈક લઈને ઘોઘા તાબેના આલપર ગામે આવેલા તેના કુળદેવી આલાપરી ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા અને બાદમાં મંદિરના પરિસરમાં જ્વલનશીલ પ્રવાહી છાંટી અગ્નિસ્નાન કરી લેતા ગંભીર રીતે દાઝી જવાથી ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ થતાં પોલીસ તથા મૃતકના પરિવારજનો દોડી ગયા હતા અને મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ગોવિંદભાઈએ આર્થિક ભીંસથી કંટાળી જઈ આ પગલું ભર્યાનું ખુલ્યું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

## ભાવનગર જિલ્લો મીઠાં ઉદ્યોગના ઉત્પાદનનું હબ

**સૌરાષ્ટ્ર ચેમ્બર, સીઈડી અને લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા મીઠાં ઉદ્યોગમાં તક અંગે સેમિનાર યોજાયો**

**ભાવનગર,**
ભાવનગર જિલ્લામાં વિશાળ દરિયાકાંઠો આવેલો છે, મીઠાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે હજુ પણ આ ઉદ્યોગનો વધારે વિકાસ થાય તે માટે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સી.ઈ.ડી. અને લઘુ ઉદ્યોગ ભારતી-ભાવનગર દ્વારા મીઠા ઉદ્યોગ અને તેને આધારિત ઉદ્યોગો માટે શું કરી શકાય તે વિષે એક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ દિલીપભાઈ કમાણીએ સ્વાગત કરી જણાવ્યું કે ભાવનગર જિલ્લો મીઠા ઉદ્યોગના ઉત્પાદન માટેનું હબ ગણાય છે. હજુ પણ આ ઉદ્યોગમાં વધારે વિકાસ કરી શકાય તેમ છે. આ માટે માર્ગદર્શન આપવા માટે સેમિનારનું આયોજન કરાયું છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા સેન્ટ્રલ સોલ્ટના રિટાયર્ડ પ્રિન્સીપલ સાયન્ટિસ્ટ ડો. અજયભાઈ ભટ્ટએ મીઠાનું ઉત્પાદન, બાયપ્રોડક્ટ અને ક્વોલીટીમાં કઈ રીતે વધારો કરી શકાય તે વિષે વકતવ્ય આપતા જણાવ્યું કે સોલ્ટ વોશમાં નવી બ્રાઈન ફેરવવાની હમણાં વિકસાવેલ પદ્ધતિથી પણ પ્રોડક્શનમાં વધારો કરી શકાય છે. આ ઉપરાંત મીઠું બની ગયા બાદ તેમાંથી છુટા પડેલ બીટર્ન નામના લિક્વિડમાંથી ફુટ સોલ્ટ મીઠાનું પ્રોડક્શન વધારી શકાય છે. સેલ્સ મિક્સમાંથી ફિસ્ટલાઈન મેગ્નેશિયમ સલ્ફેટ અથવા સોલીયમ સલ્ફેટ બનાવી શકાય છે. સોલ્ટ વર્કસને ગ્રીન ટેકનોલોજીમાં પણ ફેરવી શકાય છે. મીઠાની બાય પ્રોડક્ટ પોટાસ આપણા ખેતીપ્રધાન દેશ માટે જરૂરી ખાતર માટે કાચો માલ છે.

ભાવનગર ડિસ્ટ્રિક્ટ સોલ્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશનના પ્રમુખ પ્રકાશભાઈ ગોરસિયા તથા લઘુ ઉદ્યોગ ભારતી- ભાવનગરના ઉપપ્રમુખ વૈભવભાઈ વ્યાસે પ્રાસંગિક પ્રવચન કર્યું હતુ. સી.ઈ.ડી.ના રીજીયોનલ ઓફિસર ડો. વિમલભાઈ જગડએ આભારવિધિ કરી. સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી અશોકભાઈ કોટડીયાએ કર્યું હતું.

ચેમ્બરના હોદ્દેદારો અને મેનેજીંગ કમિટીના સભ્યો, લઘુ ઉદ્યોગ ભારતી-ભાવનગરના પ્રમુખ ખોડાભાઈ જાખણીયા, મીઠા આધારિત ઉદ્યોગો તથા તેમાં રસ ધરાવનારા ઉદ્યોગ સાહસિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હોટલમાં ૨૫ દિવસ જલસો કરી ૧.૫૨ લાખનું બિલ ભર્યા વિના બે મિત્રો ફરાર

**રાજકોટ,**
નવસારીના બે ભેજાબાજ મિત્રો શાપર-વેરાવળની હોટેલને ૧.૫૨ લાખનો ચૂનોચોપડી ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. શાપરની લોડ્ર્સ હોટેલના મેનેજર મોહિત ઠાકુરે ફરિયાદમાં નવસારીના રહેવાસી ભાર્ગવ ગઢવી અને સાહીલ પરમારના નામ આપ્યા છે.

હોટલના મેનેજરે ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧ એપ્રિલે પોતે ભાર્ગવ ગઢવી હોટેલે આવ્યો હતો અને તેના ડોકયુમેન્ટસ મેળવી હોટેલનો રૂમ નં.૩૦૩ ફાળવવામાં આવ્યો હતો રૂમનું એક દિવસનું ભાડું રૂ.૨૮૦૦ નકકી કરવામાં આવ્યું હતું. એજ સાંજે સાહિલ પરમાર હોટલે આવ્યો હતો અને તેણે તેના મિત્ર ભાર્ગવ ગઢવી સાથે જ રૂમમાં રહેશે તેમ કહેતા બંને વ્યક્તિના મળી એક રૂમનું એક દિવસનું રૂ.૩૩૬૦ ભાડું નકકી થયું હતું. બંને મિત્ર ૨૫ તારીખ સુધી હોટેલમાં રોકાયા હતા. રૂમના અને જમવા સહિતનું કુલ રૂ.૧.૫૨,૫૦૪નું બિલ થતાં બંને શખ્સ હોટેલ સંચાલકોને ચકમો આપી નાસી ગયા હતા. પોલીસે બંને સામે છેતરપિંડી વિશ્વાસઘાત સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

## કોડિનારના ઘાંટવડ ગામની સીમમાં જુગાર રમતા ૧૧ શખસો ઝડપાયા

**કોડિનાર,**
કોડિનારના ઘાંટવડ ગામની સીમ વાડીમાં જુગાર રમાતો હોવાની બાતમી આધારે જીલ્લા એલ.સી.બી. ટીમે દરોડો પાડી સ્થળ પરથી રોકડ રકમ, બાઈક, મોબાઈલ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ સાથે ૧૧ શખસોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. જયારે વાડી માલિક નાશી જતા પોલીસે પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઘાંટવડ ગામની સીમ વાડીમાં વાડી માલિક ગની કાસમ સેલોત (પકડવાનો બાકી અને મમદ સુલેમાન સેલોત, ગોવિદ ટપુ બાંભણીયા, અલ્તાફ એમન ઘમરોટ, ગફાર આદમ અગવાન, હુશેન મમદ ભાદરકા, યુસુફ જમા સેલોત, હુશેનમીયા કાસમમીયા બાહરૂની, ઈકબાલ વલી અગવાન રહે. ઘાંટવડ, જાવીદખા અયુબખા પઠાણ રહે. સાઢડીધાર ઠે. નવાપરા વિસ્તાર, ફેજલ ગની સેલોત, રહે. ઘાંટવડ, ઉસ્માનખા અયુબખા પઠાણ રહે. કોડીનારના ઘાંટવડ આ તમામ શખસો ગામની સીમમાં આવેલ વાડીમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે ગીર સોમનાથ એલસીબી બ્રાંચે દરોડો પાડયો હતો. આ દરોડામાં રોકડ રકમ સહિત રૂા.૩,૦૮,૪૩૦ના મુદ્દામાલ સાથે ૧૧ શખસોને ઝડપી પાડયા હતા જયારે વાડી માલિક નાશી જતા તેને પકડી પાડવા તપાસ હાથ ધરેલ છે. પોલીસે બાર શખસો વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ભાવનગરમાં વિદેશી દારૂની ધંધાર્થી મહિલા સહિત ત્રણ પાસામાં ધકેલાયા

**ભાવનગર,**
ભાવનગર શહેર અને જિલ્લામાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી સહિતની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી એક મહિલા સહિત ત્રણ શખ્સને ભાવનગર પોલીસે પાસા હેઠળ અટકાયત કરી ત્રણેયને અલગ અલગ જેલ ખાતે મોકલી આપેલ છે.

ભાવનગર રેન્જ આઈજી અને પોલીસ અધિક્ષક દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં ઈંગ્લીશ દારૂ, મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓને લગતી અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમો વિરૂદ્ધ દરખાસ્ત તૈયાર કરી તેમની પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સૂચના આપવામાં આવી હતી. ભાવનગરના ઘોઘારોડ તેમજ ઘોઘા પોલીસ સ્ટેશન દ્વારા અગાઉ ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા એક મહિલા સહિત ત્રણ વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી

## ગોંડલના ૫૭.૪૮ લાખની ઠગાઈના ગુન્હામાં છ વર્ષથી વોન્ટેડ ઉમેશ સોલંકી પકડાયો

**આણંદ રેલવે સ્ટેશન પાસેથી રૂરલ ક્રાઈમબ્રાંચે દબોચી લીધો**

**રાજકોટ,**
ગોંડલના ૫૭.૪૮ લાખની ઠગાઈનો ગુન્હામાં છ વર્ષથી વોન્ટેડ આરોપીને રૂરલ ક્રાઈમબ્રાંચે આણંદ ખાતેથી દબોચી લીધો હતો.

જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડએ જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ઓડેદરા, પો.સબ. ઈન્સ. એચ.સી.ગોહીલ તથા પો.સ.ઈન્સ ડી.જી. બડવાની ટીમો ગોંડલ સીટી પો.સ્ટે.માં આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦ (બ), ૧૧૪ મુજબનો ગુન્હામાં છેલ્લા ૬ વર્ષથી નાસતા-ફરતા આરોપી ઉમેશ વસંતભાઈ સોલંકી રહે. મુંબઈ વીલે પાર્લે ઈસ્ટ શ્રધાનંદ રોડ રૂમ. નં.૨૦૨ બી.એમ.સી. બિલ્ડીંગ મુંબઈ મહારાષ્ટ્રને આણંદ રેલવે સ્ટેશન ખાતેથી પકડી ગોંડલ પોલીસના હવાલે કર્યો હતો. પકડાયેલ આરોપી પૂર્વઆયોજીત કાવતરૂ રચી ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં આવેલ ફરિયાદીશ્રીની આંગડીયા શાખામાં અગાઉ અવાર-નવાર આંગડીયામાં નાણા મોકલી તથા નાણા મંગાવી વ્યવહારો કરી ફરીયાદીને વિશ્વાસમાં લઈ આરોપીએ અલગ અલગ જગ્યાએ આંગડીયા કરાવી કુલ રૂ.૫૭,૪૮,૦૦૦/- રૂપિયા મેળવી લઈ નાસી ગયેલ હતો. આ કાર્યવાહીમાં રૂરલ ક્રાઈમ બ્રાંચના એ.એસ.આઈ રવિદેવભાઈ બારડ, વકારભાઈ આરબ, રોહીતભાઈ બકોત્રા, બાલકૃષ્ણ ત્રિવેદી, પ્રો. કોન્સ. પ્રકાશભાઈ પરમાર, મેહુલભાઈ સોનેરાજ, ભાવેશભાઈ મકવાણા વિગેરે જોડાયા હતા.

## મુક્ત અને ન્યાયી મતદાન પ્રક્રીયા માટે નર્મદા જિલ્લા ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજ્જ

**નર્મદા જિલ્લામાં ૪.૧૬ લાખ મતદારો ૬૧૬ મતદાન મથકો ઉપર કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે**

**(માહિતી) રાજપીપલા,**
લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે આવતી કાલે નર્મદા જિલ્લામાં ભરૂચ અને છોટાઉદેપુર બેઠક માટે મતદાન થવાનું છે, ત્યારે આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી તૈયારી અંગે માહિતી આપતા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ જણાવ્યું કે, મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાઈ તે માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમીની સ્થિતિને સ્થિતિને ધ્યાને રાખીને સવારના સમયે જ નાગરિકો મતદાન કરી લે એ માટે પણ અપીલ છે. આ ઉપરાંત હિટવેટ સામે ઓરઆરએસ, પાણી-છાંયડો, આરોગ્ય કાર્યકરની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

સમુહ માધ્યમોના પ્રતિનિધિઓ સાથે વાતચિતમાં શ્રીમતી તેવતિયાએ કહ્યું કે, ભરૂચ બેઠક માટે ૧૩ અને છોટાઉદેપુર બેઠક માટે ૬ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ગત્ત એપ્રિલ માસની સ્થિતિએ ૪.૬૧ લાખ મતદારો નોંધાયા છે. તેમાંથી ૧૫૪૩૬ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. દેડિયાપાડા અને નાંદોદ બેઠકમાં કુલ મળી ૬૧૬ મતદાન મથકો છે. તેમાંથી ૧૩૩ ક્રિટિકલ મથકો છે. ૩૦૯ મતદાન મથકો ઉપર વેબકાસ્ટિંગ કરવામાં આવશે. ૨૪ શેડો એરિયાના મથકમાં વોકીટોકીની સુવિધા રાખવામાં આવી છે.

મતદાનકર્મીઓને માહિતી આપતા તેમણે જણાવ્યું કે, ૬૧૬ મતદાન મથકો ઉપર ૩૦૮૦ મતદાનકર્મીઓ, ૫૪૪ સુરક્ષાકર્મીઓ ફરજ બજાવશે. આ તમામ મથકો માટે રિઝર્વ સહિતના ઈવીએમ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આજે મતદાનકર્મીઓ તેમના સંબંધિત મથક ઉપર જવા માટે રવાના થયા છે. આ માટે ૬૦ મોટી એસટી બસ, ૨૩ નાની એસટી બસ, ૭૬ જીપની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૨ જીપ ઈવીએમ ક્લસ્ટર માટે અને ૮૨ જીપ સેકટર ઓફિસરને આપવામાં આવી છે.

કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે, આ ચૂંટણી સર્વસમાવેશક બની રહે તે માટે દિવ્યાંગ અને ૮૫ વર્ષથી ઉપરના મતદારોને હોમ વોટિંગની સુવિધા આપવામાં આવી છે. મતદાન મથકો માટે ૧૧૪ વ્હિલચેર આપવામાં આવી છે. એસઓયુ તંત્ર દ્વારા પણ વ્હિલચેરની ફાળવણી કરવામાં આવી છે. દ્રષ્ટિહિન મતદારો માટે ૭૭૩ બ્રેઈલ વોટર ગાઈડનું વિતરણ કરવામાં આવ્યું છે.

ગ્રિષ્મ ઋતુના કારણે ગરમીના પ્રકોપથી બચવા સાથે મતદાન કરવાની અપીલ કરતા શ્રીમતી શ્વેતા તેવતિયાએ કહ્યું કે, મતદારો સવારના ભાગે જ મતદાન કરી લે ઈચ્છનીય છે. મતદારો સુતરાઉ કપડા પહેરે, પૂરતા પ્રમાણમાં પાણીનું સેવન કરે, મતદાન કરવા આવે ત્યારે બાળકને સાથે ના લાવે તેવી સલાહ છે. એસ્યોર્ડ મિનિમમ ફેસેલિટીમાં મતદાન મથકો ઉપર મતદારો બેસવા માટે મંડપની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પીવાના પાણી, ઓઆરએસ સહિતની જરૂરી દવા સાથેની કિટ આપવામાં આવી છે. આરોગ્યકર્મીઓને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. વીજ વિક્ષેપ ના થાય તેની તકેદારી રાખવા માટે પણ વીજ કંપનીના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

## પોરબંદર નગરપાલિકા તંત્ર દ્વારા અંતે બાળ સ્મશાનની સાફસફાઈ

**ચારેબાજુ ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય છવાઈ ગયું હોવાથી ધ્યાન દોરતા યુદ્ધના ધોરણે કામગીરી**

**પોરબંદર,**
પોરબંદર હિન્દુ સ્મશાન ભૂમિના અંદરના ભાગે આવેલ બાળ સ્મશાનના બે વિભાગમાં તંત્રની જાળવણીના અભાવે અઘોરચમાં ફેરવાઈ ગયું હતું અને તાત્કાલિક સાફ સફાઈ કરવામાં નહીં આવે તો પરિસ્થિતિ વધુ ખરાબ બનશે તેમ જણાવીને રજૂઆત થઈ હતી અને નગરપાલિકાના તંત્રએ આ મુદ્દે તાત્કાલિક ગંભીરતાથી પગલા ભરીને સ્મશાનમાં સફાઈની કામગીરી શરૂ કરાવી હતી.

પોરબંદરના બાળ સ્મશાનભૂમિમાં બાળકોના મૃત્યુ પછી તેના મૃતદેહની ગરિમા જળવાતી ન હતી તાજેતરમાં દાટેલા મૃતદેહને શ્વાન ખોદીને બહાર કાઢીને પોતાનું ભોજન બનાવતા હતા. હિંદુ સ્મશાન ભૂમિના બાળસ્મશાનમાં ચારેબાજુ ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. પાલિકાના તંત્રની બેદરકારીને લીધે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. અહીં બાળકોના મૃતદેહને દાટવા માટે જે ચાર વિભાગ બનાવવામાં આવ્યા છે તેમાંથી બે વિભાગમાં કુંડીઓની ફરતે અને ઉપર ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા હતા અને તેના દરવાજા તુટી ફુટી ગયા હતા તેના કારણે મૃતદેહોને દાટવામાં આવતા લોકોમાં પણ ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો. પરંતુ પાલિકાનું તંત્ર તેની જાળવણીમાં ઉદાસીન હોવાથી અહીંયા ચારેબાજુ કચરો ઉડી રહ્યો હતો તથા ઝાડી ઝાંખરાના લીધે સર્પ જેવા જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધવા પામ્યો હતો.

આથી નગરપાલિકાના તંત્રે પોતાની આળસ ખંખેરીને અહીંયા પણ વ્યવસ્થિત સાફ સફાઈ થાય તે માટે તાત્કાલિક કામગીરી હાથ ધરવી જોઈએ તેવી માંગ થઈ હતી. પોરબંદર નગરપાલિકાના ધ્યાને આ બાબતે આવતા પાલિકાના સેનિટેશન કમિટીના ચેરમેન લાખાભાઈ ખૂંટીએ હેલ્થ ઓફિસર જગદીશભાઈ ઢાંકી સહિત અધિકારીઓ સાથે ચર્ચા કરીને સફાઈ કર્મચારીઓને મોકલી આપ્યા હતા અને ઝાડી ઝાંખરાના કટીંગ સહિત મહાસફાઈ અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## કેન્સરગ્રસ્ત પતિને બચાવવા પત્નિએ જાત ઘસી નાખી છતાં ચૂડી ને ચાંદલો નંદવાયો

**પતિનાં મૃત્યુના આઘાત વચ્ચે હવે ત્રીજા સંતાનની પણ જવાબદારી આવતા સ્વમાનભેર જીવવા માટે કમર કસી**

**મોરબી,**
કહેવાય છે કે કુદરત તારી કસોટીની પ્રથા સારી નથી, જેની કસોટી કરે છે એની દશા સારી હોતી નથી. આ ઉક્તિ પ્રમાણે મોરબીના એક સામાન્ય પરિવારની એટલી હદે કસોટી કરી કે કેન્સરગ્રસ્ત પતિને છીનવી લીધા બાદ પત્ની આફતમાં મુકાઈ ગઈ, છતાં હવે ત્રણ સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે સ્વમાનભેર જીવન જીવવા કમર કસી છે.

મોરબીના સામાકાંઠે સોઓરડી પાછળ આવેલા વરિયાનગર શેરી નં.૧૧માં રહેતા ગટુભાઈ ઉર્ફે સંજયભાઈ કાંતિલાલ મકવાણા (ઉ.વ.૩૫) અને નિતાબેન (ઉ.વ.૨૮)ના લગ્નજીવનના મધુરબાગમાં પાંચ વર્ષની દીકરી અને ત્રણ વર્ષના દીકરા રૂપી બે પુષ્પ ખીલ્યા છે. ગટુભાઈ ઓછું ભણેલા, છતાં મજુરીકામ કરીને મહિને ૧૫-૨૦ હજારની કમાણી કરી પત્ની અને બે સંતાનનું સારી પેઠે ભરણપોષણ કરતા પરંતુ જાણે કુદરતને પણ ઈર્ષ્યા આવતા તેમની કસોટી ચાલુ કરી અને ગરીબ પરિવારની હસતી ખેલતી જિંદગી ઉજજડ બની ગઈ.

બન્યું એવું કે, ગટુભાઈને થોડા સમય પહેલા બ્લડ કેન્સરની બીમારી લાગુ પડી એન તાબડતોબ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. પત્ની નીતિબેનની સાથે તેમના સસરા અને પિયરજનો કોઈપણ ભોગે ગટુભાઈને સારી સારવાર મળે તેવી વ્યવસ્થા કરતા જ હતા, પણ લોહી વારંવાર ઉડી જતું અને કપરાકાળમાં લોહીની વ્યવસ્થા ન થતા ગટુભાઈની જીવનદીપ બુઝાઈ ગયો. આ પરિવાર એટલી હદે આર્થિક રીતે સાધારણ છે કે, તમામ અંતિમવિધિ પણ જ્ઞાતિજનો અને સ્નેહીજનોની મદદથી કરવામાં આવી. વળી, પત્નિ નીતાબેન પરથી દુ:ખનું આભ તૂટી પડયુ. એક તો ઘરમાં કમાનાર કોઈ ન રહ્યું અને ઉપરથી પોતે ગર્ભવતી હોવાથી તાજેતરમાં તેમને પ્રસૂતિ થઈ અને ત્રીજા સંતાનરૂપે પુત્રનો જન્મ થયો. હવે તેમના માથે ત્રણ સંતાનની જવાબદારી આવી પડી છે પરંતુ તેમણે પતિના મૃત્યુના આઘાત વચ્ચે હવે ત્રીજા સંતાનની પણ જવાબદારી આવા સ્વમાનભેર જીવવા માટે કમર કસી લીધી છે.

## મોટી ખીલોરીમાં મનોદિવ્યાંગ પુત્રની હત્યામાં પિતા-પુત્રની ધરપકડ

**ભાઈએ ધક્કો મારી પછાડ્યા બાદ પિતાએ માથામાં બેલુ મારતા થયું' તું મૃત્યુ**

**ગોંડલ,**
ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે યુવાનના કુદરતી મોત કે હત્યાની શંકાસ્પદ ગુથ્થી પોલીસે ગણતરીની કલાકોમાં જ સુલજાવી લઈ આરોપી પિતા પુત્રની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ બુધવારના પરોઢિયે ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે માનસિક બિમારીથી પીડાતા હરેશ બાબુભાઈ સોરઠીયા નામના યુવાનનું મોત નીપજતા પરિવારના ગણ્યા ગાઠિયા સભ્યોએ સાથે મળી તેની અંતિમ વિધિ કરી નાખી હતી પરંતુ યુવાનની હત્યા નીપજાવવામાં આવી હોવાની માહિતી મળતા સુલતાનપુર પોલીસ મથકના પી.એસ.આઈ રાજદીપસિંહ જાડેજા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આરોપીની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી.

પોલીસ પુછપરછમાં મૃતક હરેશના પિતા બાબુભાઈ સોરઠીયા અને ભાઈ હસમુખભાઈ કબુલાત આપતા જણાવ્યું હતું કે હરેશ માનસિક બીમારીના કારણે અવારનવાર ઝઘડા કરતો હોઈ બુધવારના પરોઢીયે ઝઘડો થતા મારામારી થઈ હતી. દરમિયાન હસમુખે હરેશભાઈને ધકકો મારતા તે નીચે પટકાયો હતો દરમિયાન બાબુભાઈએ બેલાના ઘા માથામાં મારતા તેનું મોત નીપજયું હતું અને આ હત્યાને કુદરતી મોતમાં નિપજાવી દેવા માટે પરિવારના ગણ્યા ગાંઠિયા સભ્યોએ એકઠા થઈ તેની અંતિમવિધિ પણ કરી નાખી હતી બાદમાં પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાની ગુથ્થી સુલજાવી લઈ આરોપી પિતા-પુત્રની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## સુરેન્દ્રનગરમાં બોલેરો પાછળ બાઈક ઘુસી જતા ચાલકને ઈજા

વઢવાણ: સુરેન્દ્રનગર બસ સ્ટેશનના બીજા ગેટના રસ્તા પર રાજકોટ-સુરેન્દ્રનગર રૂટની બસ પસાર થતી હતી ત્યારે પુરપાટ આવતી બોલેરો ગાડી એસટી બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. દરમ્યાન બોલેરો ગાડી પાછળ બાઈક ઘુસી જતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલકને ઈજાઓ પહોચતા ગાંધી હોસ્પિટલ સારવાર લઈ જવામાં આવ્યો હોવાની પ્રાથમીક વિગતો બહાર આવી હતી.

## લીંબડીના ગ્રામ્ય વિસ્તારમાં ચાર દિવસથી પાણી વિતરણ ઠપ્પ

**સુરેન્દ્રનગર,**
લીંબડી તાલુકાના છેવાડાના ગામમાં ઉનાળાની શરૂઆતમાં જ પીવાના પાણીની રામાયણ શરૂ થઈ છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી પાણી જ ન મળતું હોવાથી આઠથી દસ હજારની વસ્તીને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ઝાલાવાડમાં ઉનાળાની શરૂઆત થતાં શહેરી વિસ્તાર તેમાજ ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા શરૂ થઈ ગઈ છે. જેમાં ગ્રામીણ વિસ્તારોમાં તો પરિસ્થિતિ ગંભીર છે. મોટાભાગના વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. દિવસે દિવસે ગરમીનો તાપમાન પારો વધી રહ્યો છે. ત્યારે લોકોને પીવાના પાણી માટે પણ ભગવાનને પ્રાર્થના કરવી પડે છે. વહીવટી તંત્ર માત્ર કાગળ ઉપર જ પીવાના પાણીનો આયોજન કરવામાં વ્યસ્ત હોય તેવું લાગી રહ્યું છે.

લીંબડી તાલુકાના ગડથલ, નાની તથા મોટી કઠેચી સહિતના ગામડાઓમાં પીવાનું પાણી છેલ્લા ત્રણ ભાર દિવસથી આવ્યું ન હોવાના કારણે લોકોની હાડમારી વધી છે. અહીં વિઠલગઢ પાસેના સમ્પમાંથી પાણી પહોંચાડવામાં આવે છે. પણ આ વિઠલગઢ પાસેના ટ્રાન્સફોર્મરમાં કંઈક સમસ્યા સર્જાતાન પાણી વિતરણ થતું નથી. પરિણામે લોકોને આકરા ઉનાળામાં પીવાના પાણી માટે આમ તેમ ભટકવું પડે છે. બીજી બાજુ વહીવટી તંત્ર માત્ર આયોજન કરવામાં જ વ્યસ્ત છે.

## રાણપુર તાલુકામાં બાળલગ્ન થતાં અટકાવતી પોલીસ

**જાગૃત નાગરિકે જાણ કરતાં અભયમ ટીમની કાર્યવાહી**

**બોટાદ,**
બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના એક ગામમાં બાળલગ્ન કાયદાથી અજાણ પરિવારે પોતાની સગીર વયની દીકરીના લગ્ન ગોઠવતા બોટદ ૧૮૧ અભયમ ટીમ અને રાણપુર પોલીસ ટીમે બાળલગ્ન બાબતે પરિવારનો માહિતગાર કરી બાળલગ્ન થતાં અટકાવેલ હતા. બનાવ અંગેની વિગત પ્રમાણે બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના એક ગામમાં આગામી ૧૨ મેના બાળ કિશોરીના લગ્ન હતા જેની ઉંમર નાની છે. આથી તે કિશોરીના પરિવારને સમજાવવા એક જાગૃત નાગરિક દ્વારા જાણ કરાતા તાત્કાલિક ૧૮૧ અભયમ ટીમે નોડલ અધિકારી પીઆઈ મેટાલિયા તેમજ રાણપુર પોલીસ સ્ટેશનમાં તથા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી ડી.કે.જાડેજાને કેસ બાબતે જાણ કરવામાં આવેલ અને ઘટનાસ્થળે પહોંચી કિશોરી અને તેના માતા-પિતા સાથે વાતચીત કરેલ. તેઓએ જણાવેલ કે તેમની દીકરીની ઉંમર આશરે ૧૭ વર્ષ આસપાસ છે જેથી દીકરીના આધારપુરાવાની ખરાઈ કરતા જાણવા મળેલ કે દીકરીની ઉંમર ૧૭ વર્ષ અને ૧ માસ છે અને તેમના પરિવારે ૧૨ મેના દીકરીના લગ્ન ગોઠવેલ છે જેથી દીકરીના પરિવારે જણાવેલ કે અમો બાળલગ્નના કાયદાથી અજાણ હોવાથી લગ્ન ગોઠવેલ છે. આથી ૧૮૧ની ટીમ, રાણપુર પોલીસ સ્ટાફ, બાળલગ્ન અટકાયત માટેના પગલાં લઈ કિશોરીના માતા-પિતાને સમજાવેલ અને કિશોરીના માતા પિતા પાસે લેખિત બાંહેધરી લીધેલ કે અમે દીકરીના લગ્ન ઉંમર પૂરી થાય બાદ જ કરાવીશું. હાલ અમોએ આ લગ્ન બંધ રાખે છે. આમ બોટદ ૧૮૧ અભયમ ટીમ અને રાણપુર પોલીસ ટીમે બાળ લગ્ન બાબતે પરિવારને જાગૃત કરી બાળલગ્ન કરતાં અટકાવેલ હતા.

## દરેડ નજીક કારચાલકે બાઈકને અડફેટે લેતા એકનું મૃત્યુ

જામનગર: જામનગર નજીક દરેડ વિસ્તારમાં મુરલીધર પાર્કમાં રહેતા કિશનભાઈ ભટ્ટ બાઈકમાં પાછળ દીલીપભાઈ ગરોદરીયાને બેસાડીને જામનગર-લાલપુર ધોરીમાર્ગ પર દરેડ નજીક નીલગીરીની ગોળાઈ પાસેથી પસાર થઈ રહયા હતા. તે દરમ્યાન પુરઝડપે આવી રહેલી કારના ચાલકે બાઈકને ઠોકર મારી દેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલક કિશનભાઈ ભટ્ટને ગંભીર ઈજાઓ પહોચી હતી. જયારે પાછળ બેઠેલા દિલીપભાઈ ગરોદરીયા નામના યુવાનને ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ નીપજયું હતું.

# ટી ટવેન્ટી વિશ્વકપ પહેલા કેપ્ટન રોહિત શર્માની ફિટનેસે ટીમને ચિંતામાં મૂકી દીધી

**(એજન્સી)મુંબઇ,** ભારતીય ટીમ ૫ જૂનથી ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. ભારતની પ્રથમ મેચ ન્યૂયોર્કમાં આયર્લેન્ડ સામે રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૯ જૂને મેચ રમાવાની છે. એક મહિના સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં ચાહકો ઈચ્છે છે કે આઈસીસી ટ્રોફીનો દુષ્કાળ ખતમ કરે. હાલમાં સમય છે, તેથી ચાહકો ઈચ્છશે કે ત્યાં સુધી ભારતીય ટીમ સંપૂર્ણ રીતે ફિટ રહે અને આગામી વર્લ્ડ કપ માટે જોરશોરથી તૈયારી કરે. પરંતુ ટીમની જાહેરાત થતા જ ફેન્સ માટે એક ખરાબ સમાચાર આવ્યા. ટીમના કેપ્ટન રોહિત શર્મા વિશે સમાચાર છે કે તે સંપૂર્ણ રીતે ફિટ નથી.



જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાની ઈજાનો લાંબો ઈતિહાસ છે. બુમરાહ ઈજાના કારણે ૨૦૨૨ ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લઈ શક્યો ન હતો. તેણે એક વર્ષ બાદ ફરીથી પુનરાગમન કર્યું. દરમિયાન, ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની મધ્યમાં, પંડ્યા ઈજાગ્રસ્ત થયો હતો અને ટીમની બહાર થયો હતો. આ પહેલા પણ તે ઈજાગ્રસ્ત થયો હતો. આથી ભારતીય ટીમ આ બંને ખેલાડીઓને લઈને ટેન્શનમાં છે કે તેઓ અનફિટ થઈ જાય. પરંતુ આ વખતે કેપ્ટન રોહિત શર્માની ફિટનેસે ટીમને ચિંતામાં મૂકી દીધી છે.

મુંબઈ ઈન્ડિયન્સના સ્પિનર પીયૂષ ચાવલાએ કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચ બાદ કહ્યું કે તેની પીઠમાં થોડો દુખાવો છે. વાસ્તવમાં, જ્યારે રોહિત પ્રથમ દાવમાં ફિલ્ડિંગ માટે મેદાનમાં ઉતર્યો ન હતો, ત્યારે શંકા હતી કે તેને કોઈ સમસ્યા છે. મેચ પૂરી થયા બાદ પીયૂષ ચાવલાએ પુષ્ટિ કરી હતી કે તેને પીઠમાં દુખાવો છે. પીયૂષ ચાવલાએ કહ્યું કે ગંભીરતાની જરૂર નથી, કારણ કે 'હિટમેન'ને હળવો દુખાવો થઈ રહ્યો છે. તેથી કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટીમ દ્વારા રોહિત શર્માને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો.

મુંબઈ ઈન્ડિયન્સ ૧૧માંથી ૮ મેચ હારીને પહેલાથી જ બહાર થઈ ગઈ છે. આ સિવાય ટી ૨૦ વર્લ્ડ કપ શરૂ થવામાં હજુ ૪ અઠવાડિયા બાકી છે. આવી સ્થિતિમાં, તેને આરામ કરવાની અને સંપૂર્ણ રીતે ફિટ થવાની તક મળશે. તમને જણાવી દઈએ કે રોહિત શર્માએ આ સિઝનમાં ૧૧ મેચમાં ૩૨૬ રન બનાવ્યા છે, જેમાં એક સદી પણ સામેલ છે. તે આઈપીએલ ૨૦૨૪માં પોતાની ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બીજો ખેલાડી છે.

રોહિત શર્માની પીઠની સમસ્યા જૂની છે. ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી દરમિયાન પણ તેને આ પીડાનો સામનો કરવો પડ્યો હતો. ધર્મશાળામાં છેલ્લી ટેસ્ટના ત્રીજા દિવસે પણ તેને આવી જ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ તે મેદાનમાં આવ્યો ન હતો.

# અમેરિકાના કેલિફોર્નિયામાં ૯ ટ્રિલિયન રૂપિયાના ખર્ચે બન્યો બ્રિજ

**(એજન્સી)નવી દિલ્હી,** અમેરિકાના કેલિફોર્નિયામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સરકારે આવો પુલ બનાવ્યો છે. જેનો માર્ગ ક્યાંય દોરી જતો નથી. આ બ્રિજની કિંમત ૧૧ બિલિયન ડૉલર (લગભગ ૯ ટ્રિલિયન રૂપિયા) છે અને આ બ્રિજને બનાવવામાં ૯ વર્ષનો સમય લાગ્યો છે. હવે ઘણા લોકોએ આ બ્રિજને લઈને હાઈ સ્પીડ રેલ ઓથોરિટીની ટીકા કરી છે.સાન ફ્રાન્સિસ્કોથી લોસ એન્જલસને જોડવાના હેતુથી રાજ્યના લાંબા સમયથી ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો આ પુલ એક નાનો ભાગ છે.

ગયા વર્ષે કન્સ્ટ્રક્શન કંપનીએ ફ્રેસ્નો નદી પર બનેલા આ પુલનું કામ પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. આ પછી, ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્ક અને ડોગેકોઈનના સર્જક બિલી માર્કસ સહિત ઘણા લોકોએ કેલિફોર્નિયા હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીની મજાક ઉડાવી છે.એલોન મસ્ક અને બિલી માર્કસે વ્યંગ કર્યોએલોન મસ્કએ પુલના નિર્માણની જાહેરાત પછી તેના ભૂતપૂર્વ પર પ્રતિક્રિયા આપતા નિરાશા વ્યક્ત કરી હતી. તેણે રડતું ઈમોજી શેર કર્યું હતું. તે જ સમયે, બિલી માર્કસે તેની ઠ પોસ્ટમાં કહ્યું, આ અત્યાર સુધીની સૌથી નોંધપાત્ર માનવ સિદ્ધિ છે.તેમણે કહ્યું કે ૯ વર્ષ અને ૧૧ બિલિયન ડોલર પછી ૧૬૦૦ ફૂટની હાઈ-સ્પીડ રેલને ૧૬૦૦ ફૂટ ચાલવામાં લગભગ ૫ મિનિટ લાગે છે. હાઈ-સ્પીડ રેલ તેના માટે ખરેખર મોટી વાત છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પુલને પૂર્ણ કરવા માટે ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો ખર્ચ થઈ શકે છે. માર્કસે કટાક્ષમાં જવાબ આપ્યો અને કહ્યું, વાહ, ખૂબ જ સાચું.આ પુલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો એક ભાગ છેતમને જણાવી દઈએ કે આ પ્રોજેક્ટ પર ખર્ચવામાં આવેલા નાણાંમાં હાઈ-સ્પીડ રોડના પ્રથમ તબક્કા માટે પુલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. જે લોસ એન્જલસની દક્ષિણે આવેલા બેકર્સફીલ્ડથી બે એરિયાથી લગભગ ૮૦ માઈલ દૂર મર્સિડ સુધી વિસ્તરે છે. વિવેચકોએ માડેરામાં ફ્રેસ્નો રિવર વાયડક્ટની પૂર્ણતાની પ્રશંસા કરતી રેલ ઓથોરિટી દ્વારા અગાઉની પોસ્ટનો પ્રતિભાવ આપ્યો હતો, અને તેને પ્રથમ પૂર્ણ થયેલ હાઈ-સ્પીડ રેલ સ્ટ્રક્ચર્સમાંના એક તરીકે વર્ણવ્યું હતું.હાઈ-સ્પીડ ટ્રેન મ્દ્વજીહ્ન રેલ રૂટની સમાંતર દોડશેહાઈ-સ્પીડ રેલ ઓથોરિટીએ જણાવ્યું હતું કે અંદાજે ૧,૬૦૦ ફૂટ લાંબી હાઈ-સ્પીડ ટ્રેનો નદી પરથી પસાર થશે અને મ્દ્વજીહ્ન રેલરોડની સમાંતર ચાલશે. ઓથોરિટીએ બ્રિજની તસવીરો પણ શેર કરી હતી, જે દર્શાવે છે કે આ બ્રિજ કોઈ છેડેથી જોડાયેલ નથી.-

# અમદાવાદમાં મતદાન ને ધ્યાનમાં લઈ વિનામૂલ્યે બસ મુસાફરી અને પાર્કિંગ સુવિધા

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ શહેરની બે બેઠકો સહિત રાજ્યની ૨૫ બેઠકો માટે આવતીકાલે સાત મેના રોજ ગુજરાત રાજ્યમાં ત્રીજા તબક્કાની ચૂંટણી થવાની છે. ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેના માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદાતાઓને મતદાન મથક સુધી જવામાં અને મતદાન મથક પર પહોંચ્યા બાદ કોઈ હાલાકી ન થાય તેના માટે જિલ્લા કલેક્ટર અને અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા વિવિધ સુવિધાઓ માટે જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ કમિટીના ચેરમેન ધરમશી દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે સાતમીના રોજ મતદાનના દિવસે જે નાગરિકો દ્વારા ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ વોટર સ્લીપ અથવા તો પોતાની આંગળીમાં મતદાન કર્યા અંગેની શાહી બતાવશે. તેઓને છસ્જી બસમાં મફતમાં મુસાફરી કરવા દેવામાં આવશે. જેથી એએમટીએસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે વધુમાં વધુ મતદાન કરવામાં આવે અને આ તકનો લાભ ઉઠાવવામાં આવે. અત્રે નોંધનીય છે કે ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા રોજ ૭૫૦ જેટલી બસ રોડ પર મૂકવામાં આવે છે. પરંતુ આવતીકાલે લગભગ ૪૫૦ બસ ઈલેકશન ડ્યુટીમાં મૂકવામાં આવી છે. અમદાવાદ જિલ્લા અને શહેરમાં યોજાનાર લોકસભાની ચૂંટણીમાં નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરશે જેના માટે ફાળવેલા મતદાન મથકો ઉપર જવાના હોય ત્યારે વાહન પાર્કિંગને લઈ જ્યાં પેડ પાર્કિંગ છે ત્યાં પાર્ક કરવા અંગે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના કેટલાક વિસ્તારોમાં પે એન્ડ પાર્કિંગ આપવામાં આવેલું છે.

# દિલ્હીમાં ૨૫ મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાશે

**(એજન્સી)નવી દિલ્હી,** દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કામાં ૨૪ મે ના દિવસે મતદાન થવાનું છે. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જ્યારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે.

સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે અને અત્યાર સુધી કોંગ્રેસ અહીં સાત વખત ચૂંટણી જીતી ચુકી છે. કોંગ્રેસ નેતા અજય માકન ૨૦૦૪ અને ૨૦૦૯માં અહીંથી ચૂંટાયા હતા.

આ પછી ભાજપ નેતા મીનાક્ષી લેખીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં અહીં ચૂંટણી જીતી હતી.

# ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખાની વાર્ષીક સાધારણ સભા યોજાઇ



**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,** વ્યકિત નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ થશે, ઘનશ્યામ સિતાપરા ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખાની વાર્ષીક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલા વિકાસ કામોની સમીક્ષા પછી નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિના મુલ્યોનુ જતન કરી વ્યકિત નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરવામાં આવી રહ્યુ હોવાનુ સામાજીક સદભાવ સંયોજક ગુજરાત પ્રાંતના ઘનશ્યામભાઈ સિતાપરાએ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખાના પ્રમુખ તરીકે પ્રવિણભાઈ પટેલ (એરોલેમ), મંત્રી તરીકે પરિક્ષીતભાઈ શાહ તથા મહિલા સંયોજીકા તરીકે અર્ચનાબેન ભટ્ટની વરણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન જશુભાઈ દેસાઈએ કર્યુ હતુ. આ પ્રસંગે સાબરકાંઠા-ગાંધીનગર વિભાગીય મંત્રી ચંદ્રકાન્તભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. મુકેશભાઈ મોદી સહિત ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આફ્રીકાના માલીમાં ગરમીએ તોડ્યો રેકોર્ડ તાપમાન ૪૮ ડીગ્રીએ : ૧૦૦ના મોત

**(એજન્સી)નવીદિલ્હી,** ભારતમાં ગરમી દસ્તક આપી ચૂકી છે. દુનિયાના બીજા ઘણા અન્ય દેશોમાં ભારે ગરમી પડી રહી છે. પરંતુ આફ્રિકાના માલીમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બીબીસીના રિપોર્ટ અનુસાર પરિસ્થિતિ એટલી મુશ્કેલ છે કે દેશના કેટલાક ભાગમાં હવે બરફના ટુકડાની કિંમત બ્રેડ અને દૂધ કરતાં વધુ છે. રાજધાની બમાકોમાં ૧૫ વર્ષીય ફાતુમા યાતારા કહે છે કે 'હું બરફ ખરીદીને આવી છું કારણ કે અત્યારે ગરમી વધુ છે.' તાપમાન ૪૮સી સુધી વધી ગયું છે.

ભયંકર ગરમીમાં લાંબા લાંબા વિજકાપે લોકોની પરેશાનીઓને વધુ વધારી દીધી છે. ફાતુમા જણાવે છે કે લાંબા સમય સુધી વિજ કાપના લીધે ફ્રીજ કામ કરતું નથી. તે ભોજનને ફ્રિજમાં રાખવા અને હીટવેવ દરમિયાન ઠંડુ રાખવા માટે બરફના ટુકડાનો સહારો લે છે. જોકે આ કોઈ હંમેશા હલ નથી કામ કરે છે.

ગરમીની સાથે મોંઘવારી પણ લોકોની કમર તોડી રહી છે. ફાતુમા જણાવે છે કે બરફની એક નાની બેગની કિંમત ૩૦૦થી ૫૦૦ ફ્રેન્ક સીએફએ સુધી પહોંચી ગઈ છે. જ્યારે બમાકોમાં બ્રેડની કિંમત ૨૫૦ સીએફએ હોય છે. નાના કોનાત ત્રાઓરે માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની ગયું છે. કહે છે કે તેઓ અઠવાડિયામાં થોડી વારને બદલે દરરોજ રસોઈ કરવી પડે છે. તેણી કહે છે, 'અમે ઘણીવાર આખો દિવસ વીજળી વિના વિતાવીએ છીએ, તેથી ખોરાક બગડે છે અને તેને ફેંકી દેવો પડે છે.' દેશમાં વીજળીનું સંકટ એક વર્ષ પહેલા શરૂ થઈ હતી. લાખો ડોલરના દેવાના બોજથી દબાયેલી માલીની રાજ્ય વીજળી કંપની વધતી માંગને પહોંચી વળવામાં નિષ્ફળ રહી. એવા લોકો મોટી સંખ્યામાં છે જેમની પાસે બેકઅપ જનરેટર નથી કારણ કે તેમને ચલાવવા માટે ઈંધણની જરૂર પડે છે, જે ખૂબ ખર્ચાળ છે.બીબીસીના રિપોર્ટ અનુસાર માર્ચ બાદથી માલીના કેટલાક ભાગમાં તાપમાન ૪૮જ્ર થી ઉપર જઈ રહ્યું છે. ભયંકર ગરમીના લીધે ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. સૌથી વધુ અસુરક્ષિત વડીલો અને બાળકો છે. બમાકોમાં યુનિવર્સિટી હોસ્પિટલમાં ઈમરજન્સી કરનાર પ્રોફેસર યાકુબા ટોલોબા કહે છે, 'અમે એક દિવસમાં લગભગ ૧૫ લોકો હોસ્પિટલમાં ભરતી થતા જોઈ રહ્યા છીએ. ઘણા દર્દી ડિહાઈડ્રેશન (શરીરમાં પાણીની કમી) નો શિકાર છે જ્યારે ઘણા ખાંસી અને શ્વાસ સંબંધિત અન્ય તકલીફોનો સામનો કરવો પડે છે. સાવધાનીના ભાગરૂપે કેટલાક વિસ્તારોમાં સ્કૂલ બંધ કરી દેવામાં આવી છે અને મુસ્લિમ વસ્તીવાળા દેશમાં લોકોને તાજેતરમાં ખતમ થયેલા રમઝાન દરમિયાન રોઝા ન રાખવાની સલાહ આપવામાં આવી હતી.

# અમેઠીમાં મોડી રાતે બબાલ, કોંગ્રેસના કાર્યાલય પર હુમલો, વાહનોમાં તોડફોડ

**(એજન્સી)અમેઠી,** લોકસભા ચૂંટણી વચ્ચે અમેઠી એવી ઘટના સામે આવી છે જે મોટાપાયે ચર્ચામાં રહી છે. કેમ કે આ બેઠક અત્યાર સુધી કોંગ્રેસના ગાંધી પરિવારનું ગઢ મનાતી હતી. જોકે તાજેતરમાં અમેઠી ફરી એકવાર ચર્ચામાં છે અને કારણ જુદું છે. માહિતી અનુસાર અહીં કોંગ્રેસના કાર્યાલય પર તોફાની તત્વોએ મોડી રાતે હુમલો કરાયો હતો.

માહિતી અનુસાર તોફાની તત્વોએ આ હુમલો કર્યો હતો. અહીં હુમલાખોરોએ પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ મચાવી હતી અને સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું હતું જેના પગલે વિસ્તારમાં અરાજકતા ફેલાઈ હતી. જોકે હુમલો કર્યા બાદ બદમાશો ફરાર થઈ ગયા હતા. જેવી જ આ ઘટનાની જાણકારી પોલીસ મળી કે તે તરત પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસે આ હુમલા માટે ભાજપને જવાબદાર ઠેરવ્યો છે. ટ્વિટર પર પોસ્ટ કરતાં કોંગ્રેસે લખ્યું કે યુપીના અમેઠીમાં સ્મૃતિ અને ઈરાની અને ભાજપના કાર્યકરો ડરી ગયા છે. હાર ભાળી જતાં ભાજપના ગુંડાઓએ લાઠી-દંડા વડે અમેઠીના કોંગ્રેસના કાર્યાલયે હુમલો કરી દીધો. ગાડીઓમાં તોડફોડ મચાવી. અમેઠીના લોકો પર જીવલેણ હુમલો કરાયો. અનેક લોકો આ હુમલામાં ઘાયલ થયા છે. પોલીસ તંત્ર પણ મૂકદર્શક બનીને જોતું રહ્યું. આ ઘટના સાક્ષી છે કે અમેઠીમાં ભાજપ ખરાબ રીતે હારશે.

# મહેમદાવાદના વાંઠવાડીમાં સગી પુત્રી પર દુષ્કર્મ કરનાર પિતાને આજીવન કેદની સજા

**(પ્રતિનિધિ) નડિયાદ,** મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી રહેતા અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા ક્રિમિનલ માઈન્ડ ધરાવતા ઈસમે બે વર્ષ અગાઉ પોતાની સગી પુત્રી પર જાતીય અત્યાચાર ગુજાર્યો હતો. આ કેસમાં નડિયાદ કોર્ટે પિતા ને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી છે

આ બધા અંગે મળતી માહિતી મુજબ મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી રહેતા વિનોદભાઈ ઉર્ફે ડગરી ચંદુભાઈ ચૌહાણ ક્રિમિનલ માઈન્ડ ધરાવે છે તે અમદાવાદ લઠ્ઠા કાંડ સહિતના ગુનામાં સંડોવાયેલો છે તેણે પોતાની સગી દીકરીને તેણીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી તા.૨૩/૦૫/૨૦૨૨ ના રાતના સમયે પોતાના ઘરે તથા ખુલ્લી જગ્યામાં લઈ જઈને દુષ્કર્મ આચાર્યું હતું અવાર નવાર તે આવી રીતે કૃત્ય કરતો હતો પિતાના આ કૃત્યથી ત્રાસેલ પુત્રીએ પોતાના સગા પિતા વિરુદ્ધ મહેમદાવાદ પો.સ્ટે. જઈને બળાત્કાર કર્યા અંગેની ફરીયાદ આપતા મહેમદાવાદ પોલીસે ઈ.પી.કો.કલમ ૩૭૬(૨)(એફ)(એન), ૩૭૬ (ઈ), ૫૦૬(૨) કલમ મુજબનો ગુનો રજીસ્ટર કર્યો હતો અને આરોપી પિતાની ધરપકડ કર્યા બાદ તપાસ બાદ ચાર્જ સીટ નડિયાદ કોર્ટમાં મૂકી હતી

આ કેશ નડીઆદના મહે.ત્રીજા જોઈન્ટ ડીસ્ટ્રીકટ અને સ્પે.જજ (પોકસો) એસ.પી.રાહતકર ની કોર્ટમાં ચાલી જતા આજ રોજ જિલ્લા સરકારી વકીલ ધવલ.આર.બારોટ ની દલીલોને તેમજ સાહેદોના પુરાવા અને દસ્તાવેજી પુરાવાઓ વિગેરે ધ્યાને લઈ ગુનો ખૂબ જ હેવાનીયત ભરેલો અને આરોપીની અંદર રહેલ વિકરૂત માનસીકતા દર્શાવે છે આવા આરોપી જો સમાજમાં ખુલ્લા ફરે તો બીજી બહેન દીકરીઓ સુરક્ષિત રહી શકે નહી માટે આ આવા આરોપીઓને કડકમાં કડક સજા થાય તેવી જિલ્લા સરકારી વકીલ ધવલ.આર.બારોટ ધ્વારા ધારદાર દલીલ કરવામાં આવી હતી આ તમામ બાબતો ધ્યાનમાં રાખીને કોર્ટ એ આરોપીને કુદરતી બાકી જીવન સુધીની એટલે કે આજીવન કેદની સજા ફટકારી છે અને રૂપિયા ૫૧,૦૦૦ નું દંડ કર્યું છે

## પોરબંદરમાં ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા

પોરબંદરઃ પોરબંદરના નાગકા ગામના ખેડૂત વનરાજ નોધણીયાઈ રાણાવાયયા પાસેથી અમરેલીના સુડાવડા-શાપર ગામના વેપારી ધનજી મોહનભાઈ શીલુમ રૂ.૧૯,૮૬,૦૦૦ની મગફળી તથા ધાણાની ખરીદી કરી હતી. જે પૈકી રૂા.૯,૭૫,૦૦૦નો ચેક આપ્યો હતો. જે ચેક એકાઉન્ટમાં બ્લોકડ સાથે પરત ફર્યો હતો. જેથી કોર્ટે કેસ કરવામાં આવતા કોર્ટ આરોપીને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર પેટે ચુકવવા આદેશ આપ્યયો હતો.

# મુક્ત,ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન માટે ૧૮ પંચમહાલ સંસદીય ટીમ તૈયાર-જિલ્લા ચૂંટણી અધિકારી

**૧૮ પંચમહાલ સંસદીય મતવિસ્તારમાં કુલ ૧૮ લાખ ૯૮ હજાર ૨૩૪ મતદારો, ૯ લાખ ૬૭ હજાર ૫૭૪ પુરુષ અને ૯ લાખ ૩૦ હજાર ૬૩૩ સ્ત્રી મતદારો**

**ગોધરા,** આવતીકાલે ૭ મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪નું મતદાન થવાનું છે ત્યારે પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આશિષ કુમારની અધ્યક્ષતામાં જિલ્લાના પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ સાથે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારીએ ૧૮ પંચમહાલ સંસદીય મતવિસ્તાર અંતર્ગત માહિતી આપતા જણાવ્યું હતું કે, ડિસ્પેચિંગની કામગીરી અંતર્ગત મતદાન ટુકડીઓ સાંજ સુધી મતદાન મથકે પહોંચી જશે.કુલ ૨૧૦૯ મતદાન મથકો ખાતે મતદાનની પ્રકિયા હાથ ધરાશે.જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગરમીના હિસાબે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.જેમાં ૨૮૧ બુથો પર મંડપની વ્યવસ્થા, રેમ્પ, પીવાનું પાણી, શૌચાલય, વીજળી સહિત દિવ્યાંગજનો માટે ૫૩૮ જેટલી વ્હીલ ચેરની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, થર્ડ રેન્ડમાઈઝેશન યોજાઈ ગયું છે તથા વધારાના રિઝર્વ સ્ટાફની પણ ફાળવણી કરાઈ છે. પોલિંગ સ્ટાફને વેલફેર કીટ આપવામાં આવી છે.આ સાથે મતદાન મથકો ખાતે ઈજી અને મેડિકલ કિટની ફાળવણી કરાઈ છે.સવારે ૭ થી સાંજે ૬ સુધી મતદાન યોજાશે તથા મતદાન શરૂ થયા પહેલાના દોઢ કલાકે મોકપોલ યોજાશે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે ૧૮ પંચમહાલ સંસદીય વિસ્તારમાં કુલ ૧૮ લાખ ૯૮ હજાર ૨૩૪ મતદારો નોંધાયા છે જેમાં ૯ લાખ ૬૭ હજાર ૫૭૪ પુરુષ અને ૯ લાખ ૩૦ હજાર ૬૩૩ સ્ત્રી મતદારો તથા ૨૭ થર્ડ જેન્ડર મતદારો નોંધાયા છે.કુલ ૪૯ સખી મતદાન મથકો, ૦૭-૦૭ PwD અને આદર્શ મતદાન મથક તથા ૦૧ યુવા મતદાન મથક ઊભા કરાયા છે. કામગીરી માટે કુલ ૧૦,૫૪૫ મતદાન સ્ટાફની નિમણૂક કરાઈ છે.કુલ ૮,૪૩૬ પ્રિસાઈડિંગ ઓફિસર,મદદનીશ પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર તથા મહિલા પોલિંગ ઓફિસરની નિમણૂક કરાઈ છે.

આ સાથે ૧૨,૯૦૯ અધિકારી/કર્મચારીઓનું પોસ્ટલ બેલેટ થકી મતદાન કરવામાં આવ્યું છે. જિલ્લામાં સિંગલ વિન્ડો સિસ્ટમ થકી ૮૮ અરજીઓ પૈકી ૮૩ અરજીઓને પરવાનગી આપવામાં આવી છે. જિલ્લામાં સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અનેક મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા છે. સંસદીય વિસ્તારમાં ૧૦૧૭ તથા જિલ્લામાં કુલ ૭૪૦ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.જિલ્લામાં ૧૫૫૬ પોલીસ જવાનો તથા ૧૮૩૮ હોમગાર્ડ જવાનો સહિત CAPF ની ૭ કંપનીઓ અને વધારાના ડ્યુટી મુજબ પોલીસ જવાનોની પણ નિમણૂક કરાઈ છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ પંચમહાલ સંસદીય મતવિસ્તારના તમામ મતદારોને ચૂંટણીને એક પર્વના રૂપે ઉજવવા અપીલ કરી હતી તથા વધુમાં વધુ મતદારો પોતાના કિંમતી મતાધિકારનો ઉપયોગ કરે તે માટે આહવાન કર્યું હતું.આ સાથે મુક્ત,ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન માટે ૧૮ પંચમહાલ સંસદીય ટીમ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપ્યો હોવાનું જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે – વડોદરા મંડળ**

**સિગ્નલીંગ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/35/SIG-R1** **તા. 02-05-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત Sr.DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_35_SIG-R1 ની સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ તેમની અસલ/ સુધારેલી બિડ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **(1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** (1) વડોદરા મંડળઃ ADSTE-ભરૂચ-I ના અધિકારક્ષેત્રમાં 43.474 કિ.મી.-TRR(P), (2) વડોદરા મંડળ : 61 સેટ્સ (1:12 - 32 સેટ્સ અને 1:8.5 - 29 સેટ્સ) - TTR(TSR), (3) વડોદરા મંડળઃ BRCP ખાતે લાઈન નં. 5 ના 0.630 TKM CTR(P), (4) વડોદરા મંડળ : BRCP ખાતે લાઈન નં. 6 ના 0.620 TKM CTR(P), (5) ST વડોદરા સેક્શન : અવસ્થા ધોરણ પર DN કિ.મી. 309.000 - 309.900 અને DN કિ.મી. 310.000 - 310.720, કુલ 1.620 TKMS નું TRR(P), (6) ST વડોદરા સેક્શન : DN કિ.મી. 302.120 - 302.720, DN કિ.મી. 306.180 - 307.000 અને UP કિ.મી. 306.540 - 306.660, કુલ 1.540 TKMS નું TRR(P), (7) ડભોઈ-એકતાનગર સેક્શન : કિ.મી. 3/9-10, 23/4-5 અને 45/3-4 ખાતે કટ અને કવર પદ્ધતિ દ્વારા દરેક 3.0 x 1.80 M સાઈઝના 03 નંગ નવા RCC બોક્સની જોગવાઈ કરવાના એન્જિનીયરીંગ કામના સંબંધમાં સામગ્રીની આંશિક આપૂર્તિ, ખાઈઓ ખોદવા, કેબલ્સ પાથરવા, ગેંગની જોગવાઈ કરવા દ્વારા ટ્રેક માઉન્ટેડ ઉપકરણોની જાળવણી, પોઈન્ટ મશીન માટે ગેંગની જોગવાઈ કરવા સહિત ટ્રેક માઉન્ટેડ ઉપકરણો વગેરે સહિત સહાયક કામ જેવા સિગ્નલીંગના કામ. **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 85,59,748.55 **(3) જમા કરાવવાની અર્નેસ્ટમની ડિપોઝીટઃ** ₹ 1,71,200.00 **(4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.31-05-2024 ના 15:00 કલાકે અને તા.31-05-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **(5) વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-030

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે–વડોદરા**

**વિવિધ બ્રિજ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. DYCE-BR-BRC-08-2024**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રીજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નં. DYCE-BR-BRC-08-2024 કામનું નામઃ** "રતલામ ડિવિઝનના SSE (બ્રિજ) RTM ના અધિકારક્ષેત્રમાં એપોક્ષી ગ્રાઉટ અને એપોક્ષી મોર્ટાર દ્વારા તથા માઈક્રો કોંક્રિટીંગ દ્વારા PSC ટ્રેક બ્રિજીસ અને ROBs નું સમારકામ કરવાનું તેમજ CNA-BEC અને BEC-RTM સેક્શનના મુખ્ય બ્રિજીસના સાઈડ પાથવેઝને રંગવાનું કામ." **કામની અંદાજીત પડતરઃ** ₹ 21,58,963.08, **જમા કરાવવાની બીડ સિક્યુરીટીઃ** ₹ 43,200.00, **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ઓનલાઈન ટેન્ડર તા.07-06-2024 ના રોજ 15:00 કલાક પહેલા જમા કરાવવાનું રહેશે અને તે જ તારીખે 15:30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરે :** ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રિજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **વેબસાઈટ @ www.ireps.gov.in** BRC-025

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર



**AREX INDUSTRIES LIMITED**

**CIN : L99999GJ1989PLC012213**
**Regd. Office:** 612, GIDC Estate, Chattral, Tal.:Kalol, Dist.: Gandhinagar – 382 729, Gujarat, India
**Phone:** 02764- 233437 **Email** : mail@arex.in

NOTICE

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulation), notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Thursday, May 23, 2024, inter alia to consider, approve and take on record the Audited Financial Results of the Company for the year ended on 31 st March, 2024, and other matters thereto.

**For** AREX INDUSTRIES LIMITED
Dinesh Bilgi
*Managing Director*
*(DIN:00096099)*

**Place** : Chhatral
**Date** : 06.05.2024



**અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ**

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ગુજરાત રાજયમાં આગામી તા.૭.૫.૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન વધુ થાય તે માટે મતદાનને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

અમદાવાદ શહેરનો વિસ્તાર વધતા નાગરીકો નવા વિકાસ થયેલ વિસ્તારમાં સ્થાયી થયેલ છે, તેમના મતદાન મથકો વસવાટના સ્થળથી દુર હોય તેવા નાગરિકો અને અમદાવાદમાં વસતા અન્ય તમામ નાગરીકોને મતદાન માટે પ્રોત્સાહન મળે અને વધુ પ્રમાણમાં, સમય મર્યાદામાં વધુ મતદાન થાય અને લોકશાહીના પર્વની ઉજવણી થાય તેવા હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં તા.૭-૫-૨૦૨૪ના રોજ મતદાનના સમયગાળા દરમ્યાન નાગરીકો દ્વારા જો ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ, વોટર ઈન્ફર્મેશન સ્લીપની ઝેરોક્ષ કે મતદાન કર્યા બદલ મતદાતાની આંગળી ઉપર સાહીની નિશાની બતાવવામાં આવે તો તેવા મુસાફરોને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોમાં ફ્રી મુસાફરી કરવા દેવા નકકી કરવામાં આવેલ છે.

વધુમાં વધુ આ તકનો લાભ લઈ વધુ પ્રમાણમાં મતદાન કરવા વિનંતી છે.

- અ.મ્યુ.ટ્રા.સ.દ્વારા પ્રકાશિત-



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઈ–હરાજી આમંત્રિત કરતી સૂચના**

હરાજી કેટલોગ નં. **Parking-ADI-24** — કેટલોગ પહેલે થી **30/04/2024** ના રોજ IREPS પર પ્રકાશિત થયેલ છે

| અનું. નં. | લોટ નં./કેટેગરી | વિગત | હરાજીની તારીખ અને સમય | કોન્ટ્રાક્ટનો સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-ADI-DHG-MX-19-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ધ્રાંગધ્રા રેલવે સ્ટેશન** ખાતે 600 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:30 કલાકે | 03 વર્ષ |
| AA/2 | PARKING-ADI-UMN-MX-29-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **આંબલિયાસણ રેલવે સ્ટેશન** ખાતે 668.86 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:40 કલાકે | 03 વર્ષ |
| AA/3 | PARKING-ADI-BCOB-MX-16-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ભચાઉ રેલવે સ્ટેશન** ખાતે 450 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:50 કલાકે | 03 વર્ષ |
| AA/4 | PARKING-ADI-SIOB-MX-10-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **સામાખ્યાલી રેલવે સ્ટેશન** ખાતે 150 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટમાં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:00 કલાકે | 03 વર્ષ |
| AA/5 | PARKING-ADI-DNW-MX-30-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ડાંગરવા રેલવે સ્ટેશન** ખાતે 92.96 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટમાં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:10 કલાકે | 03 વર્ષ |
| AA/6 | PARKING-ADI-MSH-MX-37-23-1 (પાર્કિંગ-મિક્સડ) | **મહેસાણા રેલવે સ્ટેશન (પૂર્વ તરફ) જુની સ્ટેશન બિલ્ડીંગ પાસે** 1659.46 **ચોરસ મીટર્સ** માપના કુલ વિસ્તારના યુનિફાઈડ પાર્કિંગ પ્લોટ્સ – 1, 2, 3 અને 4 માં ત્રણ વર્ષના સમયગાળા માટે પાર્કિંગના વ્યવસ્થાપન આપવાનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:20 કલાકે | 03 વર્ષ |
| AA/7 | PARKING-ADI-NRD-MX-32-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **નરોડા રેલવે સ્ટેશન** ખાતે 360 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:30 કલાકે | 03 વર્ષ |

ADI-20

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ – અમદાવાદ, સબ ડિસ્ટ્રિક્ટ – અમદાવાદ–૩ (મેમનગર) તાલુકાના મોજે ગામ : મેમનગરની સીમના સર્વે નં.૭૦ પૈકી ની ટી.પી. સ્કીમ નંબર–૧ ના ફાઇનલ પ્લોટ નંબર–૧૩૬ ની જમીન ઉપર પંચશીલ મેમનગર કો.ઓ.હા.સો. લી. આવેલ છે જે "નવજ્યોત કોમ્પ્લેક્ષ"ના નામે ઓળખાય છે. તેમાં આવેલ દુકાનો પૈકી ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.જી/૨ ની ૨૭.૮૮ ચો.મી. યાને ૩૦૦ ચો.ફુટ બાંધકામ વાળી મિલક્ત જેના માલિક શૈલેષભાઇ ધનજીભાઇ દોમડીયા ના કબ્જા ભોગવટા અને માલિકીની આવેલ છે. સદરહુ મિલક્ત અંગેનો અમારો વેચાણ દસ્તાવેજ નં.૭૨૫૯ તારીખ ૦૯/૦૭/૨૦૦૭ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજ જેમાં લખી આપનાર તરીકે સંજય નિલકંઠભાઇ મુકાદમ અને લખાવી લેનાર તરીકે શૈલેષભાઇ ધનજીભાઇ દોમડીયાનું નામ હોય તે અસલ વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરી અમદાવાદ–૩ (મેમનગર) માં નોંધાવેલ છે તે વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશનની રસીદો ભુલથી તેમજ શરતચુક થી ખોવાઇ ગયેલ છે અને શોધવા છતાં મળી આવતા નથી. તેવું જણાવી આ મિલકતનું "નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ"ની અમારી પાસે માંગણી કરેલ છે તો ઉપરોક્ત સદરહુ મિલકત ઉપર અન્ય કોઇ શખ્સ નો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત–હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ (સાત) માં અમો એડવોકેટ ના સરનામે લેખિતમાં તે બદલના દસ્તાવેજી પુરાવા સહિતની જાણ નીચેના સરનામે રજી.એ.ડી. પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત સદરહુ મિલકત ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, દાવો કે બોજો નથી અને જો હોય તો તમામે તેમનો હક્ક હિસ્સો વેવ (જતો) કરેલ સમજી "નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ" આપીશું અને ત્યાર બાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતા એ નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૬-૦૫-૨૦૨૪

જેનીશ ડી. રૂપરેલિયા (એડવોકેટ)
દિગંત બી. કક્કડ (એડવોકેટ)
ડી.એસ. રૂપારેલિયા એન્ડ એસોસીએટ્સ
૨૦૭, કે–૧૫૮, સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ–૩૮૦૦૫૯. ફોન નંઃ ૦૭૯ - ૪૮૦૦૨૩૫૫



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઈ–હરાજી આમંત્રિત કરતી સૂચના**

હરાજી કેટલોગ નં. **Pay-Use-ADI-24** — IREPS કેટલોગ પહેલે થી **30-04-2024** ના રોજ પ્રકાશિત થયેલ છે

| અનું. નં. | લોટ નં./કેટેગરી | વિગત | હરાજીની તારીખ અને સમય | કોન્ટ્રાક્ટનો સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | PnU-ADI-UJA-Toi-6-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **ઉંઝા રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 13:30 કલાકે | 03 વર્ષ |
| AA/2 | PnU-ADI-SID-Toi-7-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **સિદ્ધપુર રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 13:40 કલાકે | 03 વર્ષ |
| AA/3 | PnU-ADI-PTN-Toi-4-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **પાટણ રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 13:50 કલાકે | 03 વર્ષ |
| AA/4 | PnU-ADI-VG-Toi-3-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **વિરમગામ રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:00 કલાકે | 03 વર્ષ |
| AA/5 | PnU-ADI-NRD-Toi-16-23-1 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **નરોડા રેલવે સ્ટેશન** ખાતે આસપાસના વિસ્તારમાં સ્ટેશન બિલ્ડીંગની પાછળ ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:10 કલાકે | 03 વર્ષ |
| AA/6 | PnU-ADI-KLL-Toi-5-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **કલોલ રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:20 કલાકે | 03 વર્ષ |
| AA/7 | PnU-ADI-BHUJ-Toi-9-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **ન્યુ ભુજ રેલવે સ્ટેશન** ખાતે (સ્ટેશન બિલ્ડીંગની અંદરની બાજુ) ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:30 કલાકે | 03 વર્ષ |
| AA/8 | PnU-ADI-MAN-Toi-10-22-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | અમદાવાદ ડિવિઝનના **મણીનગર રેલવે સ્ટેશન** ખાતે ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ યુઝ ધોરણના નોન-ડિલક્ષ ટાઈપ ટોયલેટ્સના સંચાલન અને નિભાવના કામના વ્યવસ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:40 કલાકે | 03 વર્ષ |
| AA/9 | PnU-ADI-ADI WRL-1-24-2 (ક્લૉક રૂમ્સ) | અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર ગેટ નં. 4 પાસે 54.665 ચોરસ મીટર માપના વિસ્તારમાં ક્લૉક રૂમના ઓપરેશન અને મેનેજમેન્ટ માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 13:00 - 14:50 કલાકે | 03 વર્ષ |

ADI-021

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# ગુજરાતની ૨૫ બેઠકો માટે આજે મતદાનઃ ૨૬૬ ઉમેદવારો મેદાનમાં

**(એજન્સી)અમદાવાદ,**
લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં અમદાવાદ શહેરની બે સહિત રાજ્યની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આવતીકાલે સવારે ૭:૦૦થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. ચૂંટણી પંચે મતદાન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. રાજ્યના તમામ મતદાન મથક પર ઈવીએમ અને વીવીપેટ સહિતની મતદાનને લગતી સામગ્રી પણ પહોંચાડી દેવામાં આવી છે.

ચૂંટણી મેદાનમાં ૧૯ મહિલા ઉમેદવારો સહિત કુલ ૨૬૬ ઉમેદવાર છે. મતદાન પહેલાં જ સુરતની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. હાલ અંતિમ ઘડીના પ્રચારમાં તમામ રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. ૨૫ લોકસભા બેડકમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, બારડોલી નવસારી, વલસાડનો સમાવેશ થાય છે.

આવતીકાલે સુરતની બેઠક સિવાયની રાજ્યની ૨૫ બેઠક પર લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન થશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ ખાતે મતદાન કરશે. રાણીપની નિશાન સ્કૂલ ખાતે પીએમ મોદી સવારે ૭:૩૦ વાગ્યે મતદાન કરશે. મતદાન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાત્રે નવ વાગે અમદાવાદ એરપોર્ટ ખાતે આવશે. પીએમ મોદી અમદાવાદના રાણીપ વિસ્તારના મતદાર છે જે ગાંધીનગર લોકસભા મતવિસ્તારનો ભાગ છે. ગાંધીનગર બેઠક માટે ભાજપના ઉમેદવાર કેન્દ્રીય ગૃહ અને સહકારપ્રધાન અમિત શાહ છે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ પણઆવતીકાલે મતદાન કરશે. અમિત શાહ નારણપુરા ખાતે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલ અમદાવાદના શીલજ ગામમાં મતદાન કરશે.

રાજ્યમાં કુલ ૫૦,૬૭૭ મતદાન મથક પૈકી ગ્રામ્ય વિસ્તારમાં ૩૩,૪૭૫ મતદાન મથક છે. જ્યારે



શહેરી વિસ્તારોમાં ૧૭,૨૦૨ મતદાર મથક આવેલા છે. રાજ્યમાં ૧૧૦ મતદાન મથક એવા છે જ્યાં મતદાન મથક બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તમામ મતદાન મથકોની ભૌતિક ચકાસણી કરવામાં આવી છે અને તમામ મતદાન મથકો ગ્રાઉન્ડફલોર પર આવેલા છે.

રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ એલઈડીવાન સાથે ચૂંટણી તંત્રના કર્મચારીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતી માટે ભારતના ચૂંટણીપંપ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ મોબાઈલ એપ્સ તથા ઈવીએમ અને વીવીપેટ દ્વારા મતદાનની પ્રક્રિયાના લાઈવ ડેમોન્સ્ટ્રેશન સહિતની બાબતોથી મતદારને અવગત કરાવવામાં આવ્યા છે.

ગત લોકસભા ચૂંટણીમાં ૫૦ ટકાથી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરૂષો અને મહિલાઓના મતદાનનો તફાવત ૧૦ ટકાથી વધુ હોયફ તેવા મતદાન મથકોમાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે તે માટે મતદાન જાગૃતિના ઓડિયો/વીડિયો તથા હોર્ડિંગસનું નિર્દેશક પણ આવી એલઈડીવાન પર કરવામાં આવ્યું છે.

લોકશાહીના મહાપર્વને સુપેરે પાર પાડનારા કર્મચારીઓ અને અધિકારીઓ ચૂંટણી પ્રક્રિયાના આધારસ્તંભ સમાન છે. લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ સહિત અંદાજે ૪,૫૦,૦૦૦નો સ્ટાફ ફરજ બજાવશે. જેમાં ૫૫,૮૦૦થી વધુ પ્રિસાઈડીંગ ઓફિસર્સ, ૧.૬૭ લાખથી વધુ પોલિંગ ઓફિસર્સ, ૬૩૦૦થી વધુ સેકટર ઓફિસર અને ૫૨૦૦થી વધુ માઈક્રો ઓબ્ઝર્વર્સ સહિતના અધિકારીઓ-કર્મચારીઓનો સમાવેશ થાય છે. ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્યમાં ૧.૨૦ લાખ જેટલું પોલીસ દળ ફરજ બજાવશે.

## વડાપ્રધાન મોદી આજે રાણીપ અને અમિત શાહ નારણપુરામાં મતદાન કરશે
## સીએમ ભૂપેન્દ્ર પટેલ-આનંદીબહેન પટેલ શીલજમાં મતદાન કરશે

## ગુજરાત : લોકસભાની કઈ બેઠક પર કોની વચ્ચે સીધી ટક્કર ?

| લોકસભા બેઠક | ભાજપ | કોંગ્રેસ-આપ |
|---|---|---|
| કચ્છ (એસસી) | વિનોદ ચાવડા | નીતેશ લાલન |
| બનાસકાંઠા | ડો.રેખાબહેન ચૌધરી | ગેનીબહેન ઠાકોર |
| પાટણ | ભરતસિંહ ડાભી | ચંદનજી ઠાકોર |
| મહેસાણા | હરિભાઈ પટેલ | રામજી ઠાકોર |
| સાબરકાંઠા | શોભના બારૈયા | તુષાર ચૌધરી |
| ગાંધીનગર | અમિત શાહ | સોનલ પટેલ |
| અમદાવાદ પૂર્વ | હસમુખ પટેલ | હિંમતસિંહ પટેલ |
| અમદાવાદ પશ્ચિમ(ST) | દિનેશ મકવાણા | ભરત મકવાણા |
| સુરેન્દ્રનગર | ચંદુભાઈ શિહોરા | ઋત્વિક મકવાણા |
| રાજકોટ | પરષોતમ રૂપાલા | પરેશ ધાનાણી |
| પોરબંદર | મનસુખ માંડવિયા | લલિત વસોયા |
| જામનગર | પૂનમ માડમ | જે.પી.મારવિયા |
| જૂનાગઢ | રાજેશ ચુડાસમા | હીરા જોટવા |
| અમરેલી | ભરત સુતરિયા | જેની ઠુમ્મર |
| ભાવનગર | નીમુબેન બાંભણિયા | ઉમેશ મકવાણા(આપ) |
| આણંદ | મિતેશ પટેલ | અમિત ચાવડા |
| ખેડા | દેવુસિંહ ચૌહાણ | કાળુસિંહ ડાભી |
| પંચમહાલ | રાજપાલસિંહ જાવદ | ગુલાબસિંહ ચૌહાણ |
| દાહોદ (ST) | જસવંતસિહ ભાભોર | ડો.પ્રભા તાવિયાડ |
| વડોદરા | ડો.હેમાંગ જોશી | જસપાલસિંહ પઢિયાર |
| છોટાઉદેપુર(ST) | જશુભાઈ રાઠવા | સુખરામ રાઠવા |
| ભરૂચ | મનસુખ વસાવા | ચૈતર વસાવા (આપ) |
| બારડોલી(ST) | પ્રભુભાઈ વસાવા | સિદ્ધાર્થ ચૌધરી |
| નવસારી | સી.આર.પાટીલ | નૈષધ દેસાઈ |
| વલસાડ(ST) | ધવલ પટેલ | અનંત પટેલ |
| સુરત | મુકેશ દલાલ | બિનહરીફ જાહેર |

### વિધાનસભાની પાંચ બેઠક પર કોની વચ્ચે મુકાબલો

| વિધાનસભા બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| વિજાપુર | સી.જે.ચાવડા | દિનેશ પટેલ |
| પોરબંદર | અર્જુન મોઢવાડિયા | રાજુ ઓડેદરા |
| માણાવદર | અરવિંદ લાડાણી | હરિભાઈ કણસાગરા |
| ખંભાત | ચિરાગ પટેલ | મહેન્દ્રસિંહ પરમાર |
| વાઘોડિયા | ધર્મેન્દ્રસિંહ વાઘેલા | કનુભાઈ ગોહિલ |

## શહેરના ૯૩૧ સંવેદનશીલ બૂથ પર પોલીસ ટીમ સ્ટેન્ડબાય

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાત લોકસભાની સુરત સિવાયની ૨૫ બેઠક તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટેની પાંચ બેઠક પર આવતીકાલે મતદાન છે ત્યારે ગઈકાલે સાંજથી રાજ્યમાં પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. ચૂંટણીપંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયા અંગેની તમામ વ્યવસ્થાને આખરી ઓપ આપવાનું પણ શરૂ કરી દીધું છે. મતદારો કોઈપણ પ્રકારના ડર અને પ્રલોભન વગર પારદર્શી રીતે પોતાનો મત આપે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તેમાટે પોલીસ પણ ખડેપગે તહેનાત છે. આજે રાતે સ્ટ્રોંગરૂમ પાસે પણ પોલીસ તેમજ સુરક્ષાદળના જવાનોનો બંદોબસ્ત કરાશે. ચૂંટણીમાં કોઈ ગેરરીતિ ના થાય તે માટે પોલીસે પૂરેપૂરી તૈયારી કરી લીધી છે. શહેરમાં કુલ ૧૧૬૮ બિલ્ડીંગ પરિસરમાં કુલ ૪૧૩૨ મતદાન બૂથ છે જેમાંથી ૯૩૧ સંવેદનશીલ બૂથ અને ૩૨૦૧ બૂથ નોર્મલ છે. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ તેમજ ગાંધીનગરની બેઠક માટે ખાસ પોલીસે બંદોબસ્ત કરી દીધો છે. શહેરમાં ૫૭ ફલાઈંગ સર્વેલન્સની ટીમ તેમજ ૮૬ સ્ટેટિસ્ટિકલ સર્વેલન્સ ટીમ કામ કરી રહી છે. અમદાવાદમાં વિવિધ ૬૮ પોઈન્ટ ગોઠવી દેવામાં આવ્યા છે. પોલીસની સાથે આઈટીબીપી, બીએસએફ, સીઆઈએસએફ તેમજ બીજા રાજ્યની પોલીસ અને સીઆરપીએફ પણ તહેનાત છે. રાજ્યમાં ૫૦૭૮૭ મતદાન મથક છે જેમાં ૧૩૬૦૦ મતદાન મથક સંવેદનશીલ છે. આ વખતે સંવેદનશીલ મતદાન મથકોમાં ૪૫૦ મતદાન મથકનો વધારો થયો છે. ક્રિટીકલ મતદાન મથકો માટે ૧૦ જેટલી એસઆરપી કંપનીનો ઉપયોગ કરવાનું ચૂંટણીપંચ દ્વારા નક્કી કર્યુ છે. જ્યારે ૧.૨૦ લાખ પોલીસકર્મી મતદાનના દિવસે ખડેપગે રહેશે. લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ આવરી લઈ અંદાજે ૪,૫૦,૦૦૦નો સ્ટાફ ફરજ બજાવશે. જેમાં ૫૫૮૦૦થી વધુ પ્રિસાઈડીંગ ઓફિસર્સ, ૧.૬૭ લાખથી વધુ પોલિંગ ઓફિસર્સ, ૬૩૦૦થી વધુ સેકટર ઓફિસર અને ૫૨૦૦થી વધુ માઈક્રો ઓબ્ઝર્વર્સ સહિતના અધિકારીઓ કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમજ ૧,૨૦,૦૦૦ પોલીસ ખડેપગે રહેશે. આજ રાતથી પોલીસ ખડેપગે તેનાત રહેશે અને ખાસ કરીને અમદાવાદના ૯૩૧ બૂથ જે સંવેદનશીલ છે તેમાં પોલીસ સાથે એસઆરપીની ટીમ પણ સુરક્ષામાં છે. પોલીસ કર્મચારીઓ બોડીવોર્ન કેમેરા સાથે બંદોબસ્ત કરશે. જો કોઈ બૂથ ઉપર માથાકૂટ કરશે અથવા તો મતદારોને ધમકાવવાની કોશિશ કરશે તો તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણીના પગલે પોલીસે પૂરેપૂરી તૈયારી કરી લીધી છે અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે મક્કમ છે. અમદાવાદ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એટીએસ સહિતની ટીમ ગુનાહિત કૃત્યને અંજામ આપનાર તત્ત્વ વિરૂદ્ધમાં પણ લાલ આંખ કરી રહ્યા છે.

## છોટા ઉદેપુરમાં દેવલીયા પાસે અકસ્માતમાં ત્રણના મોત

**(એજન્સી)છોટાઉદેપુર,**
છોટા ઉદેપુરમાં દેવલીયા પાસે અકસ્માતમાં ત્રણના મોત નીપજ્યા છે. મોડી રાત્રે થયેલા અકસ્માતમાં બાઈક સવાર ત્રણના મોત થયા છે. બોલેરોએ ટક્કર મારતા અકસ્માત સર્જાયો તો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા છે. આ ઉપરાંત અકસ્માતના પગલે બાઈક ફંગોળાઈને રસ્તાની જોડેની ઝાડીઓમાં ફેંકાઈ ગયું હતું. આ ઉપરાંત બોલેરો પણ અકસ્માતના પગલે નજીકની ઝાડીઓમાં ફેંકાઈ ગઈ હતી. તેના લીધે બોલેરોમાં બેઠેલા લોકો પણ ઈજા પામ્યા છે. અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી. સ્થાનિકોની મદદના કારણે કેટલાય લોકોના જીવ બચી શક્યા હતા. ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી.

## ૪૦૦થી વધુ દુકાનો પર મીઠાઈ અને ફરસાણ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ

**(એજન્સી)અમદાવાદ,**
શહેરના માવા-મીઠાઈ ફરસાણ એસોસિએશને મીઠાઈ સહિત ફરસાણ પણ આવતીકાલ માટે ૭ ટકા ડિસ્કાઉન્ટ આપ્યું છે. એટલે કે આવતીકાલે મતદાન કરો અને અમદાવાદની મીઠાઈ અને ફરસાણની દુકાનો પરથી ૭ ટકા ડિસ્કાઉન્ટ સાથે તમને ભાવતી વસ્તુ ખરીદો. શહેરમાં એસોસિએશન સાથે ૪૦૦થી વધુ વેપારીઓ જોડાયેલા છે. આ તમામ દુકાનો પર મતદાન કરનારા મતદારોને ૭ ટકા ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવશે. ત્યારે આવતીકાલે મતદાન કરીને તમે શહેરના માવા-મીઠાઈ ફરસાણ દુકાનમાંથી મીઠાઈ સહિત ફરસાણની આઈટમ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ સાથે તમારી મનપસંદ મીઠાઈ કે ફરસાણ ખરીદી શકો છો. ગુજરાતભરમાં આવતીકાલે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે મતદારો વધુને વધુ મતદાન કરે તે માટે અમદાવાદના માવા-મીઠાઈ અને ફરસાણા એસોસિએશન ધ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.



લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનને લઈ અમદાવાદમાં ચૂંટણીપંચ દ્વારા અધિકારીઓને ઈવીએમનું વિતરણ કરાયું હતું.( **તસવીરઃ જયેશ મોદી** )

## આજથી ૪ દિવસ ગરમી ૪૨ થી ૪૩ ડીગ્રી વચ્ચે રહી શકે

**(એજન્સી)અમદાવાદ,**
અરબી સમુદ્ર તરફથી ફૂંકાયેલા ભેજવાળા પવનની અસરથી અમદાવાદ સહિત રાજયના વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાદળીયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. પરંતુ લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર ન થતાં બફારાનું પ્રમાણ વધ્યું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ રવીવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ગગડીને ૩૯.૨ અને લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રી રહયું હતું. આમ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત રહયો હતો. ૭થી૧૧ મે દરમ્યાન અમદાવાદમાં ગરમીનો પારો ૪૨થી ૪૩ ડીગ્રી રહેવાની શકયતા છે.

## મતદાન પૂર્વે અમદાવાદમાં સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**(એજન્સી)અમદાવાદ,**
લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન આવતીકાલે છે ત્યારે આજે અમદાવાદની અનેક સ્કૂલોને ઈ-મેઈલમાં બોબથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે. રશિયન સર્વરથી ધમકી મળી હોવાનું અનુમાન છે જેને લઈને પોલીસ તેમજ સુરક્ષા એજન્સીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. થોડા સમય પહેલાં દિલ્હીની એક પછી એક સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાના મેઈલ આવ્યા હતા. જે બાદ તંત્ર હરકતમાં આવી ગયું હતું. અમદાવાદની સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળતાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એટીએસ, સાફબર ક્રાઈમ સહિતની ટીમ એલર્ટ થઈ ગઈ છે ત્યારે સવારથી પાંચથી વધારે સ્કૂલમાં બોમ્બ સ્કવોર્ડ અને ડોગ સ્કવોર્ડ તપાસ શરૂ કરી હતી.

આજે સવારે ઘાટલોડિયાના અમૃત વિદ્યાલય, શાહીબાગ ડફનાળા ખાતે આવેલી આર્મી પબ્લિક સ્કૂલ તેમજ સોલા ખાતે આવેલી એક સ્કૂલમાં ઈ-મેઈલ આવ્યા છે. મેઈલમાં સ્કૂલનો બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી છે. સ્કૂલના સંચાલક દ્વારા પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી જેને લઈને તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. એક બાજુ શહેરમાં ચૂંટણીને લઈને લોખંડી સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. ત્યારે સ્કૂલોમાં મેઈલ મળતાની સાથે જ પોલીસ તંત્ર એકશન મોડ પર આવી ગયું છે. એક પછી એક સ્કૂલમાં મેઈલ મળતાંની સાથે જ પોલીસ તેમજ બોમ્બ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડ, સુરક્ષા એજન્સી સ્કૂલોમાં પહોંચી ગઈ હતી.

આ મામલે સાયબર ક્રાઈમના ડીસીપી લવિના સિંહાએ જણાવ્યું છે કે, બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના મામલે હજુ કાંઈ સ્પષ્ટ થયું નથી ત્યારે તપાસ ચાલુ છે. આ સાથે પોલીસ કંટ્રોલ રૂમના ડીસીપી કોમલ વ્યાસે જણાવ્યું છે કે, સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના ઈ-મેઈલ મળ્યા બાદ શાળા સંચાલકોના ફોન આવ્યા છે જેમાં પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. પાંચથી વધુ સ્કૂલોને ઈ-મેઈલ કરીને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. સવારથી પોલીસ તેમજ સુરક્ષા એજન્સીઓએ અલગ અલગ સ્કૂલમાં જઈને સઘન ચેકિંગ શરૂ કર્યું હતું.